ફળકથન

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ અ,લ,ઈ

એનિમલ ફોડર્સ તેમજ કૃષિ સંબંધિત -ધંધા વ્યવસાય ના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. જાહેર ક્ષેત્રની વ્યક્તિ, કે સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું લાભકારી રહેવાના સંયોગો. ઔદ્યોગિક ક્ષેત્રનાં જાતકો માટે આ સપ્તાહે આકસ્મિક લાભ મળવાના સંયોગો. મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારું રહેશે. ૨૬, ૨૭ એપ્રીલ મધ્યમ જણાશે.

## વૃષભ બ,વ,ઉ

તમામ પ્રકારની સરકારી વિદ્યાલય તેમજ ખાનગી વિદ્યાલય સાથે સંલગ્ન શિક્ષક ગણ તેમજ કર્મચારી વર્ગ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વ્યવસ્થા તંત્ર તથા ખાનગી મેનેજમેન્ટ ફર્મના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી જણાશે. અનેક નવી તકો મળવાની સંભાવના. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાનાં વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતકો માટે હળવું લાભકારી સપ્તાહ. સરકારી તથા ખાનગી કર્મચારીઓ માટે મધ્યમ સપ્તાહ. સગા તથા સ્નેહીજનો વચ્ચે હળવો ખટરાગ થવાના સંયોગો. વિદ્યાર્થી ગૃહિણી તથા નિવૃત્ત માટે ઉત્તમ સપ્તાહ. ૨૩ તથા ૨૫ એપ્રીલ મધ્યમ રહેશે.

## મિથુન ક,છ,ઘ

આ સપ્તાહે ધંધા વ્યવસાયમાં લાભ થવાના સંયોગો. તમામ પ્રકારના કન્સલ્ટિંગ ફર્મ્સ ના જાતકો તેમજ તમામ પ્રકારના લીગલી સર્વિસ બિઝનેસ માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. રિયાલ્ટી ક્ષેત્રે હજુ ચડાવઉતાર રહેશે. સંભાળીને કામકાજ કરવા. અન્ય ઔદ્યોગિક એકમ એવમ વ્યાપાર-વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત એવમ હળવું લાભદાયક જણાશે. નાના તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થવાના સંયોગો. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મીઓ તથા છાત્રો માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. ૨૫ તથા ૨૬ એપ્રીલ સાધારણ નીવડશે.

## કર્ક ડ,હ

પ્રવાહી આહાર, પ્રવાહી જ્વલનશીલ ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ અતિ વ્યસ્ત તથા લાભદાયક નીવડશે. ફેશન તેમજ ફેબ્રીક, રેડીમેડ ગારમેન્ટ રીલેટેડ ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે હળવું લાભદાયી સપ્તાહ. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમ તથા વાણિજયના એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તેમજ લાભદાયી રહેશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો મળવાની પણ સંભાવનાઓ. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ વ્યસ્ત ત્થા હળવું લાભદાયક નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા-કર્મીઓ, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. ૨૭ એપ્રીલ સાધારણ રહેશે.

## સિંહ મ,ટ

આ સપ્તાહે, લાંબા સમયથી વણસી ગયેલા સંબંધોમાં સમાધાન સુમેળ થવાના સંયોગો. શેર બજાર તથા કોમોડીટીના જાતકો માટે હજુ, આ સપ્તાહ હળવું લાભદાયી રહેશે. ગ્રેઈન મર્ચન્ટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ વિશેષ લાભકર્તા નીવડશે. આ સિવાયના ઔદ્યોગિક- વ્યાપાર કે વણિજ ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ આર્થિક રીતે અર્ધ લાભકારક તેમજ વ્યસ્ત રહેશે. સરકારી કર્મચારી વર્ગ માટે આ સપ્તાહે બઢતીની સંભાવનાઓ. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત અને સાનુકૂળ નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થીઓ આ સપ્તાહ લાભકારી નીવડશે. ૨૬ એપ્રીલ સરેરાશ રહેશે

## કન્યા પ,ઠ,ણ

તમામ ઔદ્યોગિક એકમ વાળા જાતકોને આ સપ્તાહ દરમિયાન અનેક નવી તકો મળશે, વ્યસ્ત રાખશે, સાથે આર્થિક રૂપે લાભકારી નીવડશે. જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતકો (( સ્ટાર સેલેબલ પર્શન)) માટે આ સપ્તાહ થોડું પ્રતિકૂળ જણાશે. જથ્થાબંધ ગ્રેઈન ગ્રોસરીનાં વ્યાપારી માટે આ સપ્તાહ વ્યસ્ત ત્થા લાભદાયી નીવડશે. અન્ય, વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતકો માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર ના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ માટે પ્રતિકૂળ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. ગૃહિણી તથા મહિલા કર્મચારીઓ માટે આ સપ્તાહ સારું રહેશે. ૨૨, ૨૩ એપ્રીલ મધ્યમ રહેશે.

## તુલા ર,ત

રીસાઈકલીંગ એકમના જાતકો તથા પોલીમર્સ અને તેને રીલેટેડ પ્લાસ્ટિક, સ્પોંજ તથા ફોર્મ જેવા તમામ ઉત્પાદના વ્યાપારી, ઔદ્યોગિક એકમના જાતકો આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે પણ આ સપ્તાહ લાભકારી નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું એવમ હળવું લાભદાયક રહેશે. અતિ પરિશ્રમ વાળા વ્યાપાર-વણિજના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી, વ્યસ્ત નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૩ એપ્રીલ સામાન્ય રહેશે.

## વૃશ્ચિક ન,ય

જાહેર ક્ષેત્રની સેલેબલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ વિશેષ લાભદાયી રહેશે. સાહિત્યકારો, સંત-મહાત્માઓ માટે પણ આ સપ્તાહ લાભકારી નીવડશે. બેંકિંગ - વીમા જેવા સર્વિસ બિઝનેશના જાતકો માટે આ સપ્તાહ અનેક તકો વાળું ત્થા લાભકર્તા નીવડશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ ફાયદાકારક તથા પ્રગતિકારક નીવડશે. વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ અર્ધ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારી વર્ગ માટે આ સપ્તાહે બઢતી બદલી ની સંભાવના. તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ વ્યસ્ત તથા સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ લાભકારી. ૨૬ એપ્રીલ અર્ધ-સાનુકૂળ નીવડશે.

## ધન ભ,ફ,ધ,ઢ

ઉતાવળવૃતિ તથા ત્વરીત પ્રતિક્રિયા પર નિયંત્રણ રાખવું. સાથો સાથ આરોગ્ય બાબતે વિશેષ સંભાળ રાખવી. રેસ્તોરાં, હોટેલ તથા ટ્રાવેલ એજન્સીઝના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. જથ્થાબંધ તેમજ વિદેશ વ્યાપાર તેમજ વિદેશ સંબંધિત ઉત્પાદના તમામ વ્યાપારી એકમના જાતકો માટે બહુ લાભવંતુ સપ્તાહ. અન્ય વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારી જણાશે. ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તથા સાનુકૂળ નીવડશે. સરકારી કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ સાથે બદલીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ લાભકારી. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૪ તથા ૨૬ એપ્રીલ સાધારણ રહેશે.

## મકર ખ,જ

સર્વિસ બિઝનેસ તેમજ મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મસના જાતકો માટે ભાગદોડ વાળુ સપ્તાહ. જેટલી આવક તેટલી જ જાવક રહેવાના સંયોગો. ખાદ્ય તેલ તેમજ પ્રવાહી જવલનશીલ પદાર્થો તથા કોલસા સંબંધિત ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતકો લાભકારી સપ્તાહ. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. અન્ય ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી માટે અર્ધ-લાભદાયી સપ્તાહ. ૨૧, ૨૩ એપ્રીલ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

## કુંભ ગ,શ,ષ

પેટ્રોલિયમ ઉત્પાદ તથા અન્ય પ્રવાહી કે ઘન જવલનશીલ પદાર્થ તથા ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ અર્ધ પ્રતિકૂળ સપ્તાહ. ધંધા વ્યવસાયના પેંડીગ પડેલા કામકાજ પુરા થઈ જવાના સંયોગો. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ રહેશે. અન્ય ઔદ્યોગિક એકમ તથા વાણિજયના એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી રહેશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો આવવાની પણ સંભાવનાઓ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમ્યાન આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગો. સગા સ્નેહી તથા મિત્રો સાથે તનાવ વાળુ વાતાવરણ રહે. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે હળવું લાભદાયી સપ્તાહ. ૨૧, ૨૨ એપ્રીલ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

## મીન દ,ચ,ઝ,થ

લેખન તથા સાહિત્ય ક્ષેત્રે તથા અખબાર કે અન્ય પ્રસાર માધ્યમ સાથે જોડાયેલા જાતકો તથા પેકિંગ ફૂડ, કેનિંગ ફૂડ એકમના જાતકો માટે માટે હળવું પ્રતિકૂળ સપ્તાહ. તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા જાતકો- શિક્ષકો, કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું વ્યસ્ત તથા ધમાલિયું જણાશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ આંશિક પ્રતિકૂળ નીવડશે. તમામ વ્યાપારી વર્ગ માટે આ સપ્તાહ હળવું લાભદાયી જોવા મળશે. જથ્થાબંધ વ્યાપાર સાથે સંકળાયેલ જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત જણાશે. સરકારી કર્મચારીઓ માટે મધ્યમ સપ્તાહ. ઉચ્ચાધિકારીઓ વિશેષ કાળજી રાખવી. ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સાનુકૂળ સપ્તાહ. ૨૬ એપ્રીલ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

# ધો.૧ માટેની પૂર્વ તૈયારી રૂપે મળતું આનંદમય શિક્ષણ એટલે 'બાલવાટિકા'

**નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે બાલવાટિકામાં તારીખ ૨-૬-૧૮ થી ૧-૬-૧૯ વચ્ચે જન્મેલ બાળકને પ્રવેશ મળશે જ્યારે, ધોરણ-૧ માં તારીખ ૨-૬-૧૭ થી ૧-૬-૧૮ વચ્ચે જન્મેલ બાળકને પ્રવેશ મળશે**

**અગાઉ ૩૧ ઓગસ્ટ સુધી છોકરા અને ૩૦ સપ્ટેમ્બર સુધી છોકરીઓને ધો.૧ માં પ્રવેશ અપાતો હતો, જે ગત વર્ષથી ૧લી જુને ૬ વર્ષ પૂર્ણ થયા હોય તેને જ અપાતા, પ્રવેશ ન મેળવનાર માટે સરકારે બાળવાટિકા શરૂ કર્યુ હતું : આંગણવાડી કે પ્રિ-સ્કૂલના ૪ થી ૬ વર્ષના મહત્વના ત્રણ વર્ષ શ્રવણ-કથન-કૌશલ્યો સાથે પ્રવૃત્તિમયે શિક્ષણ અપાશેઃ ગયા વર્ષે બાળવાટિકામાં પણ બન્ને સત્રના અલગ પુસ્તકો બહાર પાડ્યા હતા**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે ગયા વર્ષે જૂન-૨૦૨૩ થી ઘણા નવા નિયમો શિક્ષણમાં આવતાં પ્રવેશમાં ઘણો બદલાવ આવેલો, જે ધો.૧ થી જ જોવા મળ્યો હતો. આઝાદી પછી પ્રથમવાર અર્લી ચાઈલ્ડ એજ્યુકેશનના ભાગરૂપે ૪ વર્ષથી જ આંગણવાડી કે પ્રિ-સ્કૂલ જેવો અભ્યાસક્રમ સરકાર દ્વારા ચલાવાનું શરુ કર્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપે ગયા વર્ષથી જ બાળવાટીકા અભ્યાસક્રમ શિક્ષણ વિભાગે શરૂ કર્યો હતો. ગયા વર્ષે નવા નિયમને કારણે ધોરણ- ૧ માં સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો પણ આ વર્ષે ગત વર્ષના બાલવાટીકાના તમામ બાળકો ધોરણ પહેલામાં આવતા, પહેલા ધોરણ ની સંખ્યા સારી રહેશે પણ, ગત વર્ષના ધોરણ ૧ ના બાળકો ધોરણ બીજામાં પ્રવેશ મેળવતા તે ધોરણની સંખ્યા ઘટશે, આવી રીતે દર વર્ષે એક- એક ધોરણ આગળ જતા ધોરણ ૮ સુધીમાં તમામ વર્ગખંડોમાં સંખ્યા સેટ અપ બરોબર થઈ જશે. મોટા ધોરણના બાળકોને પણ વાંચતા-લખતા ન આવડતું હોવાનું ધ્યાને આવતા નિપુણ ભારત અંતર્ગત ૨૦૨૭ સુધીમાં ધો.૩ સુધીના તમામ છાત્રોને વાંચન-ગણન અને લેખન કૌશલ્યોમાં નિપુણતા લાવવા નિપુણ ભારત અન્વયે લક્ષ્યાંક આપ્યો છે.

ગયા વર્ષે જુન-૨૦૨૩ માં ૧લી જુને જેને ૬ વર્ષ પૂર્ણ થયા હતા, તેને જ ધો.૧ માં પ્રવેશ આપવાનો નિર્ણય કરતા ઘણા બાળકો આ નિયમમાં ન આવતાં તેને માટે સરકારે બાળવાટિકાનો નવા અભ્યાસક્રમ જુનથી ડિસેમ્બર અને જાન્યુઆરીથી મે સુધી બે સેમેસ્ટરમાં આ બાળકોને પ્રવૃત્તિમય શિક્ષણ સાથે ધો.૧ માટે અત્યારથી જ પાયો પાક્કો કરાવ્યો હતો જે આ વર્ષે પણ ચાલુ રહેશે. અગાઉના નિયમોમાં ૩૧ ઓગસ્ટ સુધી છોકરા અને ૩૦ સપ્ટેમ્બર સુધી છોકરીના નામ ધો.૧ માં લખી શકતા હતા, જે નિયમમાં બદલાવ કરીને પ્રવેશ નિયમો સુધારાયા હતા. પાયાનું શિક્ષણ નબળું રહેતા હવે નવી શિક્ષણ નીતિમાં ૪ વર્ષથી જ આંગણવાડી કે પ્રિ-સ્કૂલ જેવા માળખામાં પ્રવેશ આપીને ધો.૧-૨ માટે સંપૂર્ણ તૈયાર કરાશે, એટલે જ રાષ્ટ્રીય શિક્ષણ નિતિમાં પ્રથમ પાંચ વર્ષના ફેઝમાં ત્રણ વર્ષ પ્રિ-સ્કૂલના અને બે વર્ષ ધો.૧-૨ ના ગણાશે. આ ગાળા દરમ્યાન શ્રવણ-કથન અને લેખન-વાંચન કૌશલ્યો પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનસમજથી વિકસાવાશે.

સમજ સાથેનું વાંચન અને પાયાના ગણનમાં નિપુણતા લાવવા અને અર્લી ચાઈલ્ડ એજ્યુકેશનના ભાગરૂપે આઝાદી પછીની આ સૌથી મોટી નિપુણ ભારતની પહેલ છે. પાયાથી જ માતૃભાષા સાથેના શિક્ષણમાં હિન્દી-અંગ્રેજીનું શ્રવણ-કથન કરાવતા છાત્રોમાં સમજદારી વધારો અને પ્રારંભથી જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે પ્રાથમિક શિક્ષણનો પાયો પાક્કો થશે. હવે ચાર વર્ષના બાળકને દરેક સ્કૂલ ઓન રેકોર્ડ જનરલ રજીસ્ટરમાં નામ નોંધી શકશે.



આપણાં બંધારણમાં ૬ થી ૧૪ વર્ષના દેશના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઇ છે, તેનો મતલબ ધો.૧ થી ૮ ફ્રિ શિક્ષણ છે, પણ હવે પ્રારંભિક બાળ શિક્ષણ અને સંભાળ અંતર્ગત પ્રિ-સ્કૂલ-આંગણવાડી અને બાળ વાટિકા આવતા તે વય ૪ થી ૧૪ થઈ જશે. જેને માટે શિક્ષકોને તબક્કાવાર તાલિમ પણ અપાઈ રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ જોગવાઈથી દેશના શિક્ષણ ઉપર ઘણી સારી અસર થઈ છે, કારણ કે કોઈપણ બાળકનો પાયો પ્રારંભથી જ પાક્કો થશે.

બાળવાટિકાના પુસ્તકોમાં વિદ્યાર્થીઓ માટે વિવિક પ્રવૃત્તિની બુક સરકારે જ આપી છે. જેમાં આડી-ઉભી-ત્રાસી લીટી સાથે સંખ્યા કે અક્ષરોના વણાંક માટેની વિવિધ પ્રવૃત્તિ આપી છે. ગણન પ્રક્રિયા માટે સુંદર ચિત્ર સમજ સાથેની પ્રવૃત્તિ બાળક જાતે કરતાં તેનામાં સમજ વધતા તેને ભણવાની હોંશ જાગે છે. સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે વિવિધ શિક્ષણ ટેકનીકનો સમન્વય થતાં હવે બાળકો પાયાનું શિક્ષણ ગુણવત્તાસભર શિક્ષણના વાતાવરણમાં મેળવી શકશે. કક્કો, સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી જેવી સામાન્ય સમજ પોતે જાતે શિખતા હોવાથી તે ચિરંજીવી રહે છે. છ વર્ષથી લગભગ તમામ શાળા માતૃભાષાના શિક્ષણ સાથે અધર લેંગ્વેજ હિન્દી-અંગ્રેજી પણ શિખડાવવા લાગ્યા હોવાથી બાળકને માતૃભાષા સાથે અન્ય ભાષાનો મહાવરો પણ મળે છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ભાગરૂપ પ્રારંભિક બાળ શિક્ષા અને સંભાળ અંતર્ગત ૪ થી ૮ વર્ષના પ્રથમ પાંચ વર્ષના ગાળામાં પ્રિ-સ્કૂલના પ્રવૃત્તિમય શિક્ષણ સાથે ધો.૧-૨ નો પાયો પાકો કરાશેઃ ૨૦૨૭ સુધીમાં ધો.૩ સુધીના તમામ બાળકોને વાંચન, લેખન અને ગણન કૌશલ્યો વિકસાવાશેઃ સમજ સાથેનું વાંચન અને પાયાના ગણનમાં નિપુણતા માટેની રાષ્ટ્રીય પહેલ દેશે નિપુણ ભારત અભિયાનમાં કરી છે**

જન્મથી ત્રણ વર્ષ પૂર્ણ થયેલ બાળક ઘરના વાતાવરણમાંથી ઘણું શિખીને પ્રિ-સ્કૂલમાં નર્સરી, લોઅર કેજી અને હાયર કેજીના માળખામાં ત્રણ વર્ષ શિક્ષણ લેતા તે ઘણું બધુ જાતે શિખવા લાગે છે. મૌખિક અભિવ્યક્તિની ખીલવણી સાથે પ્રવૃત્તિમય-આનંદમય શિક્ષણ નાના બાળકોને સ્વ-અધ્યયન તરફ દોરી જાય છે. આજ વસ્તું હવે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રારંભિક બાળ શિક્ષણ અને સંભાળના પાંચ વર્ષના પ્રથમ તબક્કામાં સમાવેશ થતાં તેને કાયાકિય રૂપ મળતા છાત્રોને ઘણો જ લાભ થશે. પાંચ વર્ષના અંતે બાળક લખતો, ગણતો અને વાંચતો થઈ જવાથી તેને આગળના અભ્યાસ માટે સરળતા રહે છે.

વય-કક્ષાની સાથે રસ-રૂચી-વલણોને ધ્યાને લઈને બનાવેલા આ બાળવાટિકાના અભ્યાસક્રમમાં ઘણુ માઈક્રોપ્લાનિંગ શિક્ષણ વિભાગે કરેલ હોવાથી અને તેની તાલિમ શિક્ષકોને અપાતા છાત્રોના સંર્વાગી વિકાસમાં ધારી સફળતા મળશે. એમાં બે મત નથી. કોઈપણ બાળકને વાંચતા-લખતાને ગણતા આવડી જવાથી તેને આગળ ભણવાની હોંશ વધતા તે જાતે ભણતો થાય છે. સ્વ-અધ્યયનનું મહત્વ આજના શિક્ષણમાં અતિ મહત્વનું છે. કક્કો-બારાક્ષરી, ૧ થી ૧૦૦ સંખ્યા સાથે ગણનમાં સરવાળા-બાદબાકી અને ચિત્ર જોઈને તેનું વર્ણન કરતાં છાત્રોને ઘણો આત્મવિશ્વાસ વધે છે. ચિત્રોમાં રંગપૂરણી સાથે પર્યાવરણની સમજની વિવિધ પ્રવૃત્તિ કરતાં બાળકને શાળાએ આવવું ગમશે. બાળવાટિકાની શિક્ષણ માટેની આવૃત્તિ પણ સરકારે બહાર પાડી છે, જેમાં આ બાળકોને કેમ ભણાવવું તેની સમજ-પ્રવૃત્તિ આપી છે.

## અબતક પંચાગ

### તા.૨૧-૪-૨૦૨૪ રવિવાર

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૫ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | ચૈત્ર શુદ તેરશ અનંત ગયોદશી અમૃત સિધ્ધ યોગ |
| **નક્ષત્ર** | ઉત્તરાફાલ્ગુની |
| **યોગ** | વ્યાધાન **કરણઃ** કૌલવ |
| **સુર્યોદય** | ૬.૨૪ **સુર્યાસ્તઃ** ૭.૦૯ |
| **ચંદ્ર રાશી** | કન્યા |
| **રાશિ અક્ષર** | પ.ઠ.ણ |
| **દિશાશૂળ** | પશ્ચિમ દિશાતરફ |
| **રાહુકાળ** | સાંજે ૪.૩૦ થી ૬ |
| **દિવસનાચોઘડીયા** | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| **રાત્રીનાચોઘડીયા** | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૧ થી ૧.૧૧ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | | | | ૪ | | | ૧ |
| ૫ | ૬ | ૯ | | | | | | |
| | | | ૯ | | ૫ | ૭ | ૬ | ૨ |
| | ૧ | | ૫ | | ૬ | | | ૯ |
| ૭ | | ૮ | ૩ | | ૯ | | | ૪ |
| | | ૫ | ૪ | ૮ | | ૩ | | |
| | | | | | | | | |
| | | ૨ | ૧ | | ૩ | ૮ | | |
| | ૫ | | ૨ | | | ૧ | ૭ | ૩ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૮ | ૪ | ૧ | ૭ | ૨ | ૫ | ૯ |
| ૪ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ | ૧ | ૭ | ૮ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૭ | ૮ | ૩ | ૯ | ૬ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૭ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૮ | ૯ | ૨ | ૪ | ૬ | ૧ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૪-૨૦૨૪ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (બેય યાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નજાકત એ લોકી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ(ડો.વિશાલ પોપટાણી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઇ પે ચર્ચા(પ્રેગ્નન્સી ડો.સંજય દેશાઇ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે. સ્ટોરી (મોબાઈલ સાઈબર સિક્યુરિટી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મસ્તી રહે તો LIFE હસ્તી રહે)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ ને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૦:૩૦ ચાઇ પે ચર્ચા (જૈન જીવન ની જડી બુટી)
૧૦:૩૦ થી ૧૨:૦૦ કાલાકુંભ

**તારીખ ૨૧-૦૪-૨૦૨૪ રવિવાર**
૦૭:૦૦ થી ૦૯:૩૦ ભાગવત કથા (પ્ર. દિપાલી દીદી)
૦૯:૩૦ થી ૧૦:૩૦ ચાઇ પે ચર્ચા (જૈન જીવન ની જડી બુટી)
૧૦:૩૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીતગુંજાવલી
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (શુભ આરંભ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર બટર મસાલા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ ચાઇ પે ચર્ચા (ડો.રાજીવ રંજન)
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. દેવેન્દ્ર ડેકિવાડિયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે. સ્ટોરી (સોલાર સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રૂપિયાની રાની ને ડોલરિયો રાજા)
૦૭:૦૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૧૦:૦૦ સ્ટેન્ડપ કોમેડી
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૪-૨૦૨૪ સોમવાર**
૦૭:૦૦ થી૧૦:૦૦ ભાગવત કથા (પ્ર.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

**તા. ૨૦.૪.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર સુદ બારસ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર,ધ્રુવ યોગ, બવ કરણ આજે રાત્રે ૮.૫૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે,બુધ્ધિપૂર્વક નિર્ણય લેવા.

**વૃષભ (બ,વ,ઉ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.

**કર્ક (ડ,હ) :** ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો.

**સિંહ (મ,ટ) :** બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવકના નવા સ્રોત્ર વિચારી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવા વિચારોથી લાભ થાય ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**તુલા (ર,ત) :** દૂર દેશ થી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**વૃશ્ચિક (ન ,ય) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે ,પરિવાર સાથે આનંદ માણી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

**મકર (ખ,જ) :** ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.

**કુંભ (ગ ,સ,શ) :** બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ):** પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,સુંદર દિવસ.

## તંત્રી લેખ

# ઈઝરાયેલ ઈરાન વચ્ચેની તંગ દીલી વિશ્વ સમાજ માટે "ચિંતા"નો વિષય

વસુદેવ કુટુંબકમ.. વિશ્વ શાંતિ અને એકતાનું પૌરાણિક પૌરાણિક કાળથી લઈ આજ દિન પર્યત મહત્વ છે અને રહેશે વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારત માનવ માનવ વચ્ચે ના સમાજ સંબંધ અને ભાઈચારાનું સૌથી વધુ મહત્વ સમજે છે અને દુનિયાને પણ અમન શાંતિનો સંદેશો પાઠવે છે દુનિયાને હવે વિકાસ આર્થિક સુધરતા ની સાથે સાથે શાંતિની કિંમત સમજાય છે.

દુનિયામાં કોઈ પણ બે દેશો વચ્ચે ઉભો થયેલો તનાવ યુદ્ધમાં ઉતરેલા એ બે દેશો પૂરતો જ મર્યાદિત રહેતો નથી, પ્રથમ વિશ્વયુદ્ધ બીજુ વિશ્વયુદ્ધ એ વાતની સાબિતી છે કે આખી દુનિયાએ યુદ્ધની કિંમત પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે ચૂકવી હતી જે દેશો સીધા યુદ્ધમાં હોમાયા ન હતા તેઓએ પણ યુદ્ધની કિંમત ચૂકવી છે અત્યારે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ઊભા થયેલા બનાવે દુનિયા આખી ના દેશોની ચિંતા વધારી છે સીરિયામાં ઈરાની દુથાવાસ પરના હુમલાના જવાબમાં ઈરાને ઈઝરાયેલ પર ડ્રોન હુમલો કર્યો ઈઝરાયેલી મિસાઈલો ઈરાન પર દાગવામાં આવી રહી છે ત્યારે હાલની સ્થિતિને ધ્યાને લઈ આ યુદ્ધ બંને દુશ્મનો ના મિત્રો અને હરીફો વચ્ચે વહેંચાઈ જાય અને વિશ્વયુદ્ધ જેવી સ્થિતિ ઊભી થાય તેનો સમગ્ર વિશ્વને ડર સતાવી રહ્યો છે.

ઈરાન હાલમાં એકલપન્ડે લડી રહ્યું છે પરંતુ ઈરાનને રસિયા અને ચીનનું મૌલિક સમર્થન હોય તેવું તજજ્ઞ આશંકા કરી રહ્યા છે બીજી તરફ અમેરિકા બ્રિટન ફ્રાન્સની આખી લોબી ઈઝરાયેલ સાથે ઉભી છે ઈરાનને મુસ્લિમ દેશોનો પૂરતો સપોર્ટ છે તો ઈરાન વિરોધી અખાતના દેશો ઈઝરાઈલ ને ફાયદો થાય તેવી વેતરણ માં રહેલા છે ઈરાન ઈઝરાયેલના તનાવથી ક્રૂડ ઓઈલ અને વિશ્વ વેપારમાં મોટી ઉથલપાથલ ની દહેશત સેવાઈ રહી છે.

ભારત સહિતના શેરબજારોમાં ની અસર જોવાઈ રહી છે અને દેશી અને વિદેશી મૂડી રોકાણકારો પોતાની મૂડી ગભરાટના કારણે પાછી ખેંચવા માંડે તો દુનિયાભરના શેરબજારોમાં મોટા આજકા આવે સોનુ અને ક્રૂડ યુદ્ધના ભણકારા વચ્ચે ભડકે બળે તેવી સ્થિતિ નો અનુસાર આવી રહ્યો છે ત્યારે ઈરાન અને ઈઝરાયેલના યુદ્ધ જેવા સંઘર્ષે સમગ્ર વિશ્વની ચિંતા વધારી દીધી છે

# વેરાવળ ખાતે ખર્ચ નિરીક્ષક રજત દત્તાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાઈ પરામર્શ બેઠક




**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના ચાર વિધાનસભા મતક્ષેત્રોનો સમાવેશ જૂનાગઢની લોકસભા બેઠક અંતર્ગત થાય છે ત્યારે ૧૩-જૂનાગઢ સંસદીય મત વિસ્તારની ચૂંટણી માટે ખર્ચ નિરીક્ષક તરીકે નિમાયેલા ભારતીય રેવન્યૂ સેવાના રજત દત્તાએ આજે ગીર સોમનાથ જિલ્લાની મુલાકાત લીધી હતી.

ખર્ચ નિરીક્ષકની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી, ઈણાજ ખાતેના વીડિયો કોન્ફરન્સ રૂમ ખાતે યોજાયેલ બેઠકમાં ગીર સોમનાથ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા અને ચૂંટણી સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલે ખર્ચ નિરીક્ષકનું જિલ્લા વહીવટી તંત્ર વતી સ્વાગત કરી બેઠકની ભૂમિકા આપી હતી. તેમણે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતાના અમલ અંગે જિલ્લામાં કરવામાં આવેલી વિવિધ કામગીરીઓ જેવી કે, એફએસટી, એસએસટી, એમસીસી, એમસીએમસી, સી-વિજીલ, કર્મચારીઓની તાલીમ વગેરે અંગેની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી ખર્ચ નિરીક્ષકને માહિતી આપી હતી.

# જૂનાગઢઃ ઈકોસેન્સેટીવ ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે કલેકટરની કડક કામગીરી

## પ્લાસ્ટિક પેદાશોના સપ્લાય પર ઈકોસેન્સેટીવ ઝોનમાં પાબંદી

**અબતક, ચિરાગ રાજ્યગુરૂ, જૂનાગઢ**



ગિરનાર ઈકોસેન્સેટિવ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને ડામી દેવા માટે વહિવટી તંત્ર દ્વારા આગામી સમયમાં લેવામાં આવનાર છે. ઈકોસેન્સેટિવ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ધરાવતી પેદાશોનું વેચાણ ન થાય તે માટે જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાની સૂચનાથી આવી પેદાશોના મેન્યુફેક્ચર્સ અને સપ્લાયર્સ સાથે પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહિલની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પોલીમર્સની બનાવટોનું ઉત્પાદન કરતા વેપારી, થેલીઓ બનાવતા વેપારી, હોલસેલ સપ્લાયર્સ, અગ્રણી નમકીન કંપનીઓના પ્રતિનિધિઓ, પ્લાસ્ટિક બોટલના ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રાંત અધિકારી દ્વારા આગામી સમયમાં સપ્લાય ચેઈન પર કડક કાર્યવાહી કરવા અંગે નિર્દેશો અપાયા હતા. બેઠકમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, કોર્પોરેશન અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

# અમરેલીઃ ઉમેદવારી ફોર્મના અંતિમ દિવસે ૨૧ ફોર્મ ભરાયા

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તાર માટે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિને તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ને શુક્રવારના રોજ ૦૧ અપક્ષ ઉમેદવારે ૦૨ ઉમેદવારી પત્રકો રજૂ કર્યા હતા. તા.૧૬ એપ્રિલ, ૨૦૨૪ થી તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ના દરમિયાન કુલ ૧૧ વ્યક્તિઓએ ૨૧ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આ ઉમેદવારી પત્રકોમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના બે વ્યક્તિઓએ ૦૭ ફોર્મ ભર્યા હતા. સત્યવાદી રક્ષક પાર્ટીના એક વ્યક્તિએ ૦૧ ઉમેદવારી પત્રક ભર્યુ હતુ. બહુજન સમાજ પાર્ટીના ૦૧ વ્યક્તિએ ૦૧ ઉમેદવારી પત્રક ભર્યુ હતું. ગ્લોબલ રિપબ્લિકન પાર્ટીના ૦૧ વ્યક્તિએ એક ઉમેદવારી પત્રક ભર્યુ હતું. ભારતીય જનતા પાર્ટીના ૦૨ વ્યક્તિએ ૦૬ ઉમેદવારી પત્રકો ભર્યા હતા. અપક્ષની ત્રણ વ્યક્તિએ ૦૪ ઉમેદવારી પત્રકો ભર્યા હતા. જ્યારે બહુજન મુક્તિ પાર્ટીના એક વ્યક્તિએ ૦૧ ઉમેદવારી પત્રક ભર્યુ હતું.

# વેરાવળમાં મીડિયા મોનિટરિંગ સેન્ટરની ખર્ચ ઓબ્ઝર્વર રજત દત્તાએ લીધી મુલાકાત

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જૂનાગઢ સંસદીય મતવિસ્તારના ખર્ચ ઓબ્ઝર્વર રજત દત્તાએ કલેક્ટર કચેરી ઈણાજ ખાતે ૨૪ કલાક કાર્યરત મીડિયા મોનિટરિંગ એન્ડ સર્ટિફિકેશન કમિટી હેઠળના મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ એમસીએમસી-મીડિયા સેન્ટર ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા પર આવતા પેઈડ ન્યૂઝ - જાહેરાત પર દેખરેખ રાખવા સહિતની કાર્યપદ્ધતિ બાબતે ખર્ચ ઓબ્ઝર્વરશ્રીને માહિતગાર કર્યા હતા. ખર્ચ ઓબ્ઝર્વરએ આ માહિતી જાણીને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, અધિક કલેક્ટર આર.જી.આલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પલ્લવીબેન બારૈયા, એમસીએમસીના નોડલ ઓફિસર સુનિલ પટેલ સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા મળશે


**અબતક, ચિરાગ રાજ્યગુરૂ, જૂનાગઢ**

આગામી તા.૭/૫/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૭ મેના રોજ સવેતન રજા મળશે.

મતદાનના દિવસે જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓને સવેતન રજા કારખાના ધારા ૧૯૪૮ હેઠળના (ઔધોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ - ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થાર/સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા મળશે. જો કોઈ કારખાનેદાર, માલિક, નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુદ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એમ જૂનાગઢ જિલ્લા નાયબ નિયામક ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભામસરા દેવદૂત હનુમાનજી મંદિરે હનુમાન જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો ઉજવાશે

**અબતક રાજકોટ**



ચૈત્ર સુદ પૂનમ સંવત ૨૦૮૦ હનુમાન જયંતીના દિવસે રામચરણ ભગવાનનું નામ લ્યો તો હનુમાનજી અતિ ઘણા રાજી થાય હરિભક્તોને જણાવવાનું કે દેવદૂત હનુમાનજી મહારાજ આ જન્મોત્સવ ૨૦ વરસ મહોત્સવમાં પરંપરા મુજબ ઉજવવામાં આવશે યજ્ઞ પ્રારંભ સવારે ૯ કલાકે ધજા પૂજન ૧૦:૦૦ કલાકે પ્રસાદ ૧૧:૦૦ કલાકે યજ્ઞ પૂર્ણાહુતિ સાંજે ૪ કલાકે સુંદરકાંડ સાંજે ૫:૦૦ કલાકે દાદા ના ભજન અને કીર્તન રાત્રીના ૯:૩૦ કલાકે દાદા ની મહા આરતી રાત્રે ૧૨:૦૦ કલાકે આ સંસ્થા ના સ્થાપક પ્રેરણામૂર્તિ ગો.વા. મહંત જીતુ દાદા તેમના આશીર્વાદથી દર ગુરુવારે રામરોટી થાય છે સ્થળ અખંડ આનંદ પાસે પાકીંગ ની જગ્યાએ એલીસબ્રીજ પાસે અમદાવાદ તથા હનુમાન જયંતી દિવસે હનુમાનજી ના પરમ ભક્ત સુરેશદાદા ના સાનિધ્યમાં હનુમાનજીનો દિવ્ય શણગાર કરવામાં આવશે બાવળા બગોદરા હાઈવે દેવ ધામ આશ્રમ ભામસરા ગામ. શ્રી રામદુત કષ્ટભંજનદેવ સત્સંગ મંડળ દ્વારા મારા દાદા ના મહોત્સવ માં સવે હરિભક્તો પરિવાર સહિત પધારવા ભાવભર્યુ આમંત્રણ છે

# વેરાવળ વેલણ ગામે ગરબા સંગે મહિલા મતદાન જાગૃતિ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



ગીર સોમનાથ જિલ્લાના ૯૨-કોડિનાર વિધાનસભા મતવિસ્તારના વેલણ ગામે મહિલાઓમાં મતદાન જાગૃતિ લાવવા માટે અવસર રથ દ્વારા ગરબાના માધ્યમથી પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગરબા એ ગુજરાતનો લોકપ્રિય તહેવાર અને મહિલાઓનો પસંદગીનો અવસર છે. ત્યારે ગરબાના માધ્યમથી મહિલાઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે માટે મતદાન અંગેના ગરબા દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ રથ દ્વારા લોકશાહીના પર્વમાં મતદાનનું મહત્વ તથા મહિલાઓની ભાગીદારી વધે તે માટેની રજૂઆત કરવામાં આવી હતી. વેલણ ગામની મહિલાઓ આ અવસરે ઉમંગ-ઉત્સાહથી સહભાગી થઈ હતી. તેમજ વેલણ ગામની બહેનો દ્વારા મતદાન અંગે શપથ લીધા હતાં. આ કાર્યક્રમમાં મામલતદાર કોડિનાર એન.જી.રાદડિયા તથા નાયબ મામલતદાર ભરત ગોહિલ તથા તાલુકા વિકાસ અધિકારી બી.જી.બગથરિયા તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા ઝોનલ ઓફિસર તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# અમરેલીના રાજેશભાઈ માંગરોળીયા જુનાગઢ રાધારમણદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે નિમાયા

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



હાલમાં જ જુનાગઢ ખાતે રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડમાં ટ્રસ્ટી મંડળની ચૂંટણી યોજવામાં આવેલ જેમાં ટ્રસ્ટીઓની બિન હરીફ વરણીરથયેલ છે, તેમજ વડતાલના ગાદીપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના પ્રતિનિધિ ટ્રસ્ટી તરીકે અમરેલીના યુવા આગેવાન લેઉવા પટેલ સમાજના શ્રેષ્ઠી, અમરેલી શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અને એક સ્પષ્ટ વક્તા તરીકે છાપ ધરાવતા એવા વડતાલ, ગઢડા, જૂનાગઢ તથા સ્વામિનારાયણ સંપ્રદાયનાં તમામ સંતોના પ્રીતિ પાત્ર રાજેશભાઈ માંગરોળીયા ની પુન ટ્રસ્ટી તરીકે નિયુક્તિ થયેલ છે, જેઓ અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ અમર ડેરીમાં પણ ડિરેક્ટર તરીકે તેમની સેવા આપી રહેલ છે, તદુપરાંત જેસિંગપરા ખાતે દૂધ મંડળી નાં પ્રમુખ પદે રહેલ છે .તદપરાંત ભારતીય જનતા પાર્ટીમાં અમરેલી શહેરના મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહેલ છે. જેઓ એક બહોળો મિત્ર વર્તુળ ધરાવે છે અને હાલમાં ટ્રસ્ટી તરીકે પુનઃનિયુક્તિ થવા બદલ તેમને અમરેલી પૂરતું જ નહીં પરંતુ સુરત, અમદાવાદ અને મુંબઈ સહિત વિવિધ શહેરોમાં તેમના શુભેચ્છકો દ્વારા તેમને શુભેચ્છાઓ આપવામાં આવી રહેલ છે રાજેશભાઈ માંગરોળીયા ની ટ્રસ્ટી તરીકે નિયુક્તિ બદલ તેમના મિત્ર વર્તુળ દ્વારા તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ છે.

# વિસાવદરમાં વિનામૂલ્યે સેવાકીય પ્રવૃત્તિનો ધમધમાટ થશે

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિતથા ટિમ ગબ્બર નામની સંસ્થા અને જુદા-જુદા દાતાઓના આર્થીક સહયોગથી વિસાવદરના રામજી મંદિર ચોકમાં વિસાવદરથી જીવાપરામાં જતા રોડ ઉપર તથા વિસાવદરના રામજી મંદિરથી મેઈન બજાર રેલવે સ્ટેશન રોડ,તથા વિસાવદરથી જૂની બજાર બસ સ્ટેન્ડ રોડને લાગુ પડે તે રીતે તથા રામ મંદિર ચોકથી મામલતદાર કચેરી રોડને લાગુ પડે તે રિતેના સી. સી.ટીવી.કેમેરા ગામની સુવિધાઓ માં વધારો કરવા માટે અને ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવા માટે લગાવવામાં આવશેગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદરના પ્રમુખ સુરેશભાઈ સાદરાણી તથા ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીના સંયુક્ત ઉપક્રમે દાતાઓના સહયોગથી વિસાવદરના મેઈન બજાર ચોકમાં કેમેરા મુકવાની જાહેરાત થતા ગામ લોકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા તથા તેમની સમગ્ર ટિમ દ્વારા ટૂંકા ગાળામાં વિસાવદર પંથકમાં શબવાહીની ની સુવિધાઓ તથા મેડિકલ સાધનો અને કાટિયાની સેવા વિનામુલ્યે એક પણ રૂપિયો કે ડિપોઝીટ લીધા વિના પુરી પાડવામાં આવે છે અને ગરીબ દર્દીઓને ટિફિન સેવા,જરૂરિયાત વાળા બાળકોને અભ્યાસ માટે પુસ્તક સહાય ઓક્સિજનના મશીન એરકુલરની વિનામૂલ્યે સેવા પૂરી પાડવામાં આવે છે. ટુંક સમયમાં હજુ વધુ સેવાકીય પ્રવૃતિઓની પણ ટુક સમયમાં જાહેરાત કરવામાં આવનાર હોવાનું ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢનો કિન્નર સમાજ ૭મી મેએ અચૂક મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનવા સંકલ્પ બધ્ધ




**અબતક, ચિરાગ રાજયગુરૂ,જૂનાગઢ**

સમાજના અભિન્ન ભાગ તેવો કિન્નર સમાજ તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થયો છે. સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જૂજ પણ ૧૦૦ ટકા મતદાન કરવા માટે નિર્ધાર કર્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અને મહત્તમ મતદાન થાય તે માટે સમાજના દરેક તબક્કા સુધી જિલ્લા ચૂંટણી તંત્ર પહોંચી રહ્યું છે. મતદાન જાગૃતિની આ ઝુંબેશમાં જૂનાગઢનો કિન્નર સમાજ સહભાગી બન્યો હતો. જૂનાગઢ રેલવે સ્ટેશન પાસે આવેલ ચંદ્રમોલેશ્વર મહાદેવના સાનિધ્યમાં નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે કિન્નર સમાજે સંકલ્પ કર્યો હતો.કિન્નર સમાજના અગ્રણી ફીજામાસીએ જણાવ્યું કે, તા.૭મી મેએ અમે મતદાન કરવા માટે જવાના છીએ ત્યારે જૂનાગઢવાસીઓ પણ દેશ અને સમાજના હિતમાં તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૦૦ ટકા મતદાન કરે. તેવો તેમણે અનુરોધ કર્યો હતો. કિન્નર સમાજના અગ્રણી નીરુમાસીએ પણ યોગ્ય જનપ્રતિનિધિ ચૂંટવા માટે અવશ્ય મતદાન કરવાનો અનુરોધ કરતા કહ્યું કે, ૧૦૦ ટકા મતદાન કરી લોકશાહીનું આ મહાપર્વ ઉજવવું જોઈએ. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલ ધુંચલા અને શ્રી જીજ્ઞેશ મહેતાએ મતદાન જાગૃતિના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીઃ લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેની ઠુંમર વિરૂધ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ

**અબતક,પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર સામે ભારતીય જનતા પાર્ટીની લીગલ ટીમ દ્વારા ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવી છે કે, તારીખ ૧૬ના જાહેર ભાષણ દરમ્યાન ભારત માતાની વેશભૂષા ધારણ કરી છોકરીઓને તિરંગા ધ્વજ સાથે બન્ને બાજુ ઉભા રાખી કાર્યક્રમમાં આદર્શ આચારસંહિતાના નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. ફરિયાદ બાદ ચૂંટણી પંચ દ્વારા કોંગ્રેસના ઉમેદવારનો ખુલાસો પૂછવામાં આવ્યો છે. અમરેલી લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમરને એક દિવસમાં જવાબ ભરવા જણાવાયું છે. જેનીબેનનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, મેં આજે જ ખુલાસો કરી જવાબ રજૂ કરી દીધો છે. આ હાર ભાળી ગયેલી ભરતીય જનતા પાર્ટી દ્વારા ફરિયાદ કરી દબાવવાનો પ્રયાસ કરાયો છે. વિકાસની વાતો કરતી પાર્ટીએ અમરેલીની દીકરીને દબાવવાનો પ્રયાસ કર્યો છે. ભાજપ થાય તે કરી લે આપણે ડરતા નથી. આમ, લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુંમર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો ફેલાયો છે.

# ગિરનારને પ્લાસ્ટિક મુકત અને સ્વચ્છ રાખવા ઉપલા દાતારના મહંત ભીમ બાપુની અપીલ

**અબતક, ચિરાગ રાજયગુરૂ,જૂનાગઢ**



ઉપલા દાતારના મહંત ભીમબાપુએ અભયારણ્ય વિસ્તાર હેઠળના ગિરનાર પર્વતને પ્લાસ્ટિક મુક્ત અને કાયમી સ્વચ્છ રાખવા માટે ગિરનાર દર્શનાર્થે પધારતા ભાવિકોને અપીલ કરી છે.

પ્લાસ્ટિકના કાગળ, બોટલ કે પ્લાસ્ટિકની અન્ય કોઈ વસ્તુઓથી ગિરનાર પર્વતને મુક્ત રાખવો ખૂબ જરૂરી છે. તેમણે ગિરનાર દર્શને આવતા ભાવિકોને પણ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર રાખવા માટે અનુરોધ કરતા પ્લાસ્ટિકની વસ્તુઓ સાથે ન લાવવા માટે અપીલ કરી હતી. ઉપરાંત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જરૂરી કાળજી રાખવા પણ શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો છે. ભીમ બાપુએ ગિરનારને પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ રાખવા માટે જૂનાગઢ વન વિભાગના પ્રયાસોને પણ બિરદાવ્યા હતા.

# ઉપલેટાના નટખટ નિત્ય વાછાણીનો જન્મદિન



ઉપલેટાના નટખટ બોય નિત્ય વાછાણીનો આજે જન્મદિવસ છે. જન્મદિન નિમિતે પપ્પા ભાર્ગવભાઈ, મમ્મી માનસીબેન, દાદા સ્વ. મહેન્દ્રભાઈ, દાદી ગં.સ્વ. રીટાબેન, ભાઈજી શાશ્વતભાઈ, ભાભુ રજનીબેન, ભાઈ ક્રિશંગ, નાના અશ્વિનભાઈ મણવર, નાની બિંદુબેન મણવર અને મામા કૌશલભાઈ મણવરે શુભેચ્છા સાથે આશિર્વાદ પાઠવ્યા છે. આજે આમંત્રીતો માટે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગીરસોમનાથ ભાજપ આગેવાન માનસિંહ પરમારને પંજાબના લુધીયાણા બેઠકની અપાઇ જવાબદારી

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



લોકસભા ચુંટણી જંગનો સમગ્ર દેશમાં માહોલ જામ્યો છે. ભાજપે વડાપ્રધાન મોદીની હેટ્રીક અને ૪૦૦+ બેઠકોનું લક્ષ્ય સિદ્ધ કરવા કમર કસી રહી છે. ગીર સોમનાથ જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ માનસિંહભાઈ પરમારને પંજાબના લુધીયાણા બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે. સંગઠન સંકલન અને ચુંટણી કામગીરીથી ચોમેર માનસિંહભાઈ પરમારને અભિનંદન આપવામાં આવી રહ્યા છે.

### માતાજીના માંડવામાંથી પરત ફરતા

# ડોડીયાળાના વૃધ્ધનું અકસ્માતમાં મોત

## જેતપુરનાં જાંબુડી ગામે છકડો પલટી મારી જતા ચાલકનું મોત

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાનાં ડોડીયાળા ગામે રહેતા વૃધ્ધ જસદણ ખાતે માતાજીનાં માંડવાના દર્શન કરી રાત્રે પરત ફરતી વેળાએ આટકોટ નજીક તેમનું બાઇક સ્લીપ થતા તોમ નિપજ્યાનો બનાવ આટકોટ પોલીસમાં અને જેતપુર નજીક જાંબુડા ગામે છકડો રીક્ષા ચાલકે સ્ટેયરીંગ પર કાબૂ ગુમાવતા ડ્રાઇવરનું મોત નિપજ્યાના બનાવ વિરપુર પોલીસમાં નોંધાયો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જસદણ તાલુકાનાં ડોડીયાળા ગામે રહેતા ભગવાનજીભાઇ રાવતભાઇ ડાંગર નામના વૃધ્ધ જસદણ ગામે માતાજીનો માંડવો હોય તેઓ દર્શન કરવા ગયા બાદ મોડી રાત્રે પરત ફરતા હતા ત્યારે તેઓ આટકોટ નજીક ચોકડીએ પહોંચ્યા ત્યારે તેનું બાઇક સ્લીપ થઇ જતા તેમના શરીરે ગંભીર ઇજા થતા તેમને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલે ખસેડ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ભગવાનજીભાઇના મોતથી ડાંગર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બનાવની જાણ આટકોટ પોલીસને કરતા જયેશભાઇ સહિતનો સ્ટાફ રાજકોટ સરકારી હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથધરી છે.

જ્યારે અન્ય બનાવમાં જેતપુર ગામે રહેતા ધીરજભાઇ ગોરધનભાઇ વેગડવા જેતપુર નવાગઢ ગામે રહેતા તેમના મિત્ર કનુભાઇ કેશુભાઇ પરમારની છકડો રીક્ષા લઇને વાડીએ લાકડા લેવા પરત જેતપુરના જાંબુડી ગામ નજીક પહોંચ્યા ત્યારે ધીરજભાઇએ કોઇ કારણોસર રીક્ષાના સ્ટેયરીંગ પર કાબૂ ગુમાવતા રીક્ષા પલ્ટી મારી ગઇ હતી.

જેમાં તેમને ગંભીર ઇજા થતા તેમને સારવાર અર્થે જેતપુર હોસ્પિટલે સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવની જાણ વિરપુર પોલીસને કરતા હેડ કોન્સ્ટેબલ જે.બી.ચૌહાણ સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી ધીરજલાલના મૃતદેહને પી.એમ. અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથધરી છે.

# કથિત કૌભાંડના પૂર્વ કલેકટર એસ.કે. લાંગાના દિકરાની અપ્રમાણસર મિલ્કતનો ગુનો દાખલ

## રૂ. ૧૧.૬૪ કરોડની મિલ્કત મામલે એસ.કે. લાંગા અને તેમના પુત્ર પરિક્ષીત વિરૂદ્ધ અમદાવાદ શહેર એસીબીએ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે એસીબીએ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કર્યો છે. લાંગાએ તેમના ફરજ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને ઈરાદાપૂર્વક ગેરકાયદેસર પદ્ધતિ અપનાવી નાણાં મેળવીને તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા પુત્ર પરિક્ષીત શંકરદાન ગઢવીના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કરી ૧ એપ્રિલ ૨૦૦૮ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીના સમયગાળામાં પોતાની કાયદેસરની કુલ આવક ૫,૮૭,૫૬,૯૩૯ની સામે તેઓએ કુલ ખર્ચ અને રોકાણ કુલ રૂપિયા ૧૭,૫૯,૭૪,૬૮૨નું કર્યું છે. તેમણે ૧૯૮.૧૫ ટકા જેટલું રોકાણ કરી ૧૧.૬૪ કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું એસીબેવફાને તપાસમાં જણાઈ આવ્યું છે.

એસીબીની તપાસ પ્રમાણે ૧ એપ્રિલ ૨૦૦૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન એસ.કે. લાંગાએ તેમના પુત્રના નામે ઘણી બધી મિલકતો વસાવી છે. તે મિલકતો ખરીદી કરતાં અગાઉ દરેક વખતે તેમના પુત્રએ પોતાના નામની પ્રોપરાઈટરશીપ ફર્મમાં ટુકડે ટુકડે રોડકા નાણાં જમાં કરાવી ત્યાર બાદ તે રોકડ નાણાં પોતાના બચત ખાતામાં ટ્રાન્સફર લઇ તે એકાઉન્ટમાંથી મિલકતો ખરીદી કરી છે. ભ્રષ્ટાચારથી એકત્ર કરેલા નાણાંને પોતાના પુત્રની શેલ કંપનીમાં રોકડ સ્વરૂપે જમા કરાવી ભ્રષ્ટાચારના નાણાંથી પુત્રના નામે



મિલકતો ખરીદી હોવાનું પ્રાથમિક દૃષ્ટીએ જણાવા મળ્યું છે. એસ.કે. લાંગા અને તેમના પુત્ર પરિક્ષીત શંકરદાન ગઢવી વિરૂદ્ધ અમદાવાદ શહેર એસીબીએ ગુનો દાખલ કર્યો છે.

એસ.કે. લાંગાએ ગાંધીનગર કલેક્ટર તરીકે ૬ એપ્રિલ ૨૦૧૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન લીધેલા મહત્ત્વના મહેસૂલી નિર્ણયોની તપાસ કરવા માટે ખાસ તપાસ અધિકારી તરીકે નિવૃત્ત આઈએએસ વિનય વ્યાસાની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે ૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ વચગાળાનો તપાસ અહેવાલ આપ્યો હતો. એમાં નિવૃત્ત આઈએએસ એસ.કે.લાંગા, તત્કાલીન ચીટનીશ અને તત્કાલીન આરએસી વિરુદ્ધ કાયદેસરનાં પગલાં લેવા માટે સૂચન કર્યું હતું, જે રિપોર્ટના આધારે ગાંધીનગર કલેક્ટર કચેરીના વર્તમાન ચીટનીશ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ગાંધીનગરના પૂર્વ જિલ્લા કલેક્ટર એસ. કે. લાંગાએ પોતાના કાર્યકાળ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને જે-તે વખતના તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી. તથા પોતાના મળતિયાઓના આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજિત કાવતરું રચી જમીનના ખોટા એનએના હુકમો કર્યા હતા. બાદમાં સરકારમાં ભરવાની થતી પ્રીમિયમની રકમ પણ નહીં ભરાવી સરકારને આર્થિક નુકસાન કરી બિનખેડૂતને ખેડૂત તરીકે દર્શાવ્યા હતા. તેમણે નવી શરતની જમીન જૂની શરતમાં દર્શાવી ખોટા પુરાવા ઊભા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી એનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત પોતે નિવૃત્ત થયા બાદ દસ્તાવેજો પણ સહી કરી ખોટા દસ્તાવેજો બનાવી જૂની તારીખમાં ફેરફારો કરી મોટાં આર્થિક કૌભાંડો આચર્યા હતા. ભાગીદારીમાં રાઈસ મિલ ચલાવી ભ્રષ્ટાચાર કર્યા હોવાનો પણ ઉલ્લેખ કરાયો હતો.

### નજર હટી, દુર્ઘટના ઘટી...

# સાવધાન... રાજકોટમાં ફરીવાર ગઠીયા ગેંગ સક્રિય

## એક બુલેટ સહીત બે મોટરસાયકલની ચોરી : બસ સ્ટેન્ડમાં ગઠિયો મુસાફરનું પાકીટ ચોરી ગયો

### પોલીસ ચૂંટણી બંદોબસ્ત સહીતની કામગીરીમાં રોકાતા ગઠીયાઓને મોકળું મેદાન

લોકસભા ચૂંટણી સંદર્ભે પોલીસની કામગીરીમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે પોલીસની વ્યસ્તતાને લીધે ગઠીયાઓને મોકળું મેદાન મળ્યું હોય તેમ ચોરી સહીતની ઘટનાઓને ગઠીયાઓ અંજામ આપી રહ્યા છે. ઉલ્લેખનીય બાબત છે કે, અગાઉ બસપોર્ટમાં દરરોજ પાકિટ સહીતની ચોરીની ઘટના પ્રકાશમાં આવતી હતી. જે બાદ એ ડિવિઝન પોલીસે ચેકીંગ વધારી દેતા વચ્ચે ગઠીયાઓની કરતૂત પર લગામી આવી હતી પરંતુ બસપોર્ટમાં ફરીવાર હવે ગઠીયા ગેંગ સક્રિય થઇ છે.

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ફરી એકવાર ગઠીયા ગેંગ સક્રિય થઇ હોય તેવા બનાવો પ્રકાશમાં આવ્યા છે. શહેરમાં બનેલા અલગ અલગ ત્રણ બનાવમાં એક બુલેટ મોટરસાયકલ સહીત કુલ બે વાહનોની ચોરી થયાની ઘટના સામે આવી છે. ઉપરાંત બસ સ્ટેન્ડ ફરીવાર ગઠીયાઓનો અડ્ડો બનવા તરફ આગળ ધપી રહ્યું હોય તેમ એક મુસાફરનું પાકિટ નજર ચૂકવી ચોરી લેવાયાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફોર્ચ્યુન હોટેલની સામે આંબેડકરનગરમાં રહેતા ભાવેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ગત તા. ૧૪ એપ્રિલના રોજ તેઓ આર વર્લ્ડ સિનેમા પાસે પોતાનું જીજે-૦૩-એમકે-૩૫૯૭ નંબરનું રોયલ એનફિલ્ડનું બુલેટ મોટરસાયકલ રાખીને ગયાં બાદ પરત આવતા મોટરસાયકલ મળી આવ્યું ન હતું.

ફરિયાદીએ આશરે ચાર દિવસ સુધી મોટરસાયકલની શોધખોળ જાતે કર્યા બાદ મોટરસાયકલની ભાળ નહીં મળી આવતા તા. ૧૯ એપ્રિલના રોજ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં મોટરસાયકલ ચોરીની ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસી ગઠીયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બીજા બનાવમાં શહેરના જૂનાગઢ મોરબી રોડ પર રહેતા ફરિયાદીએ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં ફરિયાદી નટવરભાઈ મનજીભાઈ મકવાણાએ જણાવ્યું છે કે, જૂના મોરબી રોડ પર રાધિકા સોસાયટી શેરી નંબર ૨માં ફરિયાદીના ઘરની બહાર સિલ્વર પટ્ટાવાળું જીજે-૧૩-એએફ-૩૮૩૧ નંબરનું સ્પલેન્ડર પ્લસ મોટરસાયકલ રાખેલ હતું. જે કોઈ અજાણ્યો ઈસમ ઘરની બહારથી ઉઠાવી ગયાનું ફરિયાદીએ જાહેર કર્યું છે.

ત્રીજા બનાવમાં રાજકોટ બસપોર્ટ ફરીવાર ગઠીયાઓ લનો અડ્ડો બની હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના કાલાવડ રોડ પર રહેતા અને મૂળ જૂનાગઢના વતની રાજેશભાઈ હસમુખભાઈ ઉનાગર ગત તા. ૧૨ એપ્રિલના રોજ ફરિયાદી એસટી બસ પોર્ટના પ્લેટફોર્મ નંબર ૧૩ ઉપર કાલાવડ જવાની બસમાં ચડવા જતાં તે જ સમયે ભીડબો લાભ લઈ કોઈક અજાણ્યા ઈસમે ફરીયાદીના પેન્ટના પાછળના ખિસ્સામાં રાખેલુ પાકીટ કાઢી લીધું હતું.

ફરિયાદીના પાકીટમાં રૂ. ૫ હજારની રોકડ, ઓરીજનલ ડોકયુમેન્ટ જેમાં ડ્રાયવિંગ લાયસન્સ, પાનકાર્ડ, આધારકાર્ડ, એસબીઆઈ અને બેંક ઓફ બરોડાનું એટીએમ કાર્ડ સહીતની ચીજ વસ્તુઓ હતી જે ગઠિયો ચોરી જતાં ફરિયાદીએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સુરેન્દ્રનગરઃ ચોરાઉ બાઇક સાથે તસ્કર ઝડપાયો

## એલ.સી.બી.એ ત્રણ ચોરીનો ભેદ ઉકેલીઃ દોઢ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગરના જીનતાન રોડ પર રહેતા સોહીલ ભીખુભાઈ નરસીદાણી ઉપાસના સર્કલ પાસે મીલેનીયમ પ્લાઝા કોમ્પલેક્ષમાં પીઝા ડોટ કોમ નામની રેસ્ટોરન્ટ ચલાવે છે.ગત તા. ૧૦મીએ બપોરે તેઓ પોતાના રેસ્ટોરન્ટે ગયા હતા અને બહાર પોતાનું બાઈક પાર્ક કર્યુ હતુ. સુરેન્દ્રનગર બજારમાં કામ અર્થે જવાનું હોવાથી ત્રણેક વાગે તેઓએ આવીને જોતા બાઈક નજરે પડયુ ન હતુ. આથી આસપાસ શોધખોળ કરવા છતાં બાઈક ન મળી આવતા અંતે તેઓએ બી ડીવીઝન પોલીસ મથકે તા. ૧૮મીએ રાત્રે રૂપીયા ૩૫ હજારની કિંમતનું બાઈક અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

એલસીબીના પીએસઆઈ બી.એલ.રાયઝાદાની સુચનાથી સ્ટાફના આર.જી.ઝાલા, ગોપાલસીંહ, સાહીલભાઈ સહિતનાઓએ સીસીટીવી કેમેરા અને હ્યુમન સોર્સની મદદથી તપાસ કરતા લીંબડીના વિષ્ણુનગરમાં રહેતા વિજય અને મયુર અશોકભાઈ રાઠોડે આ બાઈક ચોર્યુ હોવાની જાણ થઈ હતી. આથી પોલીસે લીંબડીમાં વોચ રાખીને સૌપ્રથમ વિજયને ઝડપી લીધો હતો. જેની પુછપરછમાં બીજા બે ચોરીના બાઈકની માહીતી મળી હતી. આથી આ બાઈકો સાથે મયુરને પણ ઝડપી લેવાયો હતો.

પોલીસ દ્વારા બન્નેને રૂ.૧.૫૦ લાખની કિંમતના ૩ બાઈક સાથે પકડી પાડી હાલ લીંબડી પોલીસના હવાલે કરાયા છે. જેમાં સુરેન્દ્રનગર ઉપરાંત આ બન્ને આરોપીઓએ અમદાવાદના અમરાઈવાડી અને એલીસબ્રીજમાંથી પણ બાઈક ચોર્યાનું સામે આવ્યું છે.

# ધોરાજીઃ બેંકમાંથી ખેડુતના ૧ લાખની રોકડ રકમ સેરવી લેનાર એમ.પી.ની ગેંગ ઝબ્બે

## નાની પરબડી ગામના પ્રૌઢ પાસબુકમાં એન્ટ્રી કરવા લાઇન ઉભા હતા ત્યારે નજર ચુકવી ગુનાને અંજામ આપ્યો

**અબતક, રમણીકભાઈ ટોપીયા, ધોરાજી**



### સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે પાંચ મહિલાને જૂનાગઢ રેલ્વે સ્ટેશનથી કરી ધરપકડ

ધોરાજી ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં પાક ધીરાણ લેવા આવેલા ખેડૂતની નજર ચૂકવી એક લાખની રોકડ રકમ શેરવી લેવાની ઘટનાનો સ્થાનિક પોલીસે ગણતરીની જ કલાકોમાં ભેદ ઉકેલી મધ્યપ્રદેશની મહિલા ગેંગને જૂનાગઢ રેલવે સ્ટેશનથી ઝડપી લીધી હતી.

ધોરાજીના નાની પરબડીના ખેડૂત દિનેશભાઈ ગોરધન ભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેણે ધોરાજીની બેંક ઓફ બરોડા શાખામાંથી ખેત ધીરાણની એક લાખ રોકડ ઉપાડીને થેલીમાં રાખ્યા હતા એન્ટ્રી કરવા માટે તે લાઈનમાં ઉભા રહ્યા હતા ત્યારે તેની પાછળ રહેલી બે અજાણી મહિલાઓ થેલીમાં કાપો મારી રોકડ એક લાખ રૂપિયાની રકમ સેરવી લીધી હતી.પોલીસે બે અજાણી મહિલાઓ વિરુદ્ધ આઈપીસી ૩૮૦,૧૧૪ મૂજબ ગુનો નોંધી ને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ ગૂનાનો ભેદ ઉકેલવા માટે ધોરાજી પોલીસ સ્ટાફે બે અજાણી મહિલાઓની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે પોલીસે સીસીટીવી કેમેરા ટેકનીકલ સર્વેક્ષણ, બાતમીદારોની હકીકતના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરતા સીટી પો.સ્ટે.ના પ્રોજેકટ તથા જુનાગઢના નેત્રમ સીસીટીવી પ્રોજેક્ટ તેમજ પોકેટકોપની મદદથી બેંક ઓફ બરોડા ધોરાજીથી લઈ જુનાગઢ ભવનાથ વિસ્તાર તથા હોટેલ ગેસ્ટ હાઉસ ચેક કરતા ધોરાજી સીટી પોલીસ સ્ટેશન સર્વેલંસ ટીમને સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે ચોરીની ઘટનાને અંજામ આપી મધ્યપ્રદેશની મહિલા ગેંગ ચોરીથી મેળવેલ નાણાંની-માગબટાઈ કરીને જુનાગઢથી મધ્યપ્રદેશ ફરાર થવાની તૈયારીમાં જુનાગઢ રેલ્વે સ્ટેશન ખાતે હોય જેથી જુનાગઢ રેલ્વે પોલીસને સાથે રાખી મહિલા આરોપીઓને રોકડ રૂ.૧,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૦૩ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.પકડાયેલ મહિલા આરોપીઓ રાધિકાબેન ચેતનભાઈ સીસોદિયા, મમતાબેન આશિષભાઈ સીસોદીયા, ધર્મેન્દ્રસિંહ સીસોદીયા, અનુરાધા પ્રદીપભાઈ સીસોદીયા, સ્વેતાબેન માધવસીંગ સીસોદિયાનો સમાવેશ થાય છે.

# જામજોધપુરઃ છોટાહાથીમાંથી ૪.૬૫ લાખનો દારૂ પકડાયો

## ૪૬૫૬ બોટલ દારૂ અને વાહન મળી રૂ. ૯.૬૫ લાખનો મુદામાલ કબ્જેઃ મંગાવનાર અને ચાલક ફરાર

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના તરસાઈ અને વાસજાળીયા ગામ વચ્ચે માલવાહક છોટા હાથીમાં રૂ. ૪.૬૫ લાખની કિંમતનો નાની મોટી ૪૬૫૬ બોટલ વિદેશી દારુનો જથ્થા સ્થાનીક પોલીસે ઝડપી લઈ નાશી છુટેલા ચાલક અને દારુનો જથ્થો મંગાવનાર બન્નેની શોધખોળ હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જામજોધપુર તાલુકાના ધોરીયાનેસ ગામે રહેતો નાથા લાલા મોરી નામનો શખ્સે જીજે ૧૧ વીવી ૪૨૪૫ નંબરના છોટા હાથીમાં વિદેશી દારૂની ડિલીવરી કરવા આવી રહ્યાની મળેલી બાતમીના આધારે તરસાઈ ગામની સીમમાં વોંચ ગોઠવી હતી ત્યારે ઉપરોકત નંબરના માલવાહકને અટકાવવાનો પ્રયાસ કરતા વાહન લઈ નાશી છુટતા પોલીસે પીછો કરતા વાહન મુકીચાલક નાશી છુટયો હતો.

પોલીસે વાહનની તલાસી લેતા જેમાંથી રૂ. ૪.૬૫ લાખની કિંમતનો ૪૬૫૬ બોટલ દારૂ મળી આવતા પોલીસે રૂ ૯.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસે નાશી છુટેલા વાહનના ચાલક અને દારૂ મંગાવનાર નાથા લાલા મોરીની સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# એમડી ડ્રગ્સના ૨૪ ગ્રામના જથ્થા સાથે ઇલેક્ટ્રિશીયન ઝડપાયો

## રૂ. ૨.૪૦ લાખની કિંમતનો ડ્રગ્સનો જથ્થો આપનાર મીર નામના શખ્સની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા સ્મશાન પાસે ઉભેલા શખ્સને એસઓજીએ રૂ.૨.૪૦ લાખના ૨૪.૧ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપી લઇ તેને સપ્લાય કરનાર શખ્સની પોલીસે શોધખોળ શરૂ કરી હતી.પ્રાપ્ત વિગત અનુસાર શહેરના રૈયા ગામના સ્મશાન પાસે એક શખ્સ ડ્રગ્સ વેચવા ઉભો હોવાની માહિતી મળતાં એસઓજીના પીઆઇ જે.એમ.કૈલા સહિતની ટીમ દોડી ગઇ હતી. પોલીસે સ્મશાન પાસે ઉભેલા નિયત વર્ણનવાળા શખ્સને સકંજામાં લઇ તલાશી લેતા તેની પાસેથી એક પડીકી મળી આવી હતી. પડીકીમાં ડ્રગ્સ જેવો માદક પદાર્થ હોવાનું લાગતાં એફએસએલની ટીમને બોલાવાઇ હતી અને કબજે થયેલો પદાર્થ એમ.ડી.ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું.

પોલીસે રૂ.૨,૪૦,૧૦૦ની કિંમતના ૨૪.૦૧ ગ્રામ એમ.ડી.ડ્રગ્સ અને મોબાઇલ સહિત કુલ રૂ.૨,૪૩,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રગ્સ સાથે ઝડપાયેલા ભાવેશ પ્રવીણ રાઠોડ (ઉ.વ.૨૭)ની ધરપકડ કરી હતી.

પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતાં ઝડપાયેલો શખ્સ ભાવેશ રાઠોડ 'પોપટ' બની ગયો હતો. ભાવેશે કેફિયત આપી હતી કે પોતે ઇલેક્ટ્રિશિયન તરીકે કામ કરે છે, તેને ડ્રગ્સના સેવનનું વ્યસન થઇ ગયું હોવાથી મીર નામના શખ્સ પાસેથી ડ્રગ્સ ખરીદ કર્યું હતું, વ્યસનનો ખર્ચ કાઢવા માટે ખરીદેલા ડ્રગ્સની પડીકી બનાવી તેને વેચવાની કવાયત શરૂ કરી હતી.

# સુરેન્દ્રનગરમાં ટ્રાફીક અડચણરૂપ ૧૧ બાઈક પોલીસે કરી ટોઇંગ



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના રસ્તા ઉપરથી ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે પોલીસે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. જેમાં શહેરના જુદા જુદા વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ અને નિયમનો ભંગ કરીને પાર્ક કરવામાં આવેલા ૧૧ બાઈક ટોઈંગ કરાયા હતા. .

સુરેન્દ્રનગરના મુખ્ય રસ્તાઓ ઉપર ટ્રાફિકની વિકટ સમસ્યા હતી. આ સમસ્યા દૂર કરવા માટે રસ્તા ઉપર ઉભા રહેતા શાકભાજી,કટલેરી સહિતની લારીઓ અન્ય જગ્યાએ ખસેડવામાં આવી છે. જેને કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બની છે.

પોલીસ દ્વારા ખીજડીયા હનુમાનરોડ, જવાહરચોક, પતરાવાળી હોટલ, દેરાસર રોડ સહિતના વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહયુ છે.શહેરના રસ્તા ઉપર લોકો પોતાના બાઈક વ્યવસ્થિત પાર્ક કરે તે માટે સફેદ પટ્ટા પણ લગાવવામાં આવ્યા છે.આટલુ જ નહી પરંતુ નિયમનો ભંગ કરીને બાઈકો મુકતા લોકોના વાહનો ટોઈંગ કરવા માટેની પણ ખાસ ઝુંબેશ હાથ ધરી છે. પાર્ક કરેલા ૧૧ બાઈકને ટોઈંગ કર્યા હતા.

# વઢવાણઃ રામપરા ગામે પરિણીતાને મરવા મજબુર કરનાર સાસુ-સસરાના જામીન રદ

**અબતક,સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

વઢવાણ તાલુકાના રામપરા ગામની પરીણિતાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાના કેસમાં તેના સાસુ-સસરાએ સુરેન્દ્રનગર કોર્ટમાં જામીન અંગે અરજી કરી હતી. કોર્ટે જામીન અરજી નામંજૂર કરી છે.

રામપરા ગામની પરીણિતા ઉષાબેન કલ્યાણભાઈ ઉર્ફે રમેશભાઈએ તા.૧૦ એપ્રિલના રોજ સાસરિયામાં ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ અંગે મૃતકની માતાએ પતિ કલ્યાણભાઈ ઉર્ફે રમેશભાઈ ઉર્ફે ભુરો લવજીભાઈ મકવાણા, સસરા લવજીભાઈ ગાંડાભાઈ મકવાણા, સાસુ પાલુબેન સામે જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં સાસુ-સસરાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે પતિ હજુ પણ પોલીસ પકડથી બહાર છે. ત્યારે ઝડપાયેલા સાસુ-સસરાએ સુરેન્દ્રનગર કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. પરંતુ સરકારી વકીલની દલીલો અને દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓને ધ્યાને લઈ ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ નરેશભાઈ શાહ દ્વારા જામીન અરજી નામંજૂર કરી છે અને મૃતકને શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં પતિને મદદ કરતા હોવાનું પણ ઠેરવ્યું હતું.''

## ચર્તુથ પૂણ્યતિથીએ હૃદયાંજલિ



**સ્વ. લક્ષ્મણભાઈ શામજીભાઈ સાગઠિયા**

સ્વ. તા. ૨૦/૦૪/૨૦૨૦, સોમવાર

'અબતક'ના કર્મયોગી કર્મચારી અને સ્વજન સમા સંગાથી લક્ષ્મણભાઈ સાગઠિયાએ ૩૩ વર્ષની નાની વયે સમગ્ર મશીનરી વિભાગની નીપૂણતા પ્રાપ્ત કરીને તેના મેનેજમેન્ટની ઉમદા ફરજ બજાવી હતી અને તેમની કર્તવ્ય નિષ્ઠા દ્વારા સહુ કોઈની ચાહના મેળવી હતી. તેમણે હર હંમેશ પોતાના કર્તવ્યને જ ઈષ્ટદેવ ગણ્યા હતા અને નિરંતર તેમના દીવા-પૂજા કરીને તેમના એવા ઉમદા આત્માની કહે છે કે જેમની અહીં જરૂર હોય છે એવા ઉમદા આત્માની પરમાત્માને પણ ખોટ વર્તાય છે, અને એમની ઈચ્છા પાસે કોઈનું કાંઈ ચાલતું નથી !

**'અબતક' પરિવારની હૃદયાંજલિ**

# વેરાવળના માથાસુરીયા ગામે ૨૦૦ને ઝાડા-ઉલ્ટી કરાવનાર 'શિખંડ'ના વેપારીની દુકાન સીલ કરી દેવાય

## ઘુસીયા-અને ગુંદરણ ગામે લાયસન્સ વીના જ ડેરી પ્રોડકટનું વેચાણ કરનારા સામે કાર્યવાહી

**અબતક,લીલાધર હરવાણી, તાલાલા**



વેરાવળના માથાસુરીયામાં લગ્ન જમણવાર બાદ ૨૦૦ના ફૂડપોઈઝનીંગની ઘટનામાં મહેમાનોને તાલાલાની હોસ્પિટલમાં ખસેડવામા આવતા હતા અને તમામને સરવાર બાદ ભયમૂકત કરાયા હતા.

આ બનાવના પગલે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતુ અને શિખંડ બનાવનાર ઘુસીયા ગામના હાજાભાઈ ચીનાભાઈ વાજા દુકાને શિખંડ બનાવતા તેમજ ગુંદરણ ગામના ગણેશ ડેરી ના સંચાલક જશુભાઈ ભાદરકા પોતાની દુકાને ડેરી પ્રોડક્ટ ની ચીજ વસ્તુ છાસ, ઘોરવું વિગેરે ચીજ વસ્તુ કોઈ લાયસન્સ કે જરૂરી પરવાનગી વગર આવો ખાદ્ય ચીજ વસ્તુ બનાવવાનો વ્યવસાય કરતા માલુમ પડતા આરોગ્ય વિભાગ, ફૂડ ડ્રગ્સ વિભાગ, મામલતદાર તાલાળા, તાલુકા વિકાસ અધિકારી તાલાળા દ્વારા આ અન અધિકૃત બન્ને દુકાનો સીલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. લોકોના આરોગ્ય સાથે છેડા થાય તે પ્રકારે આવા અખાદ્ય ચીજ વસ્તુ ના વ્યવસાય કરતા લોકોને ટૂંકા આર્થિક લાભ માટે આવી પ્રવૃત્તિ બંધ કરવા તાકીદ કરવામાં આવે છે

તેમજ આગામી સમયમાં પ્રાસંગિક ભોજન સમારંભ માં લોકોને તથા આયોજકોને સાવચેતી રાખવા જિલ્લા કલેકટર દ્વારા અપીલ કરવામાં આવે છે.

# વાંકાનેર: ગાયત્રી શકિતપીઠ ખાતે ૩૨મો પાટોત્સવ ઉજવાયો

## ભકતોએ યજ્ઞ અને મહાપ્રસાદનો લીધો લાભ





**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર ગાયત્રી શકિતપીઠ ખાતે ૩૨ મો પાટોત્સવનું ભવ્ય આયોજન કરેલ જેમાં યજ્ઞ અને મહા પ્રસાદ કરાવેલ આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ સોમાણી. પ્રજ્ઞેશભાઈ પટેલ. ઘનશ્યામભાઈ ઢોલરીયા ખાસ હાજરી આપી હતી ભાવનાબેન ગોસ્વામી એ અને પ્રજ્ઞેશભાઈ, ઘનશ્યામભાઈ એ ગાયત્રી મંદિરની પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપી હતી. તા. ૧૬ થી ૨૦ સુધી કથાકાર અશ્વિનભાઈ જોશી મા બાપને ભૂલશો નહીં સુપ્રસિદ્ધ વકતાની શ્રી મદ ભાગવત કથાનું ભવ્ય આયોજન છે. રાત્રિના નવ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધી સતત પાંચ દિવસ સુધી કથા ચાલશે અને તા.૧૮ ના રોજ ગાયત્રી મંદિર નો પાટોત્સવ ઉજવાયેલ તેમાં ગાયત્રી પરિવારના સ્વજનો અન્ય ભકતજનોને આ પાટોત્સવમાં અને કથામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ ગાયત્રી મંદિરના મહંત અશ્વિનભાઈ રાવલે હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

# વાંકાનેર: ભાડુંના મામલે પ્રૌઢ ઉપર હુમલો

## બે માસના બાકી ભાડાની ઉઘરાણી કરતા પિતા-પુત્રે મારમાર્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર શહેરમાં સ્ટેશન રોડ ઉપર આવેલ કોમ્પલેક્સમાં રહેતા ભાડુઆતોનું ભાડું ઉઘરાવવાનું કામ કરતા પુત્ર દ્વારા બે મહિનાનું ભાડું બાકી હોય તે ભાડુઆતને ફોન કરી ભાડા અંગે સૂચિત કર્યા હોય જે બાબતનો ખાર રાખી તેના પિતા ઉપર આરોપી પિતા-પુત્રએ ઝપાઝપી કરી ગાળો આપી ધક્કો મારી પછાડી દઈ લાકડાના ધોકા વડે માર માર્યો હતો. બેબલ બનાવમાં ભોગ બનનાર પ્રૌઢને બીમારી સબબ એક પગ કપાવવો પડ્યો હોય ત્યારે એક જ પગ ધરાવતા પ્રૌઢને ધક્કો મારતા પડી જતા તેને થાપાના ભાગે ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ વાંકાનેરના સ્ટેશન રોડ ઉપર આવેલ પ્રગતિ કોમ્પ્લેક્સમાં રહેતા રાજેશભાઈ સદરુદીનભાઈ સોમાણી ઉવ.૫૭ એ આરોપી અમીનભાઈ રફીકભાઈ દાદવાણી તથા સૈફભાઈ અમીનભાઈ દાદવાણી રહે. બન્ને વાકાનેર પ્રગતિ કોમ્પલેક્ષ સીટી સ્ટેશન રોડ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. રાજેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું કે તેમનો દીકરો સાહીલ પ્રગતિ કોમ્પલેક્ષના ભાડુઆતનુ ભાડુ ઉઘરાવવાનુ કામ કરતો હોય ત્યારે બે માસનું ભાડું ચુકવ્યું ન હોય તેવા આરોપી અમીનભાઈને ફોન કરતા તેમજ રૂબરૂ જય ભાડું માંગતા તેઓએ બે માસનું ભાડું એકીસાથે આપશે ત્યારે તે બાબતે કોમ્પ્લેક્સના ભાગીદાર એવા જટુભાને આ બાબતે રાજેશભાઈના દીકરા સાહિલે ફોન કરીને જાણ કરતા તેનું અવરોપીઓને સારું નહિ લાગતા જેની દાઝ રાખી ગત તા.૧૧/૦૪ના રોજ આરોપીઓ પ્રગતિ કોમ્પ્લેક્સમાં આવી ભાડાની ઉઘરાણી બાબતે બોલાચાલી કરી ઝપાઝપી કરી રાજેશભાઈને ધક્કો મારી પછાડી દઈ આરોપી અમીનભાઈએ પગે થાપાના ભાગે લાકડાના ધોકા વતી એક ઘા કરી ફ્રેકચર કરેલ હોય ત્યારે આરોપી શૈફ અમીનભાઈએ રાજેશભાઈને ગાળો બોલી મુઢમાર માર્યો હતો. ત્યારે બનાવ બાદ રાજેશભાઈને પ્રથમ વાંકાનેર બાદ વધુ સારવારમાં રાજકોટ રીફર કરતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ રાજેશભાઈ દ્વારા બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી પિતા-પુત્ર સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ: વીજશોક લાગતા મહિલાનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદની આસોપાલવ સોસાયરીમાં ઘરની છત પાણીથી ધોતા સમયે અકસ્માતે વીજશોક લાગતા ૩૪ વર્ષીય પરિણીતાનું મોત નીપજ્યું હતું. જે અંગેની ટેલિફોનિક જાણ પોલીસને કરવામાં આવી હતી.

હળવદ ટાઉનમાં આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા હેમાંગીબેન જયકુમાર પટેલ ઉવ.૩૪ પોતાના ઘરે પાણીથી છત ધોતા હતા ત્યારે કોઈપણ કારણોસર ઈલેક્ટ્રીક શોક લાગતા હેમાંગીબેનનું મોત નીપજ્યું હતું ત્યારે મૃતકની ડેડબોડી હળવદ સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જે અંગે ફરજ પાર હાજર ડોકટરે તેમને જોઈ તપાસી મૃત જાહેર કરી બનાવ અંગેની ટેલિફોનિક જાણ હળવદ પોલીસ મથકમાં કરતા, પોલીસ દ્વારા પ્રાથમિક ખાતાકીય કાર્યવાહી પૂર્ણ કરી અ.મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી: શોભાયાત્રા દરમિયાન કોમવાદી નારા લગાવનાર મહિલા સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં બે અલગ-અલગ કોમ વચ્ચે વૈમનસ્ય ઉભું થાય તે રીતે ચાલુ શોભાયાત્રા દરમિયાન ધાર્મિક લાગણી દુભાય તેવા નારા લગાવતી મહિલા સામે એ-ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલા સામે જાહેર સુલેહ શાંતિના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.૧૭/૦૪ના રોજ રામનવમી નિમિતે મોરબી જીલ્લાના સર્વે સનાતન હિન્દૂ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી ત્યારે શોભાયાત્રા મોરબીના નવાડેલા રોડ નજીક પહોંચી હતી ત્યારે કોઈ અજાણી મહિલા દ્વારા ડી.જે.માં વાગતા ભજન બંધ કરી માઈક્રોફોન પોતાના હાથમાં લઈ સુલેહ શાંતિ ભંગ થાય તથા બે અલગ અલગ કોમ વચ્ચે ધિક્કાર તથા દુશ્મનાવટ ઉભી થાય તેવા ઈરાદા સાથે ધાર્મિક લાગણી દુભાય તેવા અવિવેકી સૂત્રોચ્ચાર કરી નારા લગાવનાર અજાણી મહિલા સામે મોરબી ઈદ મસ્જિદ રોડ શેરી નં.૨ માં રહેતા ફારૂકભાઈ આદમભાઈ અઘામ દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે અજાણી મહિલા આરોપી સામે ધાર્મિક ભાવનાઓને હાનિ, સુલેહ શાંતિ ભંગ જેવી અલગ અલગ આઈપીસી કલમ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ: રીક્ષામાં ફેરા બાબતે બે ભાઈઓ ઉપર ત્રણ શખ્સોનો હુમલો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ ટાઉનમાં આવેલ રાજોધરજી સ્કૂલ પાસે રાત્રીના બસમાં ઉતારતા પેસેન્જરોને રીક્ષામાં બેસાડી ફેરા કરતા બે સગા ભાઈઓને અન્ય અલગ અલગ ત્રણ રીક્ષામાં ફેરા કરતા બે પુત્ર તથા પિતા સહીત ત્રણ શખ્સોએ આ પોઈન્ટ ઉપર ફેરા કરવા નહિ આવવાનું કહી લોખંડની ટામી દ્વારા માર માર્યાની હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

હળવદ શહેરના ભવાનીનગર ઢોરા નજીક રહેતા નરેશભાઈ ચંદુભાઈ વિંધાણી અને તેમનો ભાઈ વિષ્ણુ ચંદુભાઈ વિંધાણી રાત્રી દરમિયાન રીક્ષા ચલાવતા હોય, જે પોતાની રીક્ષા રાજોધરજી સ્કૂલ પાસે મેલડી માતાજીના મંદિર સામે ઉભી રહેતી બસના પેસેન્જરોને પોતાની રીક્ષામાં બેસાડી ફેરા કરતા હોય ત્યારે આ જગ્યાએ અન્ય રીક્ષાના ફેરા કરતા અલગ અલગ રીક્ષા ચલાવતા ઘનશ્યામભાઈ મકવાણા, આનંદ ઘનશ્યામભાઈ મકવાણા તેમજ અશોક ઘનશ્યામભાઈ મકવાણાને આ પોઈન્ટ ઉપર નરેશભાઈ અને વિષ્ણુભાઈ રીક્ષાના ફેરા કરતા હોય તેનું સાર નહિ લગતા ત્રણેય પિતા-પુત્રો આવી બંને ભાઈઓને કહેવા લાગેલ કે આ પોઈન્ટ ઉપર ફેરા કરવા આવવાની ના પાડેલ છે તેમ કહી ગાળો આપી તમાચા મારી દીધા હતા બાદમાં લોખંડની ટામી દ્વારા તથા લાકડાના ધોકા દ્વારા બંને ભાઈઓની પાછળ દોડી માર માર્યો હતો. ત્યારે સમગ્ર માર મારવાના બનાવ મામલે નરેશભાઈ ચંદુભાઈ વિંધાણી દ્વારા ત્રણેય આરોપી આનંદ ઘનશ્યામભાઈ, અશોક ઘનશ્યામભાઈ તથા ઘનશ્યામભાઈ તમામ રહે.ભવાનીનગર ઢોરા વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોરબી: નાર્કોટિક્સના ગુનામાં છ માસથી વોન્ટેડ શખ્સ એમ.પી. ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા વધુ એક નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો છે. જેમાં હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ નાર્કોટિક્સ ગુનામાં છેલ્લા છ મહીનાથી નાસતા ફરતા રાજસ્થાન રાજયના આરોપી ભેરુલાલ ઉર્ફે ભેરવનાથ ગુજરને મધ્ય પ્રદેશ રાજયના કુક્ષી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપીને પકડી લઈ હસ્તગત કરી હળવદ પોલીસ મથકમાં સોંપવાની તજવીજ હાથ ધરી છે.મોરબી પેરોલ સ્કવોડ ટીમના એએસઆઈ રામભાઈ મંઢ, જયવંતસિંહ ગોહીલ, હેડ કોન્સે. પૃથ્વીરાજસિંહ જાડેજા તથા દશરથસિંહ ચાવડાને ખાનગીરાહે હકિકત મળેલ કે, એનડીપીએસના ગુનાનો આરોપી ભેરૂલાલ ઉર્ફે ભેરવનાથ ગુજર(રાજસ્થાન)વાળો હાલ મધ્ય પ્રદેશ રાજયના ધાર જીલ્લાના કુક્ષી ખાતે આવેલ જયેશ કોટનમીલમાં ટ્રક ટ્રેઈલર લઈ માલ ભરવા આવેલ હોવાની ચોકકસ મળી હતી. જે બાતમીને આધારે મોરબી પેરોલ ફર્લો સ્કવોડની એક ટીમ બનાવી મધ્ય પ્રદેશ રાજયમાં તપાસ અર્થે પહોંચતા ઉપરોકત હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો આરોપી ભેરૂલાલ ઉર્ફે ભેરવનાથ હરીકીશન હજારીલાલ ગુજર ઉવ.૨૫ મૂળરહે.માતાજી કા ખેડા જવાસીયા ગામ તા.ગંગસર જી.ચિતોડગઢ (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી હળવદ પો.સ્ટે. ખાતે લાવી ઉપરોકત નોંધાયેલ ગુનામાં અટક કરી આગળની કાર્યવાહી અર્થે હળવદ પોલીસ મથકમાં સોંપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# વાંકાનેર: ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે ઝડપાયા

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર સિટી પોલીસ ટીમ દ્વારા શહેરના જીનપરા જકાતનાકા નજીક બાલા હનુમાન મંદિર સામે દરોડો પાડી ગતરાત્રીના જાહેરમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે શખ્સોને રંગે હાથ ઝડપી પાડી બંને સામે વાંકાનેર સીટી પોલીસમાં ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા શહેરના જીનપરા જકાતનાકા નજીક બાલા હનુમાન મંદિર સામે દરોડો પાડી જાહેરમાં આઈપીએલની લખનઉ સુપર જાયન્ટસ અને ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ વચ્ચે ચાલતી ટી-૨૦ ક્રિકેટ મેચમાં સટ્ટો રમી રમાડતા આરોપી જીજ્ઞેશભાઈ ઉર્ફે પેપો અશ્વિનભાઈ વીંછી (ઉ.વ.૩૫, રહે. દરબારગઢ રોડ, વાંકાનેર) અને કલ્પેશભાઈ બાબુલાલ મહેતા (ઉ.વ. ૪૬, રહે. ઠક્કર શેરી, મેઈન બજાર, વાંકાનેર)ને રોકડ રકમ રૂ.૨,૭૦૦ તથા બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૨,૭૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મિત્રો વચ્ચે મોબાઈલમાં થયેલી માથાકુટ

# મોરબી: આગની ઘટનામાં પ્રૌઢના મોતના મામલે ચારની ધરપકડ

## હુમલાખોરોએ રેકડીમાં આગ લગાડતા વચ્ચે પડેલા યુવકના પિતાને ધકકો મારતા દાઝી જતા સારવારમાં દમ તોડયો તો

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબીના સામાકાંઠા વિસ્તારમાં રામકૃષ્ણગરમાં રહેતા યુવકને તેના મિત્ર સાથે ફોનમાં કોઈ બાબતે બોલાચાલી થઈ હોય જેનો ખાર રાખી યુવક અને તેના ઘર પરીવાર ઉપર હુમલો કરવાના બનાવમાં યુવકના ઘરની બહાર ચપ્પલની લારીમાં આગ લગાડતા વચ્ચે પડેલ યુવકના પિતાને સળગતી લારીમાં ધક્કો મારી પાડી દેતા જેમાં દાઝી ગયેલ યુવકના પિતાનું સારવારમાં મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો ત્યારે હત્યાના ગુનામા સંડોવાયેલા ચાર આરોપીઓને મોરબી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા છે જયારે હજુ એક આરોપીની અટક કરવા બાકી હોય ત્યારે તેની શોધખોળની તજવીજ હાથ ધરી છે.

હત્યાના ગુનાની ટૂંક વિગત મુજબ મિત્રો સાથે ફોનમાં બોલાચાલીનો ખાર રાખી યુવક ઉપર હુમલો કરાયો હતો જે બાબતે યુવકની માતા દ્વારા બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યુ કે મોરબીના રામકૃષ્ણનગરમાં ગઈ તા.૧૩/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના સમયે યુવકના રહેણાકના સ્થળે આરોપીઓએ ભેગા મળી મારામારી કરેલ ત્યારબાદ આરોપીઓના અન્ય મિત્રોએ ફરીયાદીના પતિને માર મારી ઘરની બહાર શેરીમા રાખેલ ચંપલની લારીને આગ લગાડી સળગાવી નુકશન કરેલ અને ફરીયાદીના પતિ (મરણજનારને ) માર મારી સળગતી લારી પાસે ધકો મારી ફેકી દીધેલ જેઓ સારવાર દરમ્યાન મરણ જતા ગુનામા કલમ ૩૦૨નો ઉમેરો કરી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ મોરબી બી ડિવિઝન પોલીસ દ્વારા જુદી જુદી ટીમ બનાવી આરોપી શનીભાઈ ઉર્ફે વેલાભાઈ રમેશભાઈ લાલુકીયા ઉવ ૩૨ રહે.મોરબી રામકુષ્ણનગર શેરી નં આર/૧૦, જયદેવસિંહ ઉર્ફે જયુભા પંચાણજી ઝાલા ઉવ.૩૫ રહે.મોરબી ભડીયાદ રોડ રામાપીરના ઢોળા પાસે, વિમલભાઈ નટૂભાઈ કામળીયા ઉવ.૨૭ રહે-ઘુંટૂગામ, રામકો વીલેજ સોસાયટી મોરબી-૨, સંદીપભાઈ રાજેશભાઈ બોળા ઉવ.૨૦ રહે-ઘુંટૂગામ, રામકો વીલેજ સોસાયટી મોરબી-૨ એમ કુલ ચાર આરોપીઓને શોધી જેલ હવાલે કરવામાં આવ્યા છે ત્યારે હજુ એક અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે.

# મોરબી: આરોગ્ય કેન્દ્રમાં કેન્સર જાગૃતિ માટે યોજયો વર્કશોપ

## નિષ્ણાત મેડિકલ ઓફિસર થકી અપાયું સચોટ માર્ગદર્શન

**અબતક,ઋષીમહેતા, મોરબી**



મોરબી જિલ્લા પંચાયત મોરબી ખાતે આરોગ્ય શાખા દ્વારા કેન્સર રોગની જાગૃતિ અર્થે એક વેર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

જિલ્લા પંચાયત ખાતે કેન્સર જેવા ગંભીર રોગ મામલે આજે વર્કશોપ યોજાયો હતો જેમાં એમબીબીએસ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા તેમજ જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું


વર્કશોપ જિલ્લા પંચાયત ખાતે યોજાયો હતો જેમાં વિવિધ તજજ્ઞ દ્વારા વકતવ્ય કરવામાં આવ્યું હતું

મોરબી જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ના મેડિકલ ઓફિસર તથા તમામ તાલુકા હેલ્થ ઓફિસર ને માર્ગદર્શન પૂરું પાડવા માટે ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ ખાતેથી કેન્સર નિષ્ણાંત ડોકટર તથા સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટ ખાતેથી ઓનકોલોજિસ્ટ હાજર રહ્યા હતા અને વર્કશોપ માં હાજરી આપનાર ને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

# ૧૦૮ એમ્બ્યુલેન્સ બની સગર્ભા માટે આશિર્વાદ રૂપ

## પડધરીની ૧૦૮ની ટીમે સગર્ભાની એમ્બ્યુલન્સમાં સફળ ડિલેવરી કરી

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**



રણુજા કોઠારીયા વાડી વિસ્તારનો ડિલીવરી કેસ પડધરી ૧૦૮ એમ્બ્યુલન્સને મળતા ૧૦૮ એમ્બ્યુલનસના ઈ.એમ.ટી. મહેન્દ્રભાઈ ચૌહાણ તથા પાયલોટ સંજયભાઈ ગઢવી, સુરેખાબેન ગોપાલભાઈ પચાયાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ જવામાં આવતા ૧૦૮માં જ સુરેખાબેનને દુ:ખાવો થતાં ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. મહેન્દ્રભાઈ ચૌહાણએ એમ્બ્યુલન્સમાં જ ડિલીવરી કરાવવાની ફરજ પડી હતી.

બાળકના ગળામાં નાળ વિંટાઈ ગયેલું હતું. ત્યારે એમ્બ્યુલન્સના મહેન્દ્રભાઈ એ ઈ.આર.સી.પી. ડો. પ્રજાપતિએ ઓનલાઈન કોલ દ્વારા જે સારવાર સુચવી તે મુજબ જોખમી ડિલવરી સફળતા પૂર્વક પૂર્ણ કરી હતી. અને માતા તેમજ બાળકનો જીવ બચાવી પડધરીની સીએચસી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. હાલ માતા અને બાળક બન્નેની તબીયત સારી છે.

# વઢવાણના ખેરાળી ગામે બાલાપીર દાદાના ઉર્ષનો સોમવારથી પ્રારંભ

## પરંપરા મુજબ લાખાણી પરિવારને ત્યાંથી સંદલ શરીફ સુરેન્દ્રનગરથી ખેરાળી પ્રસ્થાન : કાલે જુલાસ સોમવારે મહાપ્રસાદ

**અબતક,સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



વઢવાણ તાલુકાના ખેરાળી ગામ એટલે કોમી એકતાનું કોમી એકતા નું પ્રતીક ગણાય છે જ્યાં રામજી મંદિર અને ખેરાળી બારાપીર દાદાની દરગાહ બંને પાસે જ છે જ્યાં લોકો મંદિરે દર્શને જાય છે તો દાદા ને પણ દર્શન કરવા માટે જાય છે ત્યારે આ કોમી એકતાના માહોલ વચ્ચે સોમવારથી ઉર્સ શરીફની ઉજવણીનો પ્રારંભ થનાર છે ત્યારે સોમવારના રોજ સિકંદર સિંગના જાણીતા અને ખેરાલિના વતની એવા મરહુમ અકબર અલી લાખાણી ના નિવાસ્થાનેથી સંદલ શરીફ વાજતે ગાજતે ખેરાલી ગામે બાલાપીર ની દરગાહ ખાતે પહોંચશે જ્યારે સોમવારે રાત્રિના ખેરાડી ગામ ખાતે ભવ્ય વાએઝ નો પ્રોગ્રામ રાત્રિના ૧૦:૦૦ કલાકે દરગાહ ખાતે યોજાનાર છે જેમાં મુસ્લિમ સમાજના અને કોમી એકતા ના રાહબર હજી સૈયદ યુસુફ મિયા બાપુ તેમજ હાજી હનીફ બાપુ સુરેન્દ્રનગર જુમ્મા મસ્જિદ પેસીમામ તેમજ હાજી અબ્દુલ રહેમાન હાફીઝજી શાનદાર તકરીર ફરમાવશે જ્યારે કાલે રાત્રિના ૧૧ વાગ્યે બાલાપીરની દરગાહ ખાતે સંદલ શરીફનું ભવ્ય આયોજન ત્યારબાદ ૨૩ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યાથી સાંજના ત્રણ વાગ્યા સુધી દરેક હિન્દુ મુસ્લિમ દરેક કોમના ભાઈ બહેનો માટે ભવ્ય મહાપ્રસાદની ની આજ પ્રોગ્રામ અને ત્યારબાદ ઉર્સ શરીફની પૂર્ણાહુતિ કરવામાં આવશે ત્યારે આ ખેરાલી ગામ એટલે ખેરાડી ગામમાં અકબર અલી લાખાણીની એક આગવી ઓળખ છે અને સિકંદર સિંગ એટલે ખેરાળી ના સિકંદર બાદશાહ ગણાય જેવો એ શાળાઓમાં તેમજ જે ખેલાડી ગામ ખાતે રામજી મંદિર આવેલું છે તેમાં પણ નાત જાતના ભેદભાવ વગર તેમનો મોટો ફાળો રહેલો છે તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાખાણી પરિવારના રાજુભાઈ તેમજ સલીમભાઈ જાવેદભાઈ તેમજ તેમના સાથી મિત્રો હાલમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત ગ્રામજનો ખેરાડી ગામના સરપંચ સહિતના લોકો ઉર શરીફમાં ભાગ લઈ અને પૂરતા પ્રમાણમાં સહયોગ આપી રહ્યા છે ત્યારે ખેરાડી ગામે બિરાજમાન થયેલા બાલાપીર દાદા નો પણ એક અનોખા પ્રકારનો જલજલો છે અને આ ગામમાં રામજી મંદિર છે સ્વામિનારાયણ સંપ્રદાય નું પણ મંદિર આવેલું છે ત્યારે રામજી મંદિર પણ છે અને સાથોસાથ બાલાપીરના પણ ખેરાડી ગામમાં બેસણા છે તળાવની પાળ ઉપર ખેરાળી પીર દાદા ની દરગાહ આવેલી છે જ્યાં આ ગામમાં કોઈ પણ જાતનો નાથ જાતનો કે ધર્મનો કોઈપણ પ્રકારનો કોઈપણ જ્ઞાતિને રાગદોષ નથી જ્યારે તમામ લોકો સાથે હળી મળી અને નાનું ગામ હોવા છતાં પણ આ ગામ સુખી સમૃદ્ધ અને સંસ્કારોના સંસ્કારના સિચન કરતું આ ખેરાડી ગામ છે ત્યારે આ ગામમાં લોકો દેવસ્થાનો થકી સુખ સમૃદ્ધિ અને શાંતિ પ્રિય રીતે નાના એવા ખેરાડી ગામમાં વસવાટ કરે છે અને આમ જોવા જઈએ તો સુરેનૂદ્રનગર થી માત્ર સાત આઠ કિલોમીટર જ દૂર હોવાના કારણે આ ગામ બહુ દૂર પણ ન કહેવાય જ્યાં આજથી ત્રિ દિવસીય વર્ષનો પ્રારંભ થશે અને સમસ્ત ગ્રામજનો ઉર્સ શરીફમાં ભાગ લઈ અને ધન્યતા અનુભવશે તેવું પણ આ ગામના લોકોનું માનવું છે જ્યારે ખેરાળી ના બાલાપીર દાદા એટલે બાલમશા પીર જેનું ટૂંકું નામ બાલાપીર દાદા તરીકે ખેલાડીમાં જાણીતું છે જ્યાં અનેક લોકોની માનતા પણ પૂર્ણ થાય છે અને રમણીય અને સુંદર વાતાવરણ વચ્ચે આ નાના એવા ગામમાં ત્રણ ધાર્મિક સ્થાનો આવેલા છે જ્યાં લોકો મુસ્લિમો ગુરુવારે દરગાહ ખાતે આવે છે અને નાળિયેર વધેરી ફૂલ ચડાવી અને આસ્થા સાથે દુઆ માંગે છે તો સવાર અને સાંજ રામજી મંદિરમાં આરતીનો પણ લાભ દરેક કોમના લોકો લે છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો પણ તેમના સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તો પણ સાંજના સમયે આરતી સવારે આરતી સાથે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આ નાના એવા ગામ ખેરાડીમાં ધન્યતા સાથે હળી મળી અને રહે છે.

# સુરેન્દ્રનગરની વિચરતી જાતિના પરિવારોના પાણી માટેના વલખાં

## પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં ન આવતી હોવાના આક્ષેપ કલેક્ટરને લેખિત રજૂઆત કરાય



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના નવા જંક્શન રોડ પર આવેલી પંકજ સોસાયટી પાસે રહેતા વિચરતી જાતિના અંદાજે ૧૦થી વધુ પરિવારોને તંત્ર દ્વારા પીવા માટેનું પાણી પુરૂ પાડવામાં ન આવતું હોવાની વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા જિલ્લા કલેકટરને લેખીત રજૂઆત કરવામાં આવી હતી.

વિચરતી જાતિના ૧૦ જેટલા પરિવારો છાપરામાં રહી વસવાટ કરે છે. આ પરિવારો છેલ્લા ૭૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી ત્યાં રહે છે અને તેમની પાસે રેશનકાર્ડ, આધાર કાર્ડ સહિતના તમામ પુરાવાઓ હોવા છતાં આ વસાહતોમાં કોઈપણ જાતની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી નથી.

વધુમાં પીવાના પાણી માટે છેલ્લા ઘણા સમયથી વલખા મારવાનો વારો આવી રહ્યો છે અને આસપાસની સોસાયટીમાંથી માંગીને પાણી લાવે છે.

તેમજ બે કિલોમીટર દૂર આવેલા રેલવે જંકશને પાણી ભરવા જવું પડે છે. પીવાના પાણીની સમસ્યાના કારણે આ પરિવારની દીકરીઓમાં અભ્યાસનું સ્તર પણ ઘટ્યું છે અને શાળામાંથી ડ્રોપઆઉટ થઈ જતી હોવાની રજૂઆત કરી હતી.

# ધોરાજીઃ જમનાવડ રોડ પર પાણી પ્રશ્ને મહિલાઓ બની રણચંડી

## પાલીકા વિરૂધ્ધ નારાબાજી કરી મતદાન કરવા બહિષ્કારની ચીમકી

**અબતક, રમણીકભાઈ ટોપીયા, ધોરાજી**



ધોરાજીના જમનાવડ રોડ પર અનિયમિત પાણી મળવાને કારણે ૧ મહિલાઓએ રોષભેર નગરપાલિકા ૧ = વિરુદ્ધ નારેબાજી પોકારી હતી અને આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવા માટે પણ ચીમકી ઉચ્ચારી હતી ધોરાજીના જમનાવડ રોડ પર છેલ્લા કેટલાક સમયથી અનિયમિત પાણી વિતરણ થતું હોવાના કારણે આ વિસ્તારના રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને ઉનાળાના સમયમાં ધૂમ ધકતા તાપમાન મહિલાઓએ પાણી માટે વલખા મારવી પડે તેવી સ્થિતિ સર્જાય છે આમ પણ ધોરાજી ૧ નગરપાલિકા દ્વારા દર ચારથી પાંચ ૧ દિવસે પાણી વિતરણ થાય છે અને તેમાં પણ જો અનિયમિતતા અથવા

તો ખામી સર્જાય તો ચારને બદલે આઠ દિવસે પાણી આવે છે જમનાવટ રોડ પર મારુતિ નગર અને આસપાસની સોસાયટીમાં અનિયમિત પાણી આવતું રહેતું હોવાથી મહિલાઓ ઉગ્ર રોષ સાથે સોસાયટીમાં એકત્રિત થઈ પોતાનો રોષ અને પોતાની વ્યથા મીડિયા કર્મીઓ સામે ઠાલવી હતી અને એકત્રિત થયેલ મહિલાઓએ જણાવ્યું હતું કે અમે અનેક વખત ધોરાજી નગરપાલિકામાં રજૂઆત કરી છે અને જે જગ્યા પર થી પાણી સપ્લાય થાય છે ત્યાં પણ અમે રૂબરૂ જઈ પાણી નિયમિત કરવા બાબતે રજૂઆતો કરી ચૂક્યા છીએ પરંતુ અમારી રજૂઆત પર નગરપાલિકા કોઈપણ પ્રકારનું ધ્યાન આપતી નથી આથી હવે આગામી લોકસભાની ટૂંણી આવી રહી છે જેમાં જમનાવડ રોડ અને રોડ પર આવેલી વિવિધ સોસાયટીઓ ના રહીશો મતદાન થી અલિપ્ત રહેશે અને ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરશે તેવી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી હતી.એકત્રિત થયેલ મહિલાઓએ નગરપાલિકા હાય હાય અને પીવાનું પાણી આપો તેવા નારા બોલાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

# સુરેન્દ્રનગરના મુળીમાં યોજાયો મતદાન જાગૃતિ કાર્યક્રમ

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘનો એક સફળ પ્રયાસ



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મુળી તાલુકા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મુળી તાલુકા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન સંદર્ભે મુળી તાલુકા ના સંઘ સાથે જોડાયેલા હોદ્દેદારો તેમજ શિક્ષકો દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં સારું મતદાન થાયએ આશય સાથે મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સરલા ખાતે યોજવામાં આવ્યો હતો.

જેમાં મુળી તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના પ્રમુખ ગુણવંતભાઈ મહેતા, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક શિક્ષક સંઘના વરિષ્ઠ ઉપાધ્યક્ષ વારિસભાઈ ભટ્ટા, જિલ્લા કારોબારીના ભાગીરથસિંહ રાણા, સરલા પ્રાથમિક શાળાના આચાર્ય ડો.મુકેશભાઈ મકવાણા, જશાપર માધ્યમિક શાળાના આચાર્ય આભેસંગ ભાઈ તેમજ વેલાળા માધ્યમિક શાળાના આચાર્ય જગતસિંહ ઝાલા સરા માધ્યમિક શાળાના શૈલેષભાઈ ત્રિવેદી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મુળી તાલુકાના શિક્ષકોને પોતાના વિસ્તારમાં બાળકો થકી વાલીઓ મતદાન કરવા પ્રેરાય એ આશય સાથે વિગતે વાતો કરવામાં આવી હતી. બાળકો થકી વાલીઓ જાગૃત બને અને સારું મતદાન થાય એવા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મુળી તાલુકા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

# ગોંડલઃ ગાયત્રી પરિવાર દ્વારા શકિતપીઠ પુષ્કર ખાતે મૌન સાધના અને અનુષ્ઠાન પૂર્ણ



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ચૈત્રી નવરાત્રી દરમ્યાન ગોંડલ ગાયત્રી પરિવાર નાં છવ્વીસ ભાઈ બહેનો એ રાજસ્થાન નાં પુષ્કર ગાયત્રી શક્તિ પીઠ ખાતે ભરતસિંહ જાડેજાનાં વડપણ હેઠળ નવ દિવસ મૌન સાધના સાથે ૨૪૦૦૦ ગાયત્રી મંત્ર ની સાધના પુર્ણ કરી હતી.

# ગોંડલઃ તંત્ર દ્વારા નર્મદા નીરના વધામણાં

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ શહેરની વસ્તી અને વ્યાપ પ્રતિ વર્ષ વધી રહ્યો હોય શહેરના જીવાદોરી સમાન વેરી તળાવ, આશાપુરા ડેમ અને સેતુબંધ ડેમનાં ઉનાળાની શરૂઆતમાં જ તળિયા દેવખા લગતા હોય શહેરમાં પાણીની તંગી ન સર્જાય તે માટે ગોંડલ ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા દ્વારા રાજ્ય સરકાર પાસે નર્મદા નાં નીરની માંગ કરવામાં આવી હોય જેને અનુલક્ષીને રાજ્ય સરકારના નાં પાણી પુરવઠા વિભાગ દ્વારા નર્મદાના નીર વેરી તળાવમાં ઠાલવી છલોછલ ભરી દેવામાં આવતા ભર ઉનાળે વેરીતળાવ ઓવરફલો થતા પાલિકા પ્રમુખ મનીષભાઈ ચનિયારા, ઉપ પ્રમુખ પ્રતિનિધિ જેન્તીભાઈ સાટોડીયા, કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા, વોટર વર્કસ શાખા ચેરમેન શૈલેષભાઈ રોકડ, નાગરિક બેંક ચેરમેન અશોકભાઈ પીપળીયા, પ્રફુલભાઈ ટોળિયા સહિતના આગેવાનો દ્વારા નર્મદાના નીર નાં વધામણાં કરાયા હતાં

# ચોટીલાઃ ગ્રામ રક્ષક દળના જવાનની ૧૫ દિવસની તાલીમ પૂર્ણ




**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા પોલીસ સ્ટેશનનાં આજુબાજુના ગામડાઓમાંથી જી.આર.ડી. જમાદાર મહિપતસિંહ પરમાર સાથે નવા ભરતી થયેલ ૪૭ જીઆરડી સભ્યોની ૧૫ દિવસની તાલીમ પૂર્ણ થતા તેઓની પાસીંગ આઉટ પરેડ યોજાય હતી. પોલીસ સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવા નવા નિયુકત થયેલ જીઆરડી સભ્યોને આગામી લોકસભા ચૂંટણી માટે તૈયાર કરવામાં આવશે.

# સુરેન્દ્રનગર સહિતના સ્ટેશનોને મળશે વિશેષ ટ્રેનનો લાભ

## બંને દિશાએ ટ્રેન ફરી વળશે ૨૦ જેટલી ટ્રીપ કરીને મુસાફરોને આપશે અનન્ય સુવિધા

**અબતક,સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નં. ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૦ ટ્રીપ કરશે. ટ્રેન નં. ૦૯૫૨૩ ઓખા - દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ૨૩ એપ્રિલ થી ૨૫ જૂન સુધી દર મંગળવારે સવારે ૧૦ કલાકે ઓખાથી ઉપડશે, તે જ દિવસે ૧૪:૪૦ કલાકે રાજકોટ પહોંચશે અને બીજા દિવસે સવારે ૧૦:૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલા પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નં. ૦૯૫૨૪ દિલ્હી સરાય રોહિલ્લા-ઓખા સ્પેશિયલ ૨૪ એપ્રિલ ૨૦૨૪થી ૨૬ જૂન ૨૦૨૪ દરમિયાન દર બુધવારે બપોરે ૧૩:૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૯ કલાકે રાજકોટ અને બપોરે ૧૩:૫૦ કલાકે ઓખા પહોંચશે.આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઇ, અલવર અને રેવાડી સ્ટેશનો પર રોકાશે

# સુરેન્દ્રનગરઃ ૮૦ ફૂટ રોડ પર ગટરના પાણી ઘરોમાં ઘુસ્યાઃ રોગચાળાની ભીતિ

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર સંયુક્ત પાલિકા દ્વારા કરોડડના ખર્ચે ભુગર્ભ ગટર નાંખવામાં આવી છે. પરંતુ નિયમિત સફાઈ ના અભાવે હાલ ચેમ્બર બ્લોક થઈ જતા ગંદા પાણી ઘરમાં આવતા લોકોને રોગચાળાનો ભય રહે છે.જેની રજૂઆત છતા સમસ્યા હલ ન થતા રહીશોમાં રોષ ફેલાયો છે.

સુરેનૃદ્રનગરમાં પાલિકા દ્વારા લોકોની ખુલ્લી ગટરથી છુટકારો મળે અને સુવિધામાં વધારો થાય માટે કરોડોના ખર્ચે ભુગર્ભ ગટર નાંખવામાં આવી હતી.ત્યારે આ ભુગર્ભ ગટરની નિયમિત સફાઈના અભાવે ગંદા પાણી ઉભરાવાની સમસ્યા રહે છે.આથી સુવિધા માટે નાંખેલી ગટર દુવિધારૂપ બની રહી છે.ત્યારે શહેરના વોર્ડનં ૬માં ઘણા સમયથી ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે.પણ રીપેરંગ કામ કરવામાં આવતું નથી.આથી ભરઉનાળે ચોમાસુ માહોલ જેમ રસ્તાપર ગંદા પાણી ફરી વળતા રહીશો હેરાન થઈ રહ્યા છે,અને રોગચાળાનો ભય ફેલાયો છે. તળપદા કોળી બોર્ડિંગ પાસે રહેતા કાનજીભાઈ, દીગુભા સહિતના રહીશોએ જણાવ્યુ કે અમારા મકાનનું કનેક્શન હાલ જે ચેમ્બરમાં આપ્યુ છે તેમાંથી પાણી ઉભરાઇને પાછુ આવે છે,

તો પાલિકા હાલ ચેમ્બર સાફ કરાવી આપે અથવા નવી ચેમ્બરમાં અમારા મકાનનું ગટર કનેકશન આપે તો અમારે ગંદકીનો પ્રશ્ન હલ થાય.હાલ ચૂંટણીનો માહોલ છે ત્યારે જ આવી સમસ્યા થતા રાજકીય પક્ષો માટે આ સમસ્યા માથાના દુખાવા સમાન બની રહેશે

# ભુજઃ હીટ વેવથી પશુધનનું રાખો ખાસ ધ્યાન પશુપાલકો અને ખેડુતોએ માટે ગાઈડ લાઈન જારી

## પશુઓનું ધ્યાન રાખો અને ઠંડુ પાણી આપો

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શકયતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિકલરથી સિંચાઈ કરો.

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ષ્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.

# સુરેન્દ્રનગરઃ વઢવાણના દલપતબાગમાં મહાકવિ દલપતરામની પ્રતિમા મુકાઈ

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



વઢવાણ શહેરમાં દલપત બાગમાં મહાકવિ દલપતરામ નવી પ્રતિમા મુકાય છે.પરંતુ લોકસભા ચૂંટણીની આચાર સંહિતા લાગી જતા લોકાર્પણ થયુ શક્યુ નથી. આથી દલપતબાગમાં દલપતરામ પ્રતિમાને કપડાથી ઢાંકી દેવામાં આવી છે.

શહેરમાં લાખુપોળ દરવાજા બહાર ૨૦૦૫માં શહેર વિકાસ વર્ષ નિમિતે બાગ બનાવાયો હતો.ગુજરાતી સહિતના મહાકવિ દલપતરામનો જન્મ વઢવાણમાં થયો હતો.આથી આ બાગનું નામ દલપતરામ બાગ રખાયુ હતુ.છેલ્લા ૨૦ વર્ષથી દલપતરામ બાગમાં દલપતરામની પ્રતિમા અને દલપતરામ બાગમાં દલપતરામની પ્રતિમા અને દલપતર સાહિત્ય માટે સાહિત્ય પ્રેમીઓની માંગ સહિત્ય પ્રેમીએ કરી હતી.ત્યારે દલપતામ બાગમાં મહાકવિ દલપતરામની પ્રતિમા મૂકાઈ પરંતુ ચૂંટણી જાહેર થતા કાપડથી ઢાંકી દેવામાં આવી છે.

# રાજકોટમાં દલિત યુવાનનું પોલીસના મારથી કથિત મૃત્યુની ઘટનાને મહિલા અગ્રણી રેખા મકવાણાએ વખોડી

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપની સરકાર છે સરકારના પોતાના આંકડા મુજબ દર વર્ષે અનુસુચીત જાતી પરના અત્યાચારો મા વધારો થતો આવ્યો છે. ઘણીવાર પોલીસ તંત્ર દ્વારા એફ.આઈ.આર. કરવામાં આવતી નથી. તો ઘણીવાર એફ.આઈ.આર કરવામાં આવે છે, પણ પગલા લેવામાં આવતા નથી. કોઈ કાર્યવાહી કરવામા આવતી નથી જેથી અત્યાચારીઓને મોકળુ મેદાન મળી જાય છે. પોલીસ તંત્ર મોટા ભાગે ગુનેગારો સાથે ઘરોબો ધરાવતો. હોવાથી પગલા લેતા નથી ગુજરાતમા આવા અસંખ્ય કીસ્સાઓ છે

રાજકોટમા માત્ર બે પાડોસીના સમાધાનમા ગયેલ યુવાન ગોપાલભાઈ દેવસીભાઈ રાઠોડને માલવીયા નગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ તથા પોલીસ સ્ટાફે વગર ગુન્હાએ વગર એફ.આઈ.આર વગર ફરીયાદે ઢોર માર મારી હત્યા કરી છે પોલીસ રક્ષક ને બદલે ભક્ષક બની છે

આ કિસ્સામા પોલીસનુ ચરીત્ર સામંતવાદી માનસીકતા વાળુ છે. સામાજીક/આથીક/રાજકીય, ધામીક બળુકા ગુનેગારો પ્રત્યે પોલીસ અનહદ વિવેક દાખવતી જોવા મળે છે. પણ આદીવાસી દલીતો ઓ.બી.સી સમુદાયના લોકો પ્રત્યે તિરસ્કાર ભરયુ વર્તન દાખવે છે. હમીરભાઈ રાઠોડનું પોલીસ સ્ટેશનમાં માર મારવાથી મુત્યુ થયું છે આ કસ્ટોડિયલ ડેથ તો, ગણાય જ. પણ નાગરીક અધિકારોનું અસલી ડેથ પણ ગણાય.

ભારતના સંવિધાનમાં નાગરિકોના અધિકારો નું રક્ષણ માટે ખુબજ કાયદાઓ છે. હમીરભાઈ રાઠોડ ને મારનાર એ.એસ.આઈ અશ્વિનભાઈ કાનગડે આતંકવાદી કૃત્ય કર્યું છે આઝાદીના ૭૫ વર્ષ પછી પણ ગરીબ-લાચાર માણસની સ્થીતીમા કોઈ ફેરફાર થયો નથી ગરીબ-લાચાર-અનુસુચીત જાતી લઘુમતી ઓ.બી.સી. આદીવાસીઓ સામે પોલીસ તંત્ર કાયમી હીંસક બની જાય છે. આ ગુજરાત પોલીસની કાયમી માનણીકતા રહી છે.

અમો આ આવેદન પત્ર આપીને આપની સમક્ષ માગણી કરીએ છીએ કે, ગુજરાતના પોલીસ તંત્ર સામે કડક પગલાઓ લો ગુનેગારો ને કડક સજા કરાવો જે પોલીસ સ્ટેશનમા આવા કિસ્સા બને છે ત્યારે આરોપી સામે કડક કાર્યવાહી થાય પણ જવાબદાર પોલીસ અધિકારી સામે પણ કાર્યવાહી કરવી જોઈએ તો જ ગરીબ-લાચાર- દલીત-આદીવાસી-ઓ.બી.સી.-લઘુમતીઓ પર અત્યાચારો અટકશે તેમ અંતમાં ઉપલેટા - શહેર તાલુકા અનુસુચિત જાતી મહિલા સમિતિના અગ્રણી રેખાબેન મકવાણાએ જણાવી આ ઘટનાને શખત શબ્દોમાં વખોડી કાઢેલ છે.

# કચ્છ મોરબી લોકસભા બેઠક માટે ૧૧ ઉમેદવારોએ નોંધાવી દાવેદારી

## લોકસભાની ચૂંટણી લઈને તંત્ર દ્વારા કામગીરીનો ધમધમાટ

**અબતક,નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત કચ્છ-મોરબી લોકસભા બેઠક માટે ૭મી મેના મતદાન થવાનું છે, જેને લઈને રાજકીય પક્ષો અને ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર વેગવાન બનાવ્યો છે. ત્યારે કચ્છ-મોરબી બેઠક માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધીમાં ફોર્મ ભરાયા છે. કચ્છ લોકસભા બેઠક માટે ૨૨ વ્યક્તિ ૫૨ ફોર્મ લઇ ગઇ છે. નામાંકનપત્રો ભરનારા દાવેદારોની સંખ્યા ડમી સહિત ૧૬એ પહોંચી છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે, અને કચ્છ લોકસભા બેઠક પર કુલ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. આજે ઉમેદવારી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ હતી ત્યારે કચ્છ-મોરબી બેઠક માટે કુલ ૧૧ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે.

નાયબ ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ અબતક ન્યુઝ સાથેની ટેલીફોનીક વાતચીત દરમિયાન માહિતી આપતા જણાવ્યું હતું કે, વિવિધ રાજકીય પક્ષો અને અપક્ષ પૈકી ઉમેદવારી નોંધાવનારા ઉમેદવારોની વાત કરવામાં આવે તો ભાજપના ઉમેદવાર તરીકે વિનોદ ચાવડા, કોંગ્રેસના ઉમેદવાર તરીકે નિતેશ લાલણ, અપક્ષ મહિલા ઉમેદવાર તરીકે હીરાબેન દલપતભાઈ વણઝારા, સર્વ સમાજ જનતા પાર્ટીમાંથી દુધઈ (ઈન્દ્રપ્રસ્થ)ના ભીમજી ભીખા બોચિયા, જયારે અપક્ષ ઉમેદવાર તરીકે ભુજના જયનગરમાં રહેતા બાબુલાલ લધા ચાવડા, ગુજરાત સર્વ સમાજ પાર્ટીમાંથી અંજાર તાલુકાના મેઘપર (બોરિચી)ના અરવિંદ અશોક સાંઘેલા, રાઈટ ટુ રિકોલ પાર્ટીમાંથી ભુજ તાલુકાના માનકુવાના રામજી જખુભાઈ દાફડા, રાષ્ટ્રીય પાવર પાર્ટીમાંથી રાપર તાલુકાના ચિત્રોડના દેવાભાઈ મીઠાભાઈ ગોહિલે તથા બહુજન સમાજ પાર્ટીમાંથી બછરા વિજયભાઈ વાલજીભાઈ, અપક્ષ મહિલા ઉમેદવાર તરીકે કવિતાબેન મચ્છોયા અને હિંદવી સ્વરાજ્ય દળના વીરજી શામળિયાએ ઉમેદવારી ફોર્મ ભરીને પોતાની દાવેદારી નોંધાવી છે.

ઉલ્લેખનીય છે કે, આજે અંતિમ દિવસ સુધીમાં ભાજપ, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, સર્વ સમાજ જનતા પાર્ટી, ગુજરાત સર્વ સમાજ પાર્ટી, રાઈટ ટુ રિકોલ પાર્ટી અને અપક્ષ ઉમેદવાર સહિત કુલ ૧૧ જેટલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.

જોવું એ રહ્યું કે સોમવાર સુધીમાં આ દાવેદારો પૈકી કેટલા દાવેદારો પોતાના ફોર્મ પરત ખેંચે છે.જો કે ૭મી મેના આ તમામ ઉમેદવારો માટે મતદારો મતદાન કરશે અને ચૂંટણીનો જંગ જામશે.

# જામનગર ક્રાઈમ

## સચાણા માંથી દરેડનો શખ્સ બંદૂક સાથે પકડાયો

**અબતક, જામનગર**

જામનગર પંથકમાં ગેરકાયદે હથિયાર પકડવાનો સિલસિલો અવિરત ચાલુ રહયો છે.

તાજેતરમાં એક શખ્સને હથિયાર સાથે ઝડપી લીધા પછી ગઈકાલે મોડી સાંજે સચાણા વિસ્તારમાંથી ગેરકાયદે જામનગર બંદૂક સાથે નીકળેલા એક શખ્સને એસ.ઓ.જી. શાખાએ ઝડપી લીધો છે.

મૂળ લાલપુર તાલુકા ના સણોસરા ગામનો વતની અને હાલ દરેડ વિસ્તારમાં રહેતો સદામ ઈબ્રાહીમભાઈ કાતીયાર નામનો શખ્સ પોતાના કબજામાં ગેરકાયદે દેશી હાથ બનાવટની જામગરી બંદૂક રાખીને સચાણા વિસ્તારમાં ફરી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે એસ.ઓ.જી.ની ટુકડએ દરોડો પાડ્યો હતો.

જે દરોડા દરમિયાન સચાણા ગામ તરફ જવાના રસ્તેથી એસ.ઓ.જી. ની ટીમના હાથે સદામ ઝડપાઈ ગયો હતો. તેના કબજા માંથી દેશી બંદુક કબ્જે કરી લીધી છે, અને તેની સામે પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથકમાં હથિયારધારા ભંગ અંગેનો ગુનો દાખલ કરાવ્યો છે.

## જોડીયાઃ બાલંભા ગામે ગેરેજ સંચાલકનો આપઘાત

### બિમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બાલંભા ગામમાં રહેતા અને ગેરેજ ચલાવતા એક યુવાને પોતાની ધ્રુજારીની બીમારી તેમજ માનસિક બીમારીથી તંગ આવી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની વિગત એવી છે કે જોડિયાના બાલંભા ગામમાં રહેતા અને ગેરેજ ચલાવતા સચિન કૈલાસગીરી ગોસ્વામી નામના ૨૧ વર્ષના બાવાજી યુવાને ગઈકાલે પોતાના ઘેર છતના હુકમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને બાલંભા ની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતક ના પિતા કૈલાશગિરી નરોતમગીરી ગોસ્વામી એ પોલીસને જાણ કરતાં જોડિયા પોલીસે હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક યુવાન નાનપણથી જ હાથ અને પગની ધ્રુજારીની બીમારીથી પીડાતો હતો, જેના કારણે તેનાથી ગેરેજ નું કામ પણ થઈ શકતું ન હતું, તેમજ છેલ્લા પાંચેક વર્ષથી માનસિક બીમારી પણ લાગુ પડી ગઈ હોવાથી તે બીમારીથી કંટાળી જઈ ગળાફાંષા દ્વારા આપઘાત કરી લીધો હોવાનું તેના પિતા દ્વારા જાહેર કરાયું છે.

## જામજોધપુરઃ તરસાઈ ગામે આધેડે ટ્રેન હેઠળ પડતું મૂકી કર્યો આપઘાત

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા ના તરસાઈ ગામમાં રહેતા એક આધેડે પોતાની માનસિક બીમારીના કારણે ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આત્મહત્યા કરી લીધી છે. જે મામલે જામજોધપુર પોલીસ તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના તરસાઈ ગામમાં નવાપરા વિસ્તારમાં રહેતા જગદીશભાઈ ઉર્ફે જગો કાનજીભાઈ કુડેચા નામના ૫૦ વર્ષના આધેડે તરસાઈ ગામના રેલ્વે સ્ટેશન નજીક રેલવેના પાટા ઉપર ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આત્મહત્યા કરી લીધી છે.

ધસમસતી ટ્રેનના એન્જિન હેઠળ કપાઈ જવાથી તેનું બનાવ ના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે મૃતક ના સંબંધી સંજય ભરતભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક કેજે છેલ્લા પાંચ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી તંગ આવી જઈ આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર કરાયું છે.

## ધ્રોલઃ નશીલા પદાર્થની હેરાફેરીમાં વધુ એક ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન શરૂ કર્યું છે, જેના અનુસંધાને જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર વોચ ગોઠવી નશીલા પદાર્થ બે કિલો જેટલા ગાંજા ના જથ્થા સાથે ધ્રોળ અને જામનગર તરફ આવી રહેલા બે શખ્સોને અટકાયતમાં લઈ લીધા હતા, જે પ્રકરણમાં તેઓના વધુ એક સાથીદારની જામનગરમાંથી અટકાયત કરી લેવામાં આવી છે. જામનગરની એસ.ઓ.જી શાખા ની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી ધ્રોલમાં રહેતા શાહનવાજ ઈબ્રાહીમભાઈ શાહમદાર તેમજ જામનગરમાં રહેતા જાવીદ હાજીભાઈ ચાવડાની નસીલા પદાર્થ ગાંજાનો બે કિલો જેટલા જથ્થા સાથે અટકાયત કરી લીધી હતી.જે બંનેની વિશેષ પૂછપરછ દરમિયાન આ ગાંજાના જથ્થાની હેરાફેરીમાં જામનગરમાં કાલાવડ નાકા બહાર રબ્બાની પાર્ક વિસ્તારમાં રહેતો સાજીદ યાસીનભાઈ ગજીયા નામનો શખ્સ સંડોવાયેલો હોવાથી તેને ફરારી જાહેર કરાયા પછી એસ.ઓ.જી.ની ટુકડીએ જામનગરમાં રબાની પાર્ક વિસ્તારમાં વોચ ગોઠવી તેને ઝડપી લીધો હતો, અને ધ્રોલ પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

## મોટી બાણુગાર ગામે બે બાઈક વચ્ચેના અકસ્માતઃ યુવક ઘાયલ

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના મોટી બાણુગાર ગામમાં રહેતો અને પ્લમ્બરિંગ કામ કરતો એક યુવાન કે જે પોતાનું બાઈક લઈને મોટી બાણુંગાર ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન અન્ય એક બાઈક ના ચાલકે ઠોકર મારી દઈ ઈજાગ્રસ્ત બનાવ્યો છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મોટી બાણુગર ગામમાં રહેતો અને પ્લમ્બરિંગ કામ કરતો રમેશ રાજાભાઈ પારીયા નામનો ૪૨ વર્ષનો પ્લમ્બર યુવાન પોતાનું બાઈક લઈને મોટી બાણુંગાર ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યો હતો, તે દરમિયાન એમ.પી. ૪૫ એમ.એલ. ૩૪૨૭ નંબરના બાઈક ના ચાલકે તેને ઠોકર મારી દેતાં ઈજાગ્રસ્ત બન્યો હતો, અને માથાં અને ખભા ના ભાગે ઈજા થઈ હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક સામે ગુનો નોંધ્યો છે, અને હાલ તે ભાગી છુટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

## વૈશાલીનગરમાં પિતાએ અભ્યાસ અંગે ઠપકો આપતા વિદ્યાર્થીનીનો આપઘાત

**અબતક, જામનગર**

જામનગરના વૈશાલીનગરમાં રહેતી વિદ્યાર્થિનીને અભ્યાસ બાબતે પિતાએ ઠપકો આપતા માઠું લાગી જવાથી આ વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

જામનગરના બેડેશ્વર વિસ્તાર પાસે આવેલી વૈશાલી નગરની શેરી નં.૩માં રહેતા પ્રવીણભાઈ ટકુભાઈ રાઠોડની પુત્રી ભૂમિકા (૧૯) એ ગઈકાલે સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો.

આ બનાવ અંગે તેણીનાં પિતા પ્રવીણભાઈ રાઠોડે પોલીસને જાણ કરી હતી.

આથી પોલીસ જમાદાર સોયબ મકવાએ પિતાનું નિવેદન નોંધ્યું હતું. જેમાં પ્રથમિક કારણ એવું હતું કે પ્રવીણભાઈ એ પુત્રી ભૂમિકા ને અભ્યાસ બાબતે ઠપકો આપ્યો હતો. તેથી માઠું લાગી આવતા તેણીએ આ પગલું ભરી લીધુ હતું.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા અને રૂ.૬ લાખનો દંડ

**અબતક, જામનગર**

જામનગરના એક આસામી એ પોતાના મિત્ર પાસે થી રૂ.૬ લાખની રકમ હાથ ઉછીની મેળવ્યા પછી તેની પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક પરત ફર્યાની કોર્ટમાં ફરિયાદ થઈ હતી. અદાલતે આરોપીને બાર મહિનાની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે.

જામનગરમાં રહેતા મેરૂભાઈ માલદેભાઈ ચેતરીયા નામના આસામીએ પોતાના મિત્ર જયદીપસિંહ નવલસિંહ રાઠોડને રૂ.૬ લાખ હાથઉછીના આપ્યા હતા. તેની પરત ચૂકવણી માટે મેરૂભાઈ ને બે ચેક આપવામાં આવ્યા હતા. તે બંને ચેક બેંકમાંથી પરત ફર્યા હતા. આ બાબતની મેરૂભાઈએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી જયદીપસિંહ રાઠોડને તકસીરવાન ઠરાવી બાર મહિનાની કેદની સજા અને રૂ.૬ લાખનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ એક મહિનાની કેદની સજા ફટકારાઈ છે. સજાના હુકમ સમયે આરોપી અદાલતમાં હાજર ન હોવાથી તેની સામે સજાનું વોરંટ કાઢવામાં આવ્યું છે.

## હાપા નજીક ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત, ઓટોના ચાલકનું મોત

**જામનગર**

જામનગર નજીક હાપા રોડ પર પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે ઓટો રિક્ષા ને હડફેટે લઈ લેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો.

જેમાં રીક્ષા ચાલક યુવાનનું ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ સમયે લોકોના ટોળા એકત્ર થયા હતા. પોલીસને જાણ થતાં પોલીસ ટુકડીએ ઘટના સ્થળે દોડી જઈ, મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર-હાપા રોડ પર આજે સવારે જી.જે.૧૦ ટી.ઝેડ. ૨૨૫૩ નંબરની ઓટો રિક્ષાચાલક પોતાની રીક્ષા લઈને પસાર થઈ રહ્યો હતો.

જે દરમિયાન ત્યાં પૂર ઝડપે આવી રહેલા એક ટ્રક ના ચાલકે પોતાનો ટ્રક બેકાળજી પૂર્વક ચલાવી રીક્ષા ને ઠોકરે ચડાવતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો, અને રીક્ષા પલટી મારીને પડીકું વળી ગઈ હતી.

જે અકસ્માતમાં રીક્ષા ચાલક ટ્રક અને રીક્ષા ની વચ્ચે દબાઈ ગયો હતો, અને તેને હેમરેજ સહિતની ગંભીર



ઈજા થઈ હોવાથી ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજયું હતું.

આ અકસ્માતના બનાવને લઈને આસપાસના વિસ્તારના લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. દરમિયાન ટ્રક ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટ્યો હતો. સમગ્ર મામલે પોલીસને જાણ કરાતાં પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે મૃતકની ઓળખ કરવા માટે અને અકસ્માત સર્જીને ભાગી છૂટેલા ટ્રક ચાલકને શોધવા માટેની કવાયત શરૂ કરાઈ છે.

## રાજકોટઃ ક્રિકેટ રમતી વેળા એ ૧૩ વર્ષના સગીરનું હૃદય થંભી જતા મોત

### કાગદડી ગામનો યુવક પ્રસંગમાં બેભાન હાલતમાં ઢળી પડતાં મૃત્યુ


**અબતક,રાજકોટ**

ગોંડલ રોડ પર વાવડીમાં મહમદીબાગ પાસે રહેતો ૧૩ વર્ષનો બાળક મિત્રો સાથે દડે રમતો હતો ત્યારે અચાનક ઢળી પડતા મોત નીપજ્યું હતું જયારે બીજા બનાવમાં નવાગામમાં રહેતા ૩૭ વર્ષીય યુવાન કાગદડી ગામે મિત્રના પુત્રના માંડવામાં બેભાન થઈ પડી જતા મૃત્યુ નીપજ્યું હતું.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના ગોંડલ રોડ પર મહમદીબાગ પાસે રહેતા રજાકભાઈ નકાણીનો પુત્ર રેનીસ (ઉ.વ.૧૪)નો ગઈકાલે સાંજે સાતેક વાગ્યે ઘર પાસે શેરીના છોકરાઓ સાથે ક્રિકેટ રમતો હતો, ત્યારે અચાનક બેસી ગયો હતો અને પોતાને દુઃખાવો થતો હોવાની ફરિયાદ સાથે ઢળી પડતા દેકારો થતાં વિસ્તારવાસીઓ અને પરિવારજનો સહિતના દોડી આવ્યા હતા અને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં ઘેરો આક્રંદ સર્જાયો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના તોફિકભાઈએ તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કર્યા હતા.

મૃતક રેનીસ ત્રણ નંબરે હતો અને ધો.૮માં અભ્યાસ કરતો હતો. પિતા રજાકભાઈ ડ્રાઈવિંગનું કામ કરે છે. બાળકનું મોત ક્યાં કારણથી થયું છે એ ચોક્કસ જાણવા માટે સિવિલમાં તબીબએ વિશેરા લીધા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ કારણ જાણી શકાશે. માસુમ પુત્રના મોતથી પરિવારમાં માતમ છવાયો છે.

જ્યારે નવાગામ સાત હનુમાન પાસે રહેતા અને રીક્ષા હંકારતા મનોજ નાગજીભાઈ બાવળીયા નામના ૩૭ વર્ષીય યુવાન ગઈકાલે રાત્રે કાગદડી ગામે હરેશભાઈની વાડી હતા, ત્યારે અચાનક બેભાન થઈ પડી જતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા માત્ર નિષ્પ્રાણ દેહ પહોંચ્યો હતો. મૃતક ચાર ભાઈ ત્રણ બહેનમાં નાના હતા. સંતાનમાં એક પુત્ર પુત્રી છે. પરિવારજનોના કહેવા મુજબ કાગદડી ગામે મનોજભાઈના મિત્ર બાબુભાઈના પુત્રના લગ્ન હોવાથી માંડવાના પ્રસંગમાં ગયા હતા અને આજે સવારે કેશોદ જાન જવાની હતી. એ પહેલા જ હાર્ટ બેસી જતા બનાવ બન્યો હતો. બનાવના પગલે



કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

## લોકસભા ચૂટંણી અનુસંધાને, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજકોટ રેન્જ દ્વારા કામગીરી

**અબતક, રાજકોટ**

આગામી લોકસભા ચુંટણી શાંતીમય રીતે તટસ્થ અને નિષ્પક્ષ રીતે યોજાઈ અને આચારસંહિતાનુ અમલીકરણ થાય તે હેતુસર રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કરવામાં આવેલ ચુંટણીલક્ષી કામગીરીની વિગતો

અસામાજીક તત્વો વિરૂધ્ધ અટકાયતી કાર્યવાહી

રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ચુંટણી અનુસંધાને કુલ-૪૭,૨૬૫ અટકાયતી પગલાઓ લેવામાં આવેલ છે જેમાં ૨૨૮ આરોપીઓ સામે પાસા દરખાસ્તો અને ૪૪૯ આરોપીઓ હદપારીની દરખાસ્તો મુકેલાનો પણ સમાવેશ થયેલ છે.

ભારતીય બનાવટના ઈંગ્લીશ તેમજ દેશી દારૂના મળી કુલ-૩,૧૨૯ કેસો કરવામાં આવેલ છે. સદર આરોપીઓ પાસેથી કુલ રૂ.૩,૬૪,૧૪,૪૯૧/- નો ઈંગ્લીશ તથા દેશીદારૂ તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૩,૬૯,૦૩,૯૦૯/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

ચુંટણી લક્ષી આચારસંહિતાના અમલી કરણ બાદ રાજકોટ રેન્જના જિલ્લાઓના નાસતા-ફરતા આરોપીઓને પકડવાસારૂ ખાસ ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે જે અનુસંધાને ચુંટણી આચારસંહિતા લાગુ થયા બાદ આજદિન સુધીમાં કુલ-૩૯ નાસતા-ફરતા આરોપીઓને અટક કરવામાં આવેલ છે. નોન બેલેબલ વોરંટોની વિગત

રાજકોટ રેન્જ હસ્તકના પાંચજિલ્લાઓમાં આચાર સહિતા બાદ કુલ-૪,૦૫૬ નોનબેલેબલ વોરંટોની બજવણી કરવામાં આવેલ છે. જે કુલ વોરંટોના ૮૦.૦૦% બજવણી કરવામાં આવેલ છે અને બાકી રહેલ વોરંટોની બજવણી પ્રકિયા હાલે પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ છે.

ડાયલ-૧૦૦ / કન્ટ્રોલ રૂમ

આગામી વિધાનસભા ચુંટણી દરમ્યાન આર્દશ આચારસંહિતાના અમલીકરણ માટે દરેક જિલ્લા ખાતે કન્ટ્રોલરૂમમાં ઈન્ચાર્જ તરીકે યોગ્ય અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કન્ટ્રોલરૂમ ખાતે ઉમેદવારો અને જાહેર જનતા તરફથી કરવામાં આવતી તમામ ચુંટણીલક્ષી ફરીયાદો ઉપર તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવશે અને આ તમામ કન્ટ્રોલરૂમ ઉપર રેન્જ કચેરી ખાતેથી સતત મોનીટરીંગ રાખવામાં આવશે.

(પહેલા પાનું ચાલું)

### ક્ષત્રિયો...

રદ્દ કરવામાં આવશે નહીં. જેથી હવે ભાજપ અને ક્ષત્રિય સમાજ બંને માટે આ મુદ્દો વટનો સવાલ બની ગયો છે.

અમદાવાદમાં ગોતા સ્થિત રાજપૂત ભવન ખાતે ગઈકાલે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. અંદાજીત ૨ કલાક સુધી સંકલન સમિતિની બેઠક ચાલી હતી. બેઠકમાં રમજુભા, કરણસિંહ ચાવડા, તૃપ્તીબા રાઓલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. પરશોત્તમ રૂપાલાએ ફોર્મ પરત ન ખેંચતા ક્ષત્રિય સમાજ દ્વારા નવી રણનીતિ ઘડવામાં આવી છે. ક્ષત્રિય સમાજ દ્વારા અપાયેલું અલ્ટિમેટમ પૂર્ણ થયું છે. ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને રૂપાલા સામે વધુ એક આંદોલનની જાહેરાત કરાઈ છે. ક્ષત્રિયોનો રોષ હજુ પણ યથાવત છે અને તેઓ રૂપાલા સામે લડી લેવાના મૂડમાં છે.

અમદાવાદમાં બેઠક બાદ ક્ષત્રિય સંકલન સમિતિએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં સમિતિએ આગામી રણનીતિ અને આંદોલન અંગે માહિતી આપી છે. સમિતિએ તમામ બેઠકો પર ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવાની અને પ્રતિક ઉપવાસ આંદોલનની જાહેરાત કરી છે. સમિતિએ કહ્યું કે, રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. રૂપાલાના વિરોધમાં પાંચ ઝોનમાં પાંચ 'ધર્મ રથ' કાઢવામાં આવશે. સંઘર્ષ લાંબો હોવાથી લીગલ ટીમ પણ બનાવવામાં આવશે.

સંકલન સમિતિના પ્રવકતા કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, 'રાજપૂત સમાજ ઓપરેશન ભાજપ શરૂ કરશે. ૧૨૦ સંસ્થાના આગેવાનો બેઠકમાં હાજર રહ્યા છે. કાલથી તમામ જિલ્લાઓમાં ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. રોજ એક જિલ્લામાં ક્ષત્રિય મહિલા પ્રતિક ઉપવાસ કરશે. મતદાનના દિવસ સુધી ક્રમશઃ ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે.

ક્ષત્રિય સમાજે તમામ બેઠકો પર વિરોધ કરવાની જાહેરાત કરી છે. બોયકોટ ભાજપ અને 'મત એ જ શસ્ત્ર'નું ક્ષત્રિય સમાજે નવું સૂત્ર આપ્યું છે. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા પર ક્ષત્રિય સમાજ વધુ આક્રમક રીતે કાર્યક્રમો આપશે. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગરમાં પરિણામલક્ષી વિરોધની જાહેરાત કરવામાં આવી છે. લોકશાહીના ઢબે શાંતિથી વિરોધ કરાશે.

### નાગાલેન્ડ...

ચૂંટણીનો પ્રથમ તબક્કો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો, જેમાં કામચલાઉ મતદાન ૪૮.૨૩ ટકા હતું, જે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી કરતાં લગભગ પાંચ ટકા ઓછું છે, અધિકારીઓ જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન હીટવેવની સ્થિતિ ઓછા મતદાનનું સંભવિત કારણ હોઈ શકે છે.

ગયામાં ૫૨ ટકા, ઔરંગાબાદમાં ૫૦ ટકા, જમુઈમાં ૫૦ ટકા અને

૧૯ એપ્રિલે ત્રિપુરામાં મતદાન કરવા માટે લગભગ ૨,૫૦૦ મતદારોએ ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફેન્સીંગ ઓળંગી હતી. ઐતિહાસિક કારણોસર ત્રિપુરામાં નોંધપાત્ર સંખ્યામાં મતદારોએ કાંટાળા તારની ફેન્સીંગની બહાર રહેવું પડ્યું હતું. ત્રિપુરામાં લગભગ ૭૯.૯૦ ટકા મતદાન થયું હતું, જે પ્રથમ તબક્કામાં સૌથી વધુ હતું. મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડમાં અનુક્રમે ૭૦.૨૬%, ૫૪.૧૮%, ૫૬.૭૭% મતદાન નોંધાયું હતું. અરુણાચલ પ્રદેશમાં ૬૫.૪૬ મતદાન થયું હતું.

દરમિયાન, પૂર્વી નાગાલેન્ડના છ જિલ્લાઓમાં મતદાતાઓ અલગ રાજ્યની માંગ માટે દબાણ કરવા આદિવાસી સંગઠનોની સર્વોચ્ચ સંસ્થા દ્વારા અનિશ્ચિત સમય માટે બંધના એલાનને પગલે ઘરની અંદર જ રહ્યા હતા.

આસામમાં પ્રથમ તબક્કાના મતદાનમાં ૭૧.૩૮ ટકા મતદાન થયું હતું. આસામના લખીમપુર મતવિસ્તારમાં એક ઘટના બની જ્યારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન લઈ જતી એક એસયુવી આંશિક રીતે નદીમાં ડૂબી ગઈ હતી કારણ કે પાણીનું સ્તર વધી જતાં વાહનને લઈ જતી મિકેનાઇઝ્ડ બોટ અચાનક ફસાયગઈ હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે વાહનમાં પાણી ઘૂસી જાય તે પહેલા વાહનનો ડ્રાઈવર અને પોલિંગ ઓફિસર બહાર નીકળી શકયા હતા. ટેકિનકલ ખામી જણાયા બાદ તે ઈવીએમ બદલવા માટે અમરપુર વિસ્તારમાં જઈ રહી હતી.

પ્રથમ વખત છત્તીસગઢના બસ્તરના ૫૬ ગામોના લોકોએ પોત-પોતાના ગામોમાં સ્થાપિત મતદાન કેન્દ્રોમાં મતદાન કર્યું. કમનસીબે, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ચૂંટણી ફરજ પર તૈનાત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ના ૩૨ વર્ષીય જવાનનું મૃત્યુ થયું હતું જ્યારે અંડર બેરલ ગ્રેનેડ લોન્ચર (યુબીજીએલ) નો શેલ અકસ્માતે વિસ્ફોટ થયો હતો.

રાજસ્થાનના ગંગાનગરમાં સૌથી વધુ મતદાન

રાજસ્થાનની ૧૨ સંસદીય મતવિસ્તારોમાં જ્યાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું ત્યાં લગભગ ૫૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. ગંગાનગર લોકસભા સીટ પર સૌથી વધુ ૬૨.૯૩ ટકા મતદાન નોંધાયું હતું જ્યારે ઝુનઝુનુમાં સૌથી ઓછું ૪૭.૯૮ ટકા મતદાન નોંધાયું હતું. જયપુરમાં મતદાનની ટકાવારી ૬૧.૨૩ નોંધાઈ હતી. બિકાનેરમાં મતદાનની ટકાવારી ૫૨.૫૩, ચુરુ ૬૧.૦૫, સીકર ૫૫.૦૬, જયપુર ગ્રામીણ ૫૪.૪૪, અલવર ૫૫.૮૨, દૌસા ૪૯.૫૭, ભરતપુર ૫૦.૯૭ અને નાગૌરમાં ૫૬.૮૯ હતી.

પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ લોકસભા બેઠકો પર મતદાન થયું હતું. ૧૮ લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત હતા અને ૧.૮૭ લાખ મતદાન મથકો પર ૧૬.૬૩ કરોડથી વધુ મતદારોમતદાન કર્યું હતું. જોકે લોકસભાની ચૂંટણી કરતા સરેરાશ બે ટકા ઓછું મતદાન થતાં રાજકીય પક્ષો ચિંતામાં મુકાઈ ગયા છે.

### કાશ્મીર...

આંતરિક બાબતોમાં તેની દખલગીરીની નીતિ સાબિત કરે છે. જમ્મુ કાશ્મીર સ્ટડી સેન્ટર યુકેના સ્વયંસેવક વિનોદ ટીકુએ જણાવ્યું હતું કે, '૧૯૮૯માં કાશ્મીરમાં અપહરણ કરાયેલા ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાન મુફ્તી મોહમ્મદ સઈદની પુત્રી રૂબૈયા સઈદે યાસીનની ઓળખ એ વ્યક્તિ તરીકે કરી કે જેણે તેનું અપહરણ કર્યું હતું. યુકેની સંસદમાં યાસીન સમર્થકોને હોસ્ટ કરનાર સાંસદ એ લોકશાહીની હત્યા છે.

# દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના


## જુનાગઢ દિવ્ય ભાસ્કરના નિવાસી તંત્રી જયરામ મહેતાના પિતાનું અવસાન

**રાજકોટઃ** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ અમરેલી જિલ્લાના મોટા આંકડિયાના વતની શંખાણી (સંજ્ઞાની) મહેતા મુકુન્દરાય હરજીવન મહેતા(ઉ.વ. ૮૫) તે ગીતાબેનના પતિ, મુળ અમરેલી હાલ રાજકોટ મુક્તાબેન મહેતાના મોટાભાઈ, ચારુબેન મહાશંકર પાઠક (ભાવનગર), વાસુદેવભાઈ મહેતા (લોકભારતી સણોસરા), જયરામભાઈ મહેતા( નિવાસી તંત્રી દિવ્ય ભાસ્કર - જુનાગઢ), નેહાબેન પ્રશાંતભાઈ દવે (રાજકોટ)ના પિતા, ધર્મિષ્ઠાબેન, પૂર્વીબેનના સસરા, ડો. પૂજિતાબેન, મહેક, તિરુપ, કલ્પેશ, જગત, જિયાના દાદાનું તા.૧૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૦ એપ્રિલને શનિવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ ઓમકારેશ્વર મહાદેવ મંદિર, રૈયા રોડ, બાપા સીતારામ ચોક પાસે, એચ.પી.ના પેટ્રોલ પંપની સામે, શ્રીજી પાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** જામકંડોરણા નિવાસી હાલ રાજકોટ દીપકભાઈ ગોરધનદાસ કામદાર (ઉ.વ.૬૭) તે કલ્પિત, પાર્થ, હસતીના પિતા, રાહુલભાઈ શરદચંદ્ર પારેખના સસરા, અતુલભાઈ બાબુલાલ શાહ એવતમાલ વાળાના બનેવી તેમજ સ્વ. દલસુખભાઈ જી. કામદાર સ્વ. વિનોદભાઈજી કામદાર, કનુભાઈ જી. કામદાર, ભરતભાઈ જી. કામદાર, ઈન્દુબેન જે. મડીયા, મંજુબેન ડી. દોશીના નાનાભાઈનું તા. ૧૯ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૦ને શનિવારે બપોરે ૩.૩૦ થી ૫ વાગ્યા સુધી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


## રાજકોટમાં સુઘરાબેન કપાસીની વફાત રવિવારે બપોરે સિયુમના સિપારા



**રાજકોટઃ** દાઉદી વ્હોરા સુઘરાબેન કપાસી (ઉ.વ.૮૪) તે મ. હુશેનભાઈ ગુલામહુશેનભાઈ કપાસીના પત્ની સૈફુદ્દીનભાઈ, ફરીદાબેન અબ્દુલ્લાહભાઈ ચૌહાણ (મહુવા) સાબેરાબેન મુસ્લિમભાઈ મલકાણી (વાંકાનેર) સાકેરાબેન કાઈદભાઈ ઈલેક્ટ્રીકવાળા (મોરબી)ના માતા તા.૧૯ એપ્રિલ-૨૦૨૪ ને શુક્રવારના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે. મર્હુમાના સિયુમના સિપારા તા.૨૧ એપ્રિલ ૨૦૨૪ને રવિવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે બેડીપરા કુત્તબી મસ્જિદ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. શોક સંદેશો પુત્ર સૈફુદ્દીનભાઈ (મો.૯૮૯૮૬૮૯૨૫૨) ઉપર વ્યકત કરવો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# માધવપુરના મેળામાં પ્રસરી ભારતના ઉત્તર-પૂર્વ અને પશ્ચિમી સંસ્કૃતિની સુવાસ







## બન્ને સંસ્કૃતિઓના ખાનપાન, વેષભૂષાથી લઈ વિચારોનું આદાનપ્રદાન

**અબતક,પરેશ નિમાવત પોરબંદર**

ભારતની ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ સંસ્કૃતિને એક તાંતણે બાંધનાર માધવપુર ઘેડના મેળામાં હેન્ડલૂમ, બામ્બૂ ક્રાફ્ટ, કોના ક્રાફ્ટ, શિતલપટ્ટી ક્રાફ્ટ તેમજ અલગ અલગ પ્રકારની વાનગીઓના વિવિધ સ્ટોલના માધ્યમથી બન્ને સંસ્કૃતિઓના ખાનપાન, વેષભૂષાથી લઈ વિચારોનું આદાનપ્રદાન થઈ રહ્યું છે. આ સ્ટોલના માધ્યમથી મિઝોરમ, આસામ, મણિપુર વગેરેથી આવેલા વેપારીઓ, હસ્તકલાના કારીગરોના અનેરાં ઉત્પાદનો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.ફ્લોરા લાલવમઝૂઆલી ખિંગાટે પણ માધવપુરના મેળામાં પોતાના સ્ટોલ થકી વિવિધ ઓર્ગેનિક પ્રોડક્ટ્સનું વેચાણ કરી રહ્યાં છે. રોશેલ કેન્ડી, મેંગો બાર, બનાના ચીપ્સ, મિઝો ચીલી વગેરે જેવી મિઝોરમની વિવિધ ઓર્ગેનિક અને પૌષ્ટિક વસ્તુઓ ગુજરાતીઓને પસંદ પડી રહી છે.મિઝોરમના તીખાં લાલ મરચાં ઓર્ગેનિક બર્ડ્સ આઈ ચીલી એટલે કે મિઝો ચીલીને પણ ઋઈ ટેગ મળેલું છે. ઓર્ગેનિક મિઝો ચીલી સહિત અન્ય ઉત્પાદનોનું વેચાણ કરતા ફ્લોરાએ જણાવ્યું હતું કે, 'આ મારી ગુજરાતની પહેલી મુલાકાત છે. અને મિઝોરમથી ગુજરાત આવવાનો અનુભવ ખૂબ જ સુખદ રહ્યો છે. ગુજરાત એ ખરેખર સુંદર રાજ્ય છે. અહીં ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. ગુજરાતના લોકો પણ એકદમ માયાળુ અને પ્રેમાળ છે.

## સખી મંડળની બહેનો દ્વારા હસ્તકલાની વિવિધ વસ્તુઓનું વેચાણ

લોકમેળામાં પોરબંદર જિલ્લાના વિવિધ સખીમંડળો દ્વારા હસ્તકલાની તેમજ જુદી-જુદી હાથવણાટની ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. વહીવટીતંત્ર દ્વારા લોકમેળાના માધ્યમથી બહેનો આત્મનિર્ભર થાય તે હેતુથી સખી મંડળોને સ્ટોલ ફાળવવામાં આવેલ છે. જેમાં હેન્ડલુમ ડિઝાઈનના રૂમાલ, શાલ અને હસ્તકલાની વસ્તુઓ ધરવપરાશની તથા ગૃહ સુશોભનની ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. મેળામાં કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સ્ટોલની મુલાકાત લઈ બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પોરબંદરનાં નિયામક રેખાબા સરવૈયા દ્વારા બહેનો સાથે સંવાદ કરી તેઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

## માધવપુરના મેળામાં મતદાર જાગૃતિ અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકોએ શપથ લીધા

લોકશાહીના મહાપર્વમાં સૌ કોઈ સહભાગી બને અને પોરબંદર જિલ્લામાં રેકોર્ડ બ્રેક મતદાન થાય તેવા આશયથી મતદાર જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમ દ્વારા માધવપુરના મેળામાં મતદાર જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર કે.ડી. લાખાણીની ઉપસ્થિતિમાં અવશ્ય મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. લોકશાહીના આ મહા પર્વમાં સૌ કોઈ સહભાગી બને તે માટે ચૂંટણી પંચ દ્વારા નિર્મિત 'હું ભારત છું, ભારત છે મુજમા 'શોર્ટ ફિલ્મ પણ મતદાર જાગૃત વિષયક બતાવવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી કે.ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાતા જિલ્લા વિકાસ અધિકારી કે.બી. ઠક્કર, અધિક નિવાસી સહિતના મોટી સંખ્યામાં અધિકારીઓએ મતદાર જાગૃતિના કાર્યક્રમમાં જોડાઈ અવશ્ય મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

# અમરેલી જિલ્લામાં ઠેર ઠેર યોજાયો ચુનાવ પાઠશાળા કાર્યક્રમ

## ખાંભા, લીલીયા, ખંભાળા, ગોવિંદપુર સહિતના ગામો મતદાન જાગૃતિ કાર્યક્રમમાં રહ્યા અગ્રેસર

**અબતક, પ્રદીપ ઠાકર અમરેલ**

અમરેલી જિલ્લાના ખાંભા, ખંભાળા, ભાક્ષી, પાંચ તલાવડા, લીલીયા અને ગોવિંદપુર સહિતના ગામોના નાગરિકો મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં જોડાયા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.

ખર્ચ અને ટીઆઈપી નોડલ તેમજ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા પંચાયત ખાતે ચુનાવ પાઠશાળા અંતર્ગત કરવાની થતી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. મતદાન જાગૃત્તિ માટે હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

ખર્ચ અને ટીઆઈપી નોડલ તેમજ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા પંચાયત ખાતે મતદાતાઓને મતદાન માટે જાગૃત્ત કરવાની સમજ આપવા કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી જિલ્લાના હોટેલ માલિકો તેમજ રિક્ષાચાલક સહિતના જોડાયા હતા. નાગરિકોને મતદાન માટે જાગૃત્ત કરવા સહયોગ આપવા અને મતદાન જાગૃતિ માટેની પ્રવૃત્તિમાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને ધારી તાલુકાના ગોવિંદપુર ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન થાય તે માટે સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

ખાંભા તાલુકા પંચાયત પરિવાર દ્વારા ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. દરેક ગામમાં નાગરિકોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. મતદાનનું મૂલ્ય સમજાવી મહિલાઓને અચૂક મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું, જેમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ અને નાગરિકો જોડાયા હતા.

બાબરા તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને બાબરા તાલુકાના ખંભાળા ખાતે ચુનાવ પાઠશાલા કાર્યક્રમ યોજાયો હતો.


મતદાનનું મૂલ્ય સમજાવી નાગરિકોને અચૂક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

મતદાન જાગૃત્તિના આ કાર્યક્રમમાં ગ્રામજનોએ જોડાઈને મતદાનના મહત્વ વિશે સમજ મેળવી હતી.વધુમાં વધુ મતદાન થાય તે માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# વડોદરાના ૭૦ વર્ષીય વડીલે સોમનાથથી ૧૨ જયોતિલીંગની બાઈક યાત્રાનો પ્રારંભ કર્યો

## નીતીનભાઈ બુમીયા ૪૫ દિવસમાં ૧૨૦૦૦ કિ.મી. અંતર કાપી યાત્રા કરશે

**અબતક, જયેશ પરમાર સોમનાથ**



ભારતના બાર જયોતિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરેથી બરોડાના ૭૦ વરસના વણિક નીતીન બુમીયાએ સોમનાથ મહાદેવ મંદિરેથી ૧૨ જયોતિલીંગ અને ચાર ધામની યાત્રા બાઈક ઉપર જવાના મંગલ પ્રવાસને પ્રસ્થાન કરાવાયું

નીતીનભાઈ કહે છે કે મારી બાઈક યાત્રા ૪૫ દિવસની છે અને કુલ ૧૨૦૦૦ કી.મી. જેવું થાય છે.દરરોજ સવારનો ૬ થી બપોરના બે વાગ્યા સુધી ૪૦૦ કી.મી.નો મારી બાઈક પ્રવાસ રહેશે.

પોતે એન.આર.આઈ. તરીકે વિદેશમાં રહેલ છે. અને ૧૯૮૫ના વરસમાં તેઓએ આખુ ભારતનો બાઈક પ્રવાસ કરેલ હતો.આજે જે બાઈકથી યાત્રા કરશે તેનું નામ હાર્લી ડેવીડસન છે.અહીંથી તેઓ દ્વારકા પાસેના નાગેશ્વર અને એ રીતે બારે જયોતિલિંગ ચારધામ પૂર્ણ કરશે.

કાળઝાળ ગરમીમાં અને ૭૦ વરસની ઉંમરે સાહસિકતા અને પ્રેરણા આપતી આ યાત્રાને એલસીબી ગીર સોમનાથ પોલીસ ઈન્સ. એ.બી.જાડેજા તથા એ.એસ.આઈ. ગોવિંદ વંશે નાળીયેર શ્રીફળ અને સાકરનો પડો આપી શુભેચ્છા આપી બિરદાવી હતી. યાત્રિકોએ પણ જય સોમનાથના ઘોષનાદ સાથે ભવ્ય વિદાય આપી હતી.યાત્રા પૂર્વે સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજા ગંગાજળ અભિષેક કરી ભારત દેશના કલ્યાણની પ્રાર્થના કરી હતી.

# પિતાતુલ્ય નેતાઓની ગરીમા ના જાળવનાર કોંગી નેતા પ્રતાપ દુધાતના વાણી વિલાસ સામે રોષ

## જ્ઞાતિના વર્ગ વિગ્રહ ઉભા કરીને ગાંધીના ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ નિંદનીય-કૌશિક વેકરીયા

**અબતક, પ્રદિપ ઠાકર અમરેલી**

લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના નેતાઓના વાણી વિલાસ અને અશોભનીય ટિપ્પણીઓથી અમરેલી જિલ્લામાં કોંગી નેતાઓ પ્રત્યે રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે ત્યારે આજે રાજકોટ ખાતે કોંગ્રેસના નેતા અને અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે લોકસભાની ચૂંટણીના રાજકારણમાં મહાભારત ને ટાંકીને જે રીતે અમરેલી જિલ્લાનું ગૌરવ ગણાતા ખેડૂતોના હામી એવા વડીલ પુરુષોત્તમભાઈ રૂપાલાને દુઃશાસન સાથે સરખાવવાના હિન કૃત્યના ઘેરા પડઘા લોકસભાની ચૂંટણીમાં પડશે તેમાં કોઈ બેમત નથી તેવું વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા અને મહેશ કસવાળાએ રોષિત થઈને જણાવ્યું હતું જ્યારે હજુ યુવાવસ્થામાં કોંગ્રેસના નેતાઓને એમના પિતાની ઉંમરના ભાજપના નેતા સામે જે રીતની ટીપ્પણીઓ કરી તે નિંદનીય છે ને તેને સખત શબ્દોમાં કૌશિકભાઈ વેકરીયા અને મહેશ કસવાળાએ વખોડયું હતું જ્યારે અગાઉ પણ કોંગ્રેસના વીરજી ઠુમ્મર દ્વારા પ્રધાનમંત્રી સામે અશોભનીય ટિપ્પણીઓ કરીને કોંગ્રેસે પોતાની માનસિકતા નું ભાન ભૂલ્યા હતા જેની શાહી સુકાઈ નથી ત્યાં ભાજપના વરિષ્ઠ અને મોભી ગણાતા રૂપાલા સામે ની ટિપ્પણી સામે ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડશે તેમાં કોઈ બેમત નથી જ્યારે કોંગ્રેસના નેતાઓ લોકસભાની ચૂંટણીમાં હાર ભાળી ગયા હોવાથી વાણી વિલાસ કરીને ગાંધીના ગુજરાતની ગરીમા જાળવતા નથી જયારે દરેક ચૂંટણીઓ વખતે જ્ઞાતિઓમાં વર્ગ વિગ્રહ ઊભો કરીને ગુજરાત રાજ્યની શાંતિ ડહોળવાનો જવાબ લોકસભાની ચૂંટણીમાં જનતા જનાર્દન આપશે તેવું કૌશિક વેકરીયા, મહેશ કસવાળા અને લોકસભા સંયોજક પુનાભાઈ ગજેરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વકીલને ફી પેટે આપેલો ચેક પરત ફરવામાં આરોપીને ચાર મહિનાની કેદ

**અબતક, જામનગર**

જામનગરના એક એડવોકેટને પોતાની ફી માટે અસીલ પાસેથી ચેક મળ્યો હતો. તે ચેક પરત ફર્યાની કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપીને ચાર મહિનાની કેદની સજા અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે.

જામનગરમાં વકીલાતની પ્રેક્ટિસ કરતા અમિત પરમાર વકીલ દરજ્જે જયેશ ઉર્ફે જયલો પ્રવીણભાઈ તન્નાના ફોજદારી કેસ લડતા હતા. તેમાંથી મોટાભાગના કેસ અમિત પરમારે પૂર્ણ કરાવ્યા હતા તેઓને ફી પેટે આપવાની થતી રકમ અંગે જયેશ તન્ના એ ચેક આપ્યો હતો. તે ચેક અપૂરતા નાણા ભંડોળના કારણે બેંકમાંથી પરત ફર્યો હતો.આ બાબતે ન અમિત પરમારે કોર્ટમાં કેસ કર્યો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી જયેશ પ્રવીણભાઈ તન્નાને તકસીરવાન ઠરાવી ચાર મહિનાની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ એક મહિનાની સજા આપવામાં આવી છે. ફરિયાદી અમિત પરમાર તરફથી વકીલ ચંદ્રેશ મોતા, ભરતસિંહ જાડેજા, મૈત્રી ભુત, સાહીના દલ રોકાયા હતા.

# યુપીએસસીની પરીક્ષા અનુસંધાને પોલીસ કમિશ્નરનું જાહેરનામુ પ્રસિદ્ધ

## ૧૦૦ મીટરની ત્રિજ્યાના ચાર કે તેથી વધુ લોકોને એકત્રિત થવા સહીતની બાબતો પર પ્રતિબંધ મુકાયો

**અબતક, રાજકોટ**

આગામી તા. ૨૧ એપ્રિલના રોજ યુપીએસસી દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવલ એકેડમી પરીક્ષા લેવામાં આવનારી છે જે અનુસંધાને પરીક્ષા કેન્દ્ર અને તેની આસપાસ પ્રતિબંધિત કૃત્ય અંગે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જેમાં પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને એકત્રિત થવા સહીતની બાબતો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા તા. ૨૧ એપ્રિલના રોજ નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવલ એકેડમી પરીક્ષા ૨૦૨૪ તેમજ કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસંધાને રાજકોટ શહેરમાં પરીક્ષાના અલગ અલગ ચાર કેન્દ્રો આપવામાં આવ્યા છે. ઉમેદવારો આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં આપી શકે તેના માટે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેરનામાં અનુસાર પરીક્ષા કેન્દ્ર અને તેના આસપાસના વિસ્તારમાં તા. ૨૧ એપ્રિલના સવારે ૭ વાગ્યાંથી સાંજે ૬ વાગ્યાં સુધીમાં પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને એકત્રિત થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઉપરાંત ૧૦૦ મીટરની ત્રિજ્યામાં સ્ટેશનરી અને ઝેરોક્ષ મશીન બંધ રાખવા, પરીક્ષા કેન્દ્ર આસપાસ વાહન લાવવા, પ્રશ્નપત્રને લગતું સાહિત્ય-પુસ્તક, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ જેવા ડિજિટલ ઉપકરણ લાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# દ્વારકામાં ગુ. બ્રા. આયોજીત ગાયત્રી મહાયજ્ઞનો પ્રારંભ

## સોમવારે શંકરાચાર્ય સહિતના મહાનુભાવો રહેશે હાજર

**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**




યાત્રાધામ દ્વારકા ખાતે આજરોજ શુક્રવારથી તા.૨૩ સુધી દ્વારકાધીશજીના મુખ્ય યજમાનપદે સમસ્ત જ્ઞાતિ કલ્યાણાર્થે જ્ઞાતિની વ્યવસ્થાપક સમિતિ તથા મધ્યસ્થ સભા દ્વારા આયોજિત કોટી ગાયત્રી મહાયજ્ઞનો શુભારંભ થયો છે. આવતીકાલ તા.૨૦ થી ૨૩ સુધી દશાંશ હોમ સવારે ૧૦ થી ૧૨:૩૦ સુધી તેમજ બપોરે ૩ થી ૬ સુધી યોજાશે. આ ઉપરાંત તા.૧૯ થી ૨૩ સુધી યજ્ઞમંડપમાં દરરોજ સાંજે ૭:૩૦ કલાકે મહા આરતી તથા દરરોજ બપોરે ફલાહાર તેમજ સાંજે ભોજન પ્રસાદીની વ્યવસ્થા યજ્ઞમંડપમાં કરવામાં આવી છે. મહાયજ્ઞમાં જ્ઞાતિના અટક અનુસાર વિવિધ યજમાનો તેમજ અન્ય યજમાનોને આચાર્ય ઘનશ્યામ કે પુરોહિત, વત્સલએ પુરોહિત તથા દિનેશ પી. ત્રિવેદી દ્વારા જ્ઞાતિના ઈ.પ્રમુખ યજ્ઞેશ ઉપાધ્યાય- મંત્રી કપિલ વાયડા સહમંત્રી ચૈતન્ય ઠાકર કારોબારી સભ્યો તેમજ મધ્યસ્થ સભાના સભાસદો તેમજ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જપાનુષ્ઠાન કરાવવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં સોમવારે જગદગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી વિશેષ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે. તેમજ યજ્ઞ દરમ્યાન ગાયત્રી આશ્રમ ગધેથડના પૂ.લાલબાપુ, દયાબામ બાપુ આશ્રમના પૂ.મહંત બાપુ, સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી માધવસ્વરૂપદાસજી, સ્વામિનારાયણ આશ્રમના ગોવિંદપ્રસાદજી, દેવસ્થાન સમિતિ, તેમજ રાજકીય અગ્રણીઓ કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા, રાજ્યસભા સાંસદ બાબુભાઈ દેસાઈ, લોકસભાના જામનગર સીટના ઉમેદવાર પૂનમબેન માડમ, સાંસદ પબુભા માણેક, મૌલેશભઈ ઉકાણી (ગોંડલ) સહિતના અગ્રણીઓ ઉપસ્થિતિ આપશે.

# વઢવાણ સ્થિત ઐતિહાસીક સ્થળો જર્જરિતઃ વિકાસની યોજના આગળ વધારવા લોક માંગણી

## હવામહેલ, માધાવાવ, રાણકદેવીમંદિર સહિતના ઐતિહાસીક સ્થળોનું સમારકામ કરવા તાકીદ

**અબતક, સબનમ ચૌહાણ સુરેન્દ્રનગર**



વઢવાણ ભોગાવો નદી પર ૨૫૦૦ વર્ષ પ્રાચીન વઢવાણ નગર ઈતિહાસને ધરબીને બેઠુ છે. ઐતિહાસિક કિલ્લો, હવામહેલ, રાણકદેવી મંદિર, માધાવાવ વગેરે જર્જરિત બન્યા છે. આજે વર્લ્ડ હેરિટેજ દિવસે વઢવાણની વિસરાયેલી વિરાસતો અડીખમ ઉભી છે. જ્યારે ઐતિહાસિક વઢવાણ નગરને પર્યટન સ્થળ બનાવવાની જહેરાતો માત્ર કાગળ પર રહી છે. સૌરાષ્ટ્રના સૌથી જૂના ભૂભાગ તરીકે ઓળખાતા વર્ધમાનપુરી પ્રખ્યાત છે. ભોગાવો નદી પર વસેલુ વઢવાણ ૨૫૦૦ વર્ષ પ્રાચીન છે.

આ ભૂમિ અસ્થિગ્રામ, મણીપુર, વર્ધમાનપુરી અને હાલ વઢવાણ નામથી ઓળખાય છે. વઢવાણ નગર ફરતે કિલ્લો કાળની થપાટો સહન કરી અડીખમ ઉભો છે. વઢવાણ નગર ફરતે ફરતે કિલ્લો સાત દરવાજા અને એક બારી છે. વઢવાણ પંથકમાં ૯૯૯ વાવો જેમાં માધાવાવ, ગંગાવાવ આજે પણ બલીદાનોની સાક્ષી પૂરે છે. વઢવાણના રાજવીનું રઝળતું અધૂરું સ્વપન હવામહેલ સરકારી બાબુઓ માટે ઉપયોગી બન્યો છે. સૌરાષ્ટ્રની સતિઓને યાદ કરતો સતિ રાણકદેવીનું મંદિર પાળીયા આજે વિરતાને યાદ કરે છે. મહાકવી દલપતરામ કવિ નાન્હાલાલ સાહિત્યકારોની ભૂમિ સાહિત્યને સાચવીને બેઠી છે.

વઢવાણની વિરાસતોની યોગ્ય સારસંભાળના અભાવે વિસરાતી જઈ રહી છે. વઢવાણ અસ્મિતા મંચના અમિતભાઈ કંસારા, બનેસંગભાઈ ગઢવી, દશરથસિંહે જણાવ્યું કે વઢવાણને પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. ઐતિહાસિક સ્થળો વાતો આજે પણ વિશ્વભરના પર્યટકોને ખેંચી લાવે છે. ત્યારે વઢવાણ પર્યટન સ્થળો વિકાસવવાની યોજના વઢવાણ પર્યટન સ્થળો વિકાસ થવાની યોજના હવે આગળ વધારવા લોકલાગણી અને માંગણી છે.

## ત્રિશલા નંદન વીર કી... જય બોલો મહાવીર કી...

# મનને જીત્યુ અને બન્યા મહાવીરઃ કાલે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

## દેવોને પણ દર્શનીય મુનિઓને મનનીય અને માનનીય, સર્વને પૂજનીય મહાવીર પ્રભુએ ૨૫૦૦થી વધારે વર્ષ પહેલા પ્રકાશેલા સિધ્ધાંતો આજે પણ એટલા જ મૂલ્યવાન





: સંકલન :
મનોજ ડેલીવાળા
મો.૯૮૨૪૧ ૧૪૪૩૯



**અબતક, રાજકોટ**

પરમ કૃપાળુ પરમાત્મા ત્રિલોકીનાથ વીર વર્ધમાન - મહાવીરનો આત્મા કર્મના સંયોગે ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર માતા દેવાનંદાની કુક્ષિમાં ૮૨ રાત્રિ રહ્યા બાદ દેવો દ્વારા ગર્ભનું સંહરણ થયું.

માતા ત્રિશલાને અર્ધ જાગૃત અવસ્થામાં હાથી,દેવ વિમાન આદિ ૧૪ મહા સ્વપન આવ્યાં. ત્રિશલા માતાએ ધર્મ જાગરિકા કરતાં રાત વ્યતિત કરી અને સુપ્રભાત થતાં જ સિધ્ધાર્થ રાજાને સપનાની વાત કરી.રાજાએ કુશળ સ્વપન પાઠકોને બોલાવી સપનાનું ફળ બતાવવા આજ્ઞા કરી.સ્વપન પાઠકોએ કહ્યું હે મહારાજા ધિરાજ ! તમારે આંગણે જગતનો નાથ,કરૂણાસાગર,સિંહ જેવો શૂરવીર,ચંદ્ર જેવો નિર્મળ,સૂર્ય જેવો ઓજસ્વી અને તેજસ્વી મહાપુરુષ અવતરશે.

માતા ત્રિશલાની કૂખે ગર્ભ ધારણ થતાં જ સારાયે ક્ષત્રિયકુંડ નગરમાં ધન - ધાન્ય આદિ અપરંપાર વૃદ્ધિ થવા લાગી. ગર્ભકાળ પૂર્ણ થતાં જ ચૈત્ર સુદ તેરસના દેવાધિદેવનો જન્મ થયો.

૬૪ ઈન્દ્રો,૫૬ દિશા કુમારીકાઓ તથા મનુષ્ય લોકના માનવીઓએ જન્મ કલ્યાણક મહોત્સવ આનંદોલ્લાસ પૂર્વક ઊજવ્યો.ત્રણે લોકમાં પ્રકાશ - અજવાળા પથરાઈ ગયાં. માતા - પિતાએ ગુણ નિષ્પન એવું ''વર્ધમાન ''નામ રાખ્યું.

જૈનાગમ સૂયગડાંગ સૂત્ર અધ્યયન ૬, અનુસાર ભગવાન મહાવીરના વીર, વર્ધમાન, સન્મતિ, વૈશાલિક, જ્ઞાત પુત્ર વગેરે નામોલ્લેખ છે.

### પ્રભુ મહાવીરે કહ્યુ સહિષ્ણુતા એ શ્રેષ્ઠ ધર્મ છે

પ્રભુ મહાવીરે સતત સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી આર્ય અને અનાર્ય દેશમાં,કયારેક ઉદ્યાનમાં તો કયારેક જંગલમાં વિચરણ કરી દેવ,મનુષ્ય અને તિર્યંચકૃત અનેક પરિષહો અને ઉપસર્ગોને હસતાં મુખે સમતા ભાવે સહન કરી જગતને સંદેશો આપ્યો કે..

'' સહિષ્ણુતા એ શ્રેષ્ઠ ધર્મ છે ''.

એક જ રાતમાં સંગમ નામના દેવે વીસ - વીસ ઉપસર્ગો આપ્યાં છતાં કરૂણાનિધાને સહન કર્યાં.. કહેવાય છે કે પ્રભુની આંખમાંથી કરૂણાના બે બિંદુ ટપકી પડ્યાં કે...આ સંગમનું શું થશે ? ચંડ કૌશિક સર્પ કે જેની દ્રષ્ટિમાં હળાહળ ઝેર હતું તેણે જયારે પરમાત્માને ડંખ દીધા ત્યારે પ્રભુના મુખમાથી શબ્દો સરી પડેલ... સંબુજ્ઝ..કિં..ન બુજ્ઝહ...અથાત હે ચંડ કૌશિક ! શાંત થા..શાંત થા.બોધને કેમ પ્રાપ્ત કરતો નથી ? યાદ કર તારા પૂર્વ ભવને ! સાધુ થઈને ક્રોધ કર્યો તો તું સર્પ બન્યો... હવે શાંત થઈ જા.

પ્રભુની અમૃત વાણી સાંભળી ચંડ કૌશિકના જીવનમાં વળાંક આવ્યો,પશ્ચાતાપ થયો ફળ સ્વરૂપે આઠમું દેવલોક મળ્યું. કોઈક પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા તો કોઈક પ્રભુની પાછળ કુતરાઓ દોડાવ્યા.પ્રભુએ હસતાં મુખે આ બધા ઉપસર્ગોને સહન કર્યા. દેવલોકનો ઈન્દ્ર પ્રભુને આજીજી અને કાકલુદી કરે કે હે દેવાધિદેવ ! હું સતત આપની સેવા કરવા ઈચ્છુ છું ત્યારે પ્રભુ કહે ન અઠે..ન સમઠે.

પ્રભુની નજર સમક્ષ ગોશાલકે સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે સાધુઓને બાળીને ભડથુ કરી નાખ્યા અને પ્રભુ ઉપર પણ તેજો લેશ્યા છોડી જેનાથી પ્રભુને છ માસ સુધી દાહજવર થઈ ગયો.આમ છતાં પરમાત્માએ જગતના દરેક જીવોને પોતાના જ આત્મા સમાન સમજ્યા. ગોશાલક હોય કે ગૌતમ ગણધર,ચંડ કૌશિક હોય કે ચંદનબાળા,જમાલિ હોય કે જયંતિ શ્રાવિકા પ્રભુ માટે દરેક આત્મા સરખા.

પ્રભુ મહાવીર મોક્ષ માર્ગમાં મેરૂ પર્વતની જેમ અડોલ અને અડગ રહી કર્મો ખપાવી પારગામી થયા.

### પ્રભુ મહાવીરના શાસનમાં ૧૪૦૦૦ શ્રમણો

૩૬૦૦૦ શ્રમણીઓ( સાધ્વીજીઓ),૧,૫૯,૦૦૦ શ્રમણોપાસકો,૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ હતાં. જેમાં મગધ અને અંગ દેશના અધિપતિ સમ્રાટ શ્રેણિક મહારાજા, ચંપા નરેશ કોણીક જેવા ભક્તો પણ હતાં કે જેઓ પ્રભુના મંગલ પદાર્પણના સમાચાર આપનારનું દારિદ્ર દૂર કરી દેતાં. પ્રભુએ કર્મ સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરી ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી વૈશાખ સુદ દશમના ગોદુ આસને ચોથા પ્રહરમાં છઠ્ઠ તપની આરાધના સાથે ધ્યાનસ્થ અવસ્થામાં કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કર્યુ. અસંખ્ય દેવોએ કેવળ મહોત્સવ ઊજવ્યો.કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પછી જ પ્રભુએ ઉપદેશ - ધર્મ દેશના આપવાનું શરૂ કર્યું. પ્રભુની દેશના અર્ધ માગ્ધી ભાષામાં સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય તેવી,ક્રૌંચ પક્ષીની જેવી મંજુલ સ્વરી,મીઠી મધુરી,માલકોષ રાગમાં,ગંભીર અને વૈરાગ્ય સભર ૩૫ ગુણયુક્ત જિનવાણી હોય છે.પ્રભુની અણમોલ વાણીનું શ્રવણ કરવા ૧૨ પ્રકારની પરિષદ આવે તેમાં સૂર્યાભદેવ પણ આવે અને સુબાહુકુમાર પણ આવે.જિનવાણીનું અમૃત પાન કરી અર્જુન માળી જેવા ખુનીમાંથી મુનિ બની ગયાં, કંઈક ભાગ્યશાળી આત્માઓ ભોગીમાંથી યોગી બની ગયાં, કંઈક હળુ કર્મી આત્માઓ જીવમાંથી શીવ બની ગયાં. અરે ! પેલા નંદ મણિયારનો આત્મા દેવાધિદેવના દર્શન માત્રની ભાવનાથી દેડકો દર્દુર દેવ બની ગયો.

### માનવનો ભવ એટલે અનંતા ભવોનો અંત કરવાનો ભવઃ પ્રભુ મહાવીર

પ્રભુના સમવસરણની રચના દેવો કરે છે.પ્રભુના ઈન્દ્રભૂતિ આદિ ૧૧ ગણધર ભગવંતો હતાં. કહેવાય છે પ્રભુ આ ગણધર ભગવંતોને ત્રિપદી આપે અને ગણધરો તેમાથી અંગસૂત્રોની રચના કરે,ગ્રંથસ્થ કરે.પરમાત્મા ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હોય,૮ પ્રતિહાર્ય હોય ૩૪ અતિશયો તેમજ ૭૨ કલાઓમાં પ્રવિણ હોય. જૈનાગમ શ્રી સુયગડાંગ સૂત્રમા આગમકાર ભગવંતોએ ફરમાવ્યુ કે દાનમાં અભયદાન,તપમાં બ્રહ્મચર્ય,ઉપવનોમાં નંદનવન,ધ્વનિઓમાં મેઘ ધ્વનિ,હાથીઓમાં ઐરાવત,પશુઓમાં સિંહ,પક્ષીઓમાં ગરૂડ,નદીઓમાં ગંગા તેમ મુનિઓમાં,જ્ઞાનીઓમાં,

તપસ્વીઓમાં ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતાં.અઢાર દેશના રાજા - મહારાજાઓ અને વિશાળ જન મેદની સમક્ષ પરમ પૂણ્યશાળી પાવાપુરીના પ્રાંગણે પ્રભુએ પોતાની અંતિમ ધર્મ દેશના - ઉપદેશ સ્વરૂપે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને શ્રી વિપાક સૂત્રની વાંચના આપી.જીવનરૂપી દીવામાંથી આયુષ્યરૂપી તેલ પૂર્ણ થવામાં હતું ત્યારે કોઈ પ્રાર્થના કરે કે હે પ્રભુ ! માત્ર બે ઘડીનું આપનું આયુષ્ય વધારી અમારી ઉપર કૃપા કરો.આ સાંભળી ત્રિલોકીનાથ પ્રત્યુત્તર આપે કે ન ભૂતો,ભવિષ્યતિ,ન અઠે,ન સમઠે અર્થાત ભૂતકાળમાં આવું કદી થયું નથી,ભવિષ્યમાં કદી થશે નહીં. મૃત્યુને પાછુ ઠેલવવામાં કોઈ સમર્થ નથી.આસો વદ અમાસના પ્રભુનો આત્મા આઠેય કર્મોથી મુક્ત થઈ ૭૨ વર્ષનું આયુષ્ય પરીપૂર્ણ કરી અનંતા સિદ્ધ ભગવંતોની સાથે જયોતમાં જયોત મિલાવી નિર્વાણ પામી સિદ્ધ, બુધ્ધ અને મુક્ત થયા.

## એવરેસ્ટ મસાલામાં ''ઝેરી પદાર્થ'' ઝડપાયો

# સિંગાપોર મોકલાયેલ કરી ફિશ મસાલામાં પેસ્ટીસાઈડનું પ્રમાણ નિર્ધારિત માત્રા કરતા ખૂબ જ વધુ

### સિંગાપોર ફૂડ એજન્સીએ ઈથિલિન ઓક્સાઈડની હાજરીને કારણે ભારતની 'એવરેસ્ટ ફિશ કરી મસાલા'ને પાછી મોકલાવી



**અબતક, નવીદિલ્હી**

ભારતના મસાલા માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં ધૂમ મચાવી રહ્યા છે. ત્યારે એવરેસ્ટ મસાલામાં ઝેરી પદાર્થ ઝડપાયો છે. સિંગાપુર ફૂડ એજન્સીએ ફિશ કરીમાં ઈથેનીલ ઓકસાઈડની હાજરી નિર્ધારિત માત્રા કરતા વધુ હોવાથી તેને ભારત ફરી મોકલી દીધી છે અને તેને ન ખાવા સૂચિત પણ કરવામાં આવ્યું છે. સિંગાપોર ફૂડ એજન્સીએ ઈથિલિન ઓકસાઈડની હાજરીને કારણે ભારતની 'એવરેસ્ટ ફિશ કરી મસાલા'ને પાછી બોલાવી છે. ઈથિલિન ઓકસાઈડ એ એક જંતુનાશક છે જેનો ઉપયોગ સ્વીકાર્ય મર્યાદાથી વધુ ખોરાકમાં થઈ શકતો નથી. એજન્સીએ ખરીદદારોને તેને ન ખાવાની સલાહ આપી છે. આ પગલું હોંગકોંગમાં સેન્ટર ફોર ફૂડ સેફ્ટી દ્વારા સમાન સૂચનાને અનુસરે છે. સિંગાપોર ફૂડ એજન્સી એ ૧૮ એપ્રિલના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આયાતકાર એસ.પી મુથૈયા એન્ડ સન્સને ઉત્પાદનો પાછા બોલાવવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. સ્વર્ગસ્થ વાડીલાલ ભાઈ શાહ દ્વારા સ્થપાયેલ, ૫૭ વર્ષ જૂની બ્રાન્ડ ભારતમાં શુદ્ધ અને મિશ્રિત મસાલાની સૌથી મોટી ઉત્પાદક છે અને તે વિશ્વના ૮૦ થી વધુ દેશોમાં હાજર છે. કંપનીએ જણાવ્યું હતું કે તેના તમામ ઉત્પાદનો ડિસ્પેચ અને નિકાસ પહેલા સખત પરીક્ષણમાંથી પસાર થાય છે.

કંપનીએ જણાવ્યું હતું કે દરેક શિપમેન્ટ સ્પાઈસીસ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ગુણવત્તાની તપાસમાંથી પસાર થાય છે. તેમણે કહ્યું, અમે સંબંધિત સત્તાવાળાઓ અને ભારતીય મસાલા બોર્ડ, એફ.એસ.એસ.એ.આઈ અને અન્યો દ્વારા નિર્ધારિત સર્વોચ્ચ સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા ધોરણોનું સખતપણે પાલન કરીએ છીએ ટીમ મામલાની તપાસ કરશે.'' એવરેસ્ટ, જે ભારતના બ્રાન્ડેડ મસાલા બજારમાં એમ.ડી.એચ સ્પાઈસીસ અને કેચ ફૂડ્સ જેવી કંપનીઓ સાથે સ્પર્ધા કરે છે, તેનું મૂલ્ય વિશ્લેષકો દ્વારા રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ છે અને તેને અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જેવા બોલિવૂડ દિગ્ગજોનું સમર્થન છે. એવરેસ્ટની વર્તમાન આવક રૂ. ૩,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે ફિશ કરી મસાલા કંપનીના વેચાણમાં નોંધપાત્ર યોગદાન આપતું નથી અને આ પગલાથી તેના વ્યવસાય પર મોટી અસર થવાની શક્યતા નથી.

# લ્યો કરો વાત... ટબુડીયા માલિકને ઈન્ફોસીસના ડિવિડન્ડની આવક કરોડોમાં થઈ

### એકગ્રાને તેના દાદા નારાયણ મૂર્તિએ ઈન્ફોસિસના ૧૫ લાખ શેર ભેટમાં આપ્યા હતાઃ ચોથા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત વખતે, કંપનીએ પ્રતિ શેર ૨૮ રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી



**અબતક, નવીદિલ્હી**

ઈન્ફોસીસના શેર નવી ઊંચાઈ આંબી રહ્યા છે. ત્યારે ઈન્ફોસીસના નારાયણ મૂર્તિ ના પૌત્ર કે જે ઢબુડીઓ માલિક બની ગયો છે તેને ઈન્ફોસીસના ડિવિડન્ડ ની આવક કરોડોમાં થઈ છે. એક મહિના પહેલા નારાયણ મૂર્તિના પૌત્ર એકગ્રા વિશે સાંભળ્યું જ હશે. એકગ્રા રોહન મૂર્તિ કરોડપતિ બનનાર સૌથી નાનો બાળક છે. તાજેતરમાં જ એકગ્રાને તેના દાદા નારાયણ મૂર્તિએ ઈન્ફોસિસના ૧૫ લાખ શેર ભેટમાં આપ્યા હતા. હવે, ચોથા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરતી વખતે, કંપનીએ ૨૮ રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. તેમાં રૂ. ૨૦નું અંતિમ ડિવિડન્ડ અને રૂ. ૮નું સ્પેશિયલ ડિવિડન્ડ સામેલ છે. ડિવિડન્ડની જાહેરાત સાથે, એકગ્રા રોહન મૂર્તિએ ૪.૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

તમને જણાવી દઈએ કે એકગ્રા માત્ર પાંચ મહિનાની છે. તેને આ દુનિયા વિશે ભલે કંઈ ખબર ન હોય પરંતુ ઈન્ફોસિસના ડિવિડન્ડ આપવાના નિર્ણયને કારણે તે કરોડો રૂપિયા કમાઈ રહ્યો છે. આ પહેલા પણ તેની કિંમત સેંકડો કરોડ છે. કંપની દ્વારા કહેવામાં આવ્યું છે કે અંતિમ ડિવિડન્ડ અને સ્પેશિયલ ડિવિડન્ડ ૩૧ મે માટે નક્કી કરવામાં આવ્યું છે. આ પૈસા ૧ જુલાઈના રોજ આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે નારાયણ મૂર્તિના પૌત્ર એકગ્રા પાસે ઈન્ફોસિસના ૧૫ લાખ શેર છે.

''FY20-24 દરમિયાન કુલ ચૂકવણી મફત રોકડ પ્રવાહના ૮૫% હશે, જે અગાઉ જાહેર કરવામાં આવેલી અમારી મૂડી ફાળવણી નીતિને અનુરૂપ છે,'' ઈન્ફોસિસે તેના ચોથા કવાર્ટરની કમાણી રિલીઝમાં જણાવ્યું હતું. વાર્ષિક સામાન્ય સભા અને અંતિમ ડિવિડન્ડ અને સ્પેશિયલ ડિવિડન્ડની ચુકવણીના હેતુ માટેની રેકોર્ડ તારીખ ૩૧ મે, ૨૦૨૪ છે. ઈન્ફોસિસે જણાવ્યું હતું કે ડિવિડન્ડ ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ ચૂકવવામાં આવશે. પરબિડીયુંની પાછળની ગણતરીઓ દર્શાવે છે કે શેર દીઠ રૂ. ૨૮ના ડિવિડન્ડ સાથે, સૌથી નાની ઉંમરના કરોડપતિ એકગ્રા રૂ. ૪.૨ કરોડ મેળવવાની તૈયારીમાં છે.

# લખનૌ સામે શરૂઆતની ધીમી બેટિંગ ચેન્નઈને મોંઘી પડી

### પાવર પ્લેનો યોગ્ય ઉપયોગ કરવામાં ચેન્નઈની ટીમ નિષ્ફળ સતત વિકેટ પડતા ટીમ પર વધ્યું પ્રેસરઃ ગાયકવાડ



**અબતક, નવીદિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગઈકાલે ચેન્નાઈ સુપરકિંગ્સ અને લખનઉ વચ્ચે મેચ રમાયો હતો જેમાં લખનઉની ટીમે આઠ વિકેટે વિજય મેળવ્યો છે. મેચની જો વાત કરવામાં આવે તો ચેન્નાઈ ની ટીમ પોતાનો આક્રમક અંદાજથી ખૂબ જાણીતી રહી છે અને ડેથ ઓવરમાં મહેન્દ્રસિંહ ધોનીની વિસ્ફોટક ઈનિંગ અને રમત ટીમને ખૂબ ઉપયોગી નીવડે છે પરંતુ ગઈકાલે લખનઉ સામે જે મેચ રમાયો તેમાં ચેન્નાઈનો બે વિકેટ એ પરાજય થયો છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે પાવર પ્લેમાં જે રીતે રમત રમાવી જોઈએ અને રન બનવા જોઈએ તેમાં ચેન્નાઈની ટીમ નિષ્ફળ નિવડી હતી અને સતત વિકેટ પડતા રન બનાવવાનું પ્રેશર ટીમના પાછલા બેટ્સમેનો ઉપર વધ્યું હતું જેના ફળ સ્વરૂપ ચેન્નાઈની ટીમ ૨૦ ઓવરના અંતે માત્ર ૧૭૬ રન જ બનાવી શકી હતી.

૧૭૭ રનના લક્ષ્યાંક નો પીછો કરવા ઉતરેલી લખનવની ટીમ દ્વારા મેચ ખૂબ સરળ જીતી લીધો હતો અને એક ઓવર પણ બચી હતી. લખનઉ તરફથી સર્વાધિક રન ટુકાની રાહુલે નોંધાવ્યા હતા જેમાં તેને ૮૨ રનની ગરમી હતી તો સામે ડીકો કે ૫૪ રનની ઈનીન રમી ટીમને વિજય અપાવ્યો પોતાનો સિંહ ફાળો આપ્યો હતો. ચેન્નાઈ માટે રવિન્દ્ર જાડેજાએ અડધી સદી ફટકારતા સૌથી વધુ ૫૭ રનની ઈનિંગ રમી. આ સિવાય અજિક્ય રહાણએ ૩૬ અને મોઈન અલીએ ૩૦ રન બનાવ્યા.

બીજી ઈનિંગમાં રન બનાવવા માટે ઉતરેલી લખનૌ શરૂઆતથી જ ચેન્નાઈ પર હાવી જોવા મળી. ચેન્નાઈના બોલરો વિકેટ માટે તરસતા રહ્યા અને લખનૌ રન બનાવતી રહી. લખનૌ માટે પહેલી વિકેટ કેએલ રાહુલ અને ડિ કોકે રેકોર્ડ બ્રેક ૧૩૪ રનની પાર્ટનરશિપ કરીને બાજી એક તરફી બનાવી દીધી હતી.

# ટેસ્લાના એલોન મસ્કે ભારત મુલાકાત મુલતવી રાખી

### ટેસ્લાની ભારે જવાબદારીઓને પગલે મુલાકાત હાલ મોકૂફઃ મસ્ક



**અબતક, નવીદિલ્હી**

ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે તેમની આગામી ભારત મુલાકાત હાલ માટે મુલતવી રાખી છે. ઈલોન મસ્કે ટ્વીટ કરીને પ્રવાસ મોકૂફ રાખવાની જાણકારી આપી છે. અગાઉ જણાવ્યું હતું કે મસ્ક વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની અને ભારતીય બજારમાં પ્રવેશવાની તેમની યોજના મુલતવી રાખી શકે છે. અગાઉના કાર્યક્રમ મુજબ ૨૧ અને ૨૨ એપ્રિલે ભારતની મુલાકાત લેવાની હતી.

આ પહેલા ૧૦ એપ્રિલના રોજ એલોન મસ્કએ ટ્વિટ કર્યું હતું કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા આતુર છે. થોડાં અઠવાડિયાં પહેલાં જ ભારત સરકારે નવી ઈલેક્ટ્રિક વ્હીકલ મેન્યુફેકચરિંગ પોલિસી જાહેર કરી હતી. આ નવી નીતિ હેઠળ, સરકાર ભારતમાં ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન કરવા માટે પ્રતિબદ્ધ કંપનીઓને ફીમાં છૂટ આપે છે.

એલોન મસ્કે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ભારતની મુલાકાત મોકૂફ રાખવાની માહિતી આપી હતી. તેમણે પોતાના ટ્વીટમાં કહ્યું કે ''દુર્ભાગ્યવશ, ટેસ્લાની ભારે જવાબદારીઓને કારણે ભારતની મુલાકાત વિલંબિત થશે, પરંતુ હું આ વર્ષના અંતમાં મુલાકાત માટે ખૂબ જ ઉત્સુક છું, અહેવાલ મુજબ, મસ્કની મુલાકાત મુલતવી રાખવા પાછળના કારણો.'' માહિતી મળી શકી નથી. પરંતુ અત્યાર સુધીની માહિતી અનુસાર, મસ્કને ટેસ્લાના પ્રથમ કવાર્ટરના પ્રદર્શન અંગેના પ્રશ્નોના જવાબ આપવા માટે ૨૩ એપ્રિલે અમેરિકામાં એક મહત્વપૂર્ણ કોન્ફરન્સ કોલમાં ભાગ લેવાનો છે.

# વિરાટ શકિત પ્રદર્શન સાથે પુનમબેન માડમે વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી

## કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ રેલીમાં હાલારના ઇતિહાસમાં પ્રથમ વખત જંગી મેદની ઉમટી પડી





**અબતક, જામનગર**

હાલારના બન્ને જિલ્લાઓ જામનગર અને દ્વારકા ના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ દ્વારા નામાંકન પત્ર ભરવા અન્વયે વિજય વિશ્વાશ સંમેલન તથા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આશરે ૨૦,૦૦૦ થી વધુની સંખ્યા માં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ-સમર્થકો આ સંમેલન તથા રેલી માં જોડાયા હતા. અને પ્રચંડ જન સમર્થનને લઈને સંકલ્પ રેલીમાં કેસરિયો માહોલ છવાયો હતો.

હાલારના બંને જિલ્લાના સંતો- મહંતો તેમજ ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય મંત્રી અને રાજય કક્ષાના મંત્રી સહિતના અગ્રણીઓ મહાનુભાવો ની ઉપસ્થિતિમાં યોજાયેલા વિરાટ વિજય સંકલ્પ સંમેલનમાં કાર્યક્રમની શરૂઆત માં જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મૂંગરા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

સાંસદ પૂનમબેન ના જન સમર્થન માટે ખાસ પધારેલા



કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરએ જણાવેલું કે માનનીય નરેન્દ્રભાઈ મોદીજી એ તપ કર્યું, ધ્યાન ધર્યું, વિરાશત બચાવી. સાથે સાથે દેશ નો વિકાસ કર્યો. દશ વર્ષમાં ગેસ, મકાન, વીજળી, શૌચાલય, દવા, અનાજ, ઘર ઘર પહોચાડ્યું છે. દશ વર્ષ પહેલા ભારત ની અર્થ વ્યસ્થા લડખડાતી હતી. મોદીજીએ તેને મજબૂત બનાવી, દુનિયામાં સ્થાન અપાવ્યું છે, અને દુનિયામાં ઝડપથી આગળ વધવા વાળો દેશ બનાવ્યો છે.

થોડા વર્ષ પહેલા ડિફેન્સ માટે સાધનો આયાત કરવા પડતા હતા,આજે બધું જ દેશ ના બનાવી શકાય છે. આપણે ભારત ને વધુ મજબૂત બનાવશું, ખોટા રેશનકાર્ડ, ખોટા કન્સેશન રદ કરી તેની સબસીડી અન્ય લોકકલ્યાણ કાર્યમાં વાપરીએ, નારી શકિત વંદન બિલ, ૩૩ ટકા સ્ત્રી અનામત, દુનિયા ના સૌથી લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદી ભારતને આગળ વધારવા પૂનમબેન ને જંગી લીડ થી જિતાડીએ. ૪૦૦ થી વધુ સીટ જીતાડી ને ફરી થી નરેન્દ્રભાઈ મોદીજી ને પ્રધાનમંત્રી બનાવીયે.

વિજય વિશ્વાશ સંમેલન પછી વિશાળ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઓસ્વાલ સેન્ટર થી કલેકટર ઓફીસ સુધી વિશાળ જન મેદની સાથે રેલી યોજાઈ હતી. જેમાં સાંસદ પૂનમબેન માડમ અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર ના ફ્લોટની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમના નિદર્શનના ફ્લોટ્સ પણ જોડાયા હતા. જે મુખ્ય આકર્ષણ નું કેન્દ્ર રહ્યા હતા. સૌ એ પોતાના ઉદબોધન માં પૂનમબેન માડમને જંગી બહુમતી થી જીતાડવા અપીલ કરી હતી. લોકસભા- ૨૦૨૪- ની ચૂંટણી માટે ગુજરાતમાં આજે નામાંકન પત્ર રજૂ કરવા માટેનો અંતિમ દિવસ છે, ત્યારે ૧૨-જામનગર લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ દ્વારા આજે ૧૨ વાગ્યાને ૩૯ ના શુભ મૂહૂર્તે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કરવામાં આવ્યું હતું.

ગઈકાલે લોકસભા ના ઉમેદવાર પૂનમબેન માડમના સમર્થનમાં વિરાટ સંકલ્પ રેલી અને સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉમેદવારી પત્ર રજૂ કરવા માટેનો આજનો અંતિમ દિવસ મુકર્રર કરવામાં આવ્યો હતો.

જેના અનુસંધાને બપોરે ૧૨.૦૦ વાગ્યાને ૩૯ મિનિટ ને શુભમુહૂર્ત પર પૂનમબેન માડમ દ્વારા પોતાનું નામાંકન પત્ર જામનગર જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

જેઓ કલેકટર કચેરીના દ્વારે પહોંચ્યા ત્યારે તેઓની સાથે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય રીવાબા જાડેજા, અને દિવ્યેશભાઈ અકબરી, ગુજરાત રાજ્યના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ પૂર્વ મંત્રી પ્રોફેસર વસુબેન ત્રિવેદી પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરિયા પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

ત્યારબાદ ઉમેદવાર પૂનમબેન માડમે જિલ્લા કલેકટર સમક્ષ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું, ત્યારે તેઓની સાથે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક જગદીશભાઈ મકવાણા,ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને કલસ્ટરલ આર.સી ફળદુ, પૂર્વ કેબિનેટ મંત્રી ચીમનભાઈ સાપરિયા, જામનગર જિલ્લાના રાજપુત અગ્રણી સી આર જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમર્થન કર્યું હતું.

### 'હાલારનો હુંકાર, પૂનમબેન ફરી એકવાર' ના સુત્ર સાથે નારી શક્તિના દર્શન થયા




જામનગર લોકસભા ની બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ નું ઉમેદવારી પત્ર ભરવા માટે યોજાઈ ગયેલી વિજય સંકલ્પ રેલીમાં હાલારની દીકરી ને પ્રચંડ સમર્થન આપવા માટે બહેનોની મોટી સંખ્યા માં ઓશવાળ સેન્ટરમાં હાજરી જોવા મળી હતી, અને નારી શક્તિના દર્શન થયા હતા.

જામનગર લોકસભા ના ઉમેદવાર પૂનમબેન માડમને આવકારવા માટે જામનગરના ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, તેમજ અન્ય મહિલા કોર્પોરેટરો, અને શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો સહિતના મહિલા અગ્રણીઓ પોતાના હાથમાં બેનર- પોસ્ટર લગાવી હાલરનો હૂંકાર, પૂનમબેન ફરી એકવાર સાથે ના સુત્રો દર્શાવીને ભવ્ય આવકાર આપ્યો હતો.

પૂનમબેન માડમ જ્યારે કેન્દ્રીય મંત્રી અનુરાગજી ઠાકુરની સાથે મંચ પર આવવા માટે પ્રવેશ્યા હતા, જે દરમિયાન ઉપરોક્ત તમામ બહેનો દ્વારા પૂનમબેન માડમ ને આવકાર અપાયો હતો, અને કેન્દ્રીય મંત્રી પણ પૂનમબેન માડમ પ્રત્યે નો જામનગરની સન્નારીઓનો આવકાર નિહાળી ને અભિભૂત થયા હતા.

### ૧૯૩ કરોડના ખર્ચે નિર્માણાધીન

# સાત રસ્તા સર્કલથી વિકટોરિયા પુલ સુધીના બ્રિજનું કામ પૂરજોશમાં શરૂ

## ડિસેમ્બરમાં બ્રિજનું કામ થવાની સંભાવના બ્રિજ બનતાની સાથે ટ્રાફીક સમસ્યા હળવી થશે

**અબતક,જામનગર**

જામનગરવાસીઓની જે વર્ષોજુની માંગ હતી તે સંતોષાઈ રહી છે. જામનગરના સાત રસ્તા સર્કલથી માંડી વિક્ટોરિયા પુલ સુધીનાં બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે. જેને લઈને ટ્રાફિકની સમસ્યામાંથી લોકોને મુક્તિ મળશે. જામનગર શહેરમાં બનતા આ બ્રિજને સૌરાષ્ટ્રનો સૌથી લાંબો બ્રિજ ગણવામાં આવી રહ્યો છે.



જામનગરમાં બની રહેલ ઓવર બ્રિજનું કામ પૂરું થતા જ જામનગર શહેર અને પંથક ઉપરાંત યાત્રાધામ દ્વારકા જતાં લાખો પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે તો આશિર્વાદરૂપ પૂરવાર થશે. વધુમાં વિદ્યાર્થીઓ અને ખાનગી કંપનીના નોકરીયાતો અને ધંધાર્થીઓ અને વાહનચાલકો માટે વરદાન સમાન બનશે. આ અંગે જામનગર મહાનગર પાલિકાના સીટી એન્જિનિયર ભાવેશ જાનીએ અબતક સાથેની વાતચીમાં જણાવ્યું કે, લેટેસ્ટ ટેક્નોલોજીના બ્રિજની ખાસિયતની વાત કરીએ તો તેની લંબાઈ ૩૪૫૦ મીટર છે અને બ્રિજ ચડતા-ઉતરતા પહોળાઈ ૧૧ મીટર છે. વધુમાં બ્રિજના ઉપરના ભાગની પહોળાઈ ૧૫ મીટર છે. ખાસ વાત એ છે કે, ૧૯૩ કરોડના ખર્ચે આ બ્રિજના કામગીરી હાલ જોરશોરથી ચાલી રહી છે. દરેક જામનગરવાસીના મનમાં હાલ એક જ સવાલ છે. કારણ કે બ્રિજનું કામ ચાલુ હોવાથી ટ્રાફિક થઈ રહ્યો છે. આ કામ ક્યારે પૂર્ણ થશે. જેના જવાબમાં જાનીએ કહ્યુ કે, ડિસેમ્બરના અંત સુધીમાં આ બ્રિજનું કામ સંપૂર્ણપણે કરી દેવામાં આવશે. બ્રિજ બનતાની સાથે જ શહેરીજનો માટે બ્રિજ ખુલ્લો મુકવામાં આવશે. જેની સાથે જ જામનગરમાં ટ્રાફિકની સમસ્યા ભૂતકાળ બનશે. મહત્વનું છે કે, ૨૦૨૦ ની સાલમાં ટ્રાફિકની સમસ્યાને ભૂતકાળ બનાવવા બ્રીજના કામની જાહેરાત કરી હતી. ત્યારબાદ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થઈ બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું હતું અને હાલ આ કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

# જનરલ, પોલીસ અને ખર્ચ ઓબ્ઝવેરની નિમણુંક

**અબતક, જામનગર**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત રીતે ચૂંટણી પૂર્ણ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપંચના દિશાનિર્દેશ મુજબ વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીના ભાગરૂપે ૧૨


૧૨-જામનગર સંસદીય મત વિસ્તાર માટે જનરલ ઑબ્ઝર્વર

## ઓબ્ઝવેર સર્કિટ હાઉસ ખાતે નાગરીકોને રૂબરૂ મળી શકશે

તરીકે હસમત અલી યાતો (આઈએએસ), પોલીસ ઑબ્ઝર્વર તરીકે ઉત્તપલ કુમાર નાસ્કર (આપીએસ) અને ખર્ચ ઑબ્ઝર્વર તરીકે અવિજિત મિશ્રા (આઈઆરએસ) ની નિમણુક કરવામાં આવી છે.

૧૨- જામનગર સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીને લગતી કોઈ પણ ફરિયાદ કે રજૂઆત માટે નાગરિકો તેમને રૂબરૂ મળી શકશે. અથવા જનરલ ઑબ્ઝર્વરના મોબાઈલ નં. ૯૦૨૩૩૮૦૩૪૧, પોલીસ ઑબ્ઝર્વરના મોબાઈલ નં.૮૭૯૯૧૩૬૦૪૪ અને ખર્ચ ઑબ્ઝર્વરના મોબાઈલ નં .૮૧૬૦૯ ૧૬૫૧૯ ઉપર સંપર્ક કરી શકાશે. તેઓ લાલ બંગલો સર્કલ, જામનગર સર્કિટ હાઉસ ખાતેના રૂમ નંબર અનુક્રમે ૨,૩ અને ૬ પર નાગરિકોને રૂબરૂ મળી શકશે.

# યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવા સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું નિર્માણ



**અબતક, જામનગર**

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અંતર્ગત લોકોમાં મતદાન જાગૃતિ લાવવા માટે જામનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તેમજ યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી જામનગરની સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ શૃંખલામાં આચાર્ય, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી. તેઓના સામૂહિક પ્રયત્નોથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# હીટવેવથી પશુધનનું ખાસ ધ્યાન રાખવું

**અબતક,જામનગર:** ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શક્યતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિક્લરથી સિંચાઈ કરો. પશુઓને છાયડામાં રાખો અને તેમને શુધ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરી શુધ્ધ ઠંડુ પાણી આપવું.

### માધવપુરનો માંડવોને જાદવ કુળની જાન, પરણે રાણી રૂક્ષ્મણી શ્રી દ્વારિકાધીશ ભગવાન

# દ્વારકાના રૂક્ષ્મણી મંદિરના પટાંગણમાં પરંપરાગત રીતે ઠાકોરજી-રૂક્ષ્મણીજીનો લગ્નોત્સવ યોજાયો

## મંદિરના પટાંગણમાં ધાર્મિક વિધી વિધાન સાથે ભવ્ય લગ્નોત્સવ ઉજવાયોઃ ભક્તોની ઉપસ્થિતિ





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ચૈત્રી સુદ તેરસના શુભ દિને દ્વારકાધીશ શ્રીકૃષ્ણ અને તેમના મુખ્ય પટ્ટરાણી માતા રૂક્ષ્મણીજીનો લગ્નોત્સવ પરંપરાગત રીતે ઊજવાયો હતો. દ્વારકાના રૂક્ષ્મણી મંદિરના પટાંગણમાં ધાર્મિક વિધિવિધાન સાથે ભગવાન દ્વારકાધીશજી અને માતા રૂક્ષ્મણીજીનો ભવ્ય લગ્નોત્સવ ઊજવાયો હતો. તા.૧૭-૧૮-૧૯ એપ્રિલ દરમ્યાન ઉજવાયેલ શ્રીજી પટ્ટરાણીજીના લગ્નોત્સવમાં સાંજીના ગીત, સંગીત સંધ્યા, માતાજીનો વરઘોડો, અન્નકુટ મહોત્સવ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સંપૂર્ણ ધાર્મિક વિધિ વિધાન સાથે બહોળી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિમાં પૂજારી અરૂણભાઈ દવે તેમજ લગ્નોત્સવમાં મુખ્ય યજમાન પરિવારની ઉપસ્થિતિમાં દ્વારકાધીશજી અને રૂક્ષ્મણી માતાજીના લગ્નોત્સવની ઊજવાયો હતો.

## કાલે શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી સત્કાર સમારોહ અન્વયે સુચારૂ વ્યવસ્થા હેતુ કલેકટર પંડ્યાની અધ્યક્ષતામાં યોજાઇ બેઠક




દેશના ઉત્તર પૂર્વીય પ્રદેશ તથા પશ્ચિમ ભારતના ગુજરાતની સંસ્કૃતિ સમન્વય અનુબંધનો ઉત્સવ માધવપુર ઘેડ મેળો કાલે યોજાશે. ભગવાન શ્રીકૃષ્ણ રૂક્ષ્મણીજી સાથે વિવાહ કર્યા બાદ જાન લઈ દ્વારકા પહોંચ્યા તે પૌરાણિક મહાત્મ્યને પુનઃ ઉજાગર કરતા દ્વારકામાં તા.૨૧મીએ ઠાકોરજીની જાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવનાર હોય જે અનુસંધાને જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં બેઠક યોજવામાં આવેલ જેમાં કલેકટર પંડ્યાએ જણાવેલ કે તા.૨૧મીએ દ્વારકામાં ભગવાનની જાનની શોભાયાત્રા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામા આવનાર છે. બેઠકમાં સમગ્ર આયોજનની સુવ્યવસ્થિત તૈયારી થાય તે માટે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

## જગત મંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ



દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યા હતા. સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે દ્વારકાધીશના પરમભકત પરિવાર દ્વારા વારાદાર પુજારી પરિવારના સહયોગથી ઠાકોરજીને શુક્રવારના શ્વેત વસ્ત્રાલંકાર તથા દેદિપ્યમાન શૃંગાર સાથે અન્નકૂટ મનોરથ દર્શન યોજાયા હતા. ઠાકોરજીના દિવ્ય દર્શનનો હજારો ઉપસ્થિત ભાવિકોએ તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતો આ દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર બન્યા હતા.

# ઉચ્ચ અધિકારીઓના લટકતા પ્રમોશન આચારસંહિતા પૂર્ણ થતા જ આઈટીની ગતિવિધિ પૂરપાટ કરી દેશે

## તાજેતરમાં પડેલા આવકવેરા વિભાગના દરોડાએ એક નહીં અનેક જગ્યાએ એકી સાથે કામગીરી આટોપવાની કાર્યવાહી તેજ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં તાજેતરમાં આવકવેરા વિભાગ દ્વારા જે દરોડા પાડવામાં આવ્યા તેમાંથી એક નહીં અનેક જગ્યાએ એકી સાથે કામગીરી આટોપી લેવા માટેની કાર્યવાહીને તે જ કરી દેવામાં આવી છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હાલ વિભાગના ઉચ્ચ અધિકારીઓના લટકતા પ્રમોશન આચારસંહિતા પૂર્ણ થતા જ થશે જેથી આવકવેરા વિભાગની ગતિવિધિ પૂરપાઠ દોડશે.


આ અંગે એવી પણ માહિતી મળી રહી છે કે ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવશે અને આવતા બે સપ્તાહ ની અંદર જે મુખ્ય લોકો છે કે જેના ઉપર સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું તેને સમન્સ પણ બજાવવામાં આવશે.

એટલું જ નહીં ગ્રુપ સાથે એનકેન પ્રકારે જોડાયેલા પેઢી ધારો કે અને લોકો ને પણ વિભાગ દ્વારા નોટીશો ફટકારવામાં આવશે અને તેઓને હાજર રહી લેખિત જવાબ અને તેમની તપાસ હાથ ધરી ક્રોસ વેરીફીકેશન પણ થશે.

અત્યાર સુધીના ઈતિહાસમાં જયારે પણ સરચ ઓપરેશન આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતું હોય તે બાદ ત્રણથી ચાર મહિના જેટલો માતબર સમય લાગતો હોય દરેક ડેટાનું અવલોકન અને મૂલ્યાંકન કરવા માટે અને ત્યારબાદ જ તેનો ફાઈનલ રિપોર્ટ તૈયાર થતો હોય છે.

પરંતુ તાજેતરમાં જે રીતે આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા તેનું પ્રેશર પણ ઉચ્ચ અધિકારીઓ ઉપર વધ્યું હોવાના એંધાણ મળી આવ્યા છે અને પરિણામ સ્વરૂપે મે માસની શરૂઆતમાં જ સમગ્ર સરચ ઓપરેશનનો રિપોર્ટ તૈયાર થાય તે દિશામાં હાલ કામગીરીને વધુ તેજ બનાવવામાં આવી છે.

સૌથી મહત્વની વાત તો એ છે કે જે સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું તેમાં પણ વિભાગના અધિકારીઓને ફાફા પડ્યા હતા અને નિર્ધારિત લક્ષ્યાંક સુધી પહોંચવા માટે પ્રેશર ટેકનિક નો પણ ક્યાંકને ક્યાંક ઉપયોગ કરવામાં આવ્યો હતો. હાલ જે સ્થિતિ ઉદ્ભવિત થઈ છે તેને દયાને લઈને વાત સ્પષ્ટ છે કે નિર્ધારિત સમયમાં સંપૂર્ણ કામગીરી ને પૂર્ણ કરવા માટે વિભાગ દ્વારા નોટિસોનો મારો પણ કરવામાં આવશે કારણ કે હવે આવકવેરા વિભાગ પાસે ખૂબ જ ઓછો સમય રહ્યો છે. આવકવેરા વિભાગના અધિકારીઓ જેસર ઓપરેશન હાથ ધરતા હોય તેમાં નિર્ધારિત લક્ષ્યાંક સુધી પહોંચવા માટે ઘણી પદ્ધતિ અપનાવતા હોય છે પરંતુ હાલ જે બે મોટા સર્ચ ચોપરેશન રાજકોટમાં જોવા મળ્યા તેમાં અધિકારીઓ દ્વારા કંઈક અલગ જ પ્રકારનું વલણ દાખવવામાં આવ્યું હતું અને પેઢી ધારકો ને હેરાન પરેશાન કર્યા હોવાનું પણ સામે આવ્યું હતું.




આવકવેરા વિભાગ દ્વારા જેસર ચોપરેશન હાથ ધરવામાં આવ્યું તેનો ફાઈનલ રિપોર્ટ ઝડપથી બને તે હેતુસર હવે નોટિસો અને સમન્સની બજવણી થશે.

ત્યારે આશ્ચર્યની વાત તો એ છે કે કેટલા લોકોને સમન્સની બજવણી થશે, કેટલા લોકોને શોખોઝ નોટીશો પાઠવવામાં આવશે એ તમામ નોટિસ નો જવાબ કેટલા સમયમાં લેવાશે અને કઈ રીતે લેવાશે તે હાલ ચર્ચા નો વિષય બન્યો છે. કારણ કે જયારે પણ શોખોઝ નોટિસ પાઠવવામાં આવે તો એક નિર્ધારિત સમય નક્કી કરેલો હોય જે સમય દરમિયાન જે તે વ્યક્તિ સાથે જે તે કેસ અંગેની પૂછપરછ કરવામાં આવે પરંતુ પ્રેશર વધતા હવે આ મહિનાને પૂરા થવામાં આડે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે નોટિસો આ જવાબ પણ કઈ રીતે તૈયાર કરાશે તે તો આવનારો સમય જ જણાવશે પરંતુ મસ્ત મોટા ટાર્ગેટ સુધી પહોંચવા માટે હાલ વિભાગ દ્વારા દરેક ટેકનિકનો ઉપયોગ કરવામાં આવશે તેમાં કોઈ મીનમેક નથી.

# ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિને વકફ બોર્ડના સભ્ય બનાવતા ગુજરાત હાઈકોર્ટ "લાલઘુમ"

## વકફ ટ્રિબ્યુનલના સભ્યપદેથી અનવર હુસેન શેખને હટાવવા હાઈકોર્ટે તાકીદ કરી

**અબતક, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય વક્ફ ટ્રિબ્યુનલના નવા નિયુક્ત સભ્ય અનવર હુસૈન શેખની કથિત ગુનાહિત ઈતિહાસ હોવા છતાં શેખની નિમણૂકની યોગ્યતા પર સવાલ ઉઠાવતી અરજી પર સ્પષ્ટતા માંગી હતી. આ વર્ષની શરૂઆતમાં, શેખને ઈસ્લામિક કાયદા અને ન્યાયશાસ્ત્રના નિષ્ણાત તરીકે વક્ફ ટ્રિબ્યુનલના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમની નિમણૂક સામે વાંધો ઉઠાવતા, ત્રણ અરજદારો, જેઓ વકફના મુતવલ્લીસ (મેનેજર્સ) હોવાનો દાવો કરે છે, તેમણે તેમની પસંદગી પર પ્રશ્ન ઉઠાવ્યો અને કહ્યું કે કાયદા મુજબ દોષરહિત અખંડિત વ્યક્તિની પોસ્ટ પર નિમણૂક થવી જોઈએ. તેણે આક્ષેપ કર્યો હતો કે શેખ સામે ગેરવસૂલી અને બનાવટના આરોપમાં ત્રણ



એફઆઈઆર નોંધવામાં આવી હતી, તેમ છતાં તેના ગુનાહિત ઈતિહાસની સંપૂર્ણ જાણકારી હોવા છતાં રાજ્ય સરકારે તેની નિમણૂક કરી હતી. તેઓએ તેમને પદ પરથી હટાવવાની માંગ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની આગેવાની હેઠળની બેન્ચે રાજ્ય સરકાર અને શેખને પદ પરથી હટાવવા માટે કરવામાં આવેલી દલીલોનો જવાબ આપવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે પ્રશ્ન કર્યો કે શું રાજ્ય સરકાર નિમણૂક સમયે પેન્ડિંગ એફઆઈઆર વિશે જાણતી હતી. શેખના વકીલે અરજદારોની ઓળખ પર સવાલ ઉઠાવતા કહ્યું કે ત્રણેયને મુતવલ્લીના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે એફઆઈઆરને પણ પાયાવિહોણી ગણાવી હતી. આ વિષય પર વધુ સુનાવણી જૂનમાં થશે.

